CMYK

Website : www.rakhewaldaily.com Email : rakhewal@gmail.com

વર્ષ : ૩૪ ● અંક : ૧૨૮
તા.૧૩-૦૬-૨૦૧૮, બુધવાર
સંવત ૨૦૭૪ અધિક જેઠ વદ - ૧૪
પાના : ૮ ● કિંમત રૂા.૨-૦૦

સૂર્યોદય : ૦૫:૫૪ સૂર્યાસ્ત : ૦૭:૨૫

તાપમાન

| | | | |
|---|---|---|---|
| ડીસા | ૪૦.૪ | વડોદરા | ૩૯.૪ |
| અમદાવાદ | ૪૦.૬ | સુરત | ૩૫.૦ |
| ગાંધીનગર | ૪૦.૨ | નલિયા | ૩૫.૪ |

ચાંદી : ૪૦૫૦૦ સોનું : ૩૧૭૦૦

P.R.No. GBK/06/2018-20 RNI No 20508/71 Facebook.com/rakhewal

ઉત્તર ગુજરાતનું પ્રથમ દૈનિક

# રખેવાળ

સંવર્ધક તંત્રી : અમૃતભાઈ શેઠ પો.બો. નં. ૧, માનવ મંદિર - ડીસા, ફોન : ૨૨૦૨૬૪, ૨૨૨૭૬૪ ફેક્સ : (૦૨૭૪૪) ૨૨૦૬૮૪ પાલનપુર ફોન-૨૫૩૦૦૪, અમદાવાદ ફોન. ૨૬૪૦૭૧૪૭ જનસેવાની પરંપરાના ૭૩ વર્ષ...

# ભૈયુજી મહારાજે આપઘાત કરતા ખળભળાટ

**ભૈયુજી મહારાજની આત્મહત્યાથી સમર્થકોમાં આઘાતનું મોજુ : કઈ પરિસ્થિતિ હેઠળ આપઘાત કર્યો તેને લઇને ઉંડી ચકાસણી : પ્રથમ પત્નિના મોત બાદ ગયા વર્ષમાં જ બીજા લગ્ન કર્યા હતા : હાલમાં ખુબ ટેન્શનમાં હતા**

ઈન્દોર

જાણિતા આધ્યાત્મિક ગુરુ અને સામાજિક કાર્યકર ભૈયુજી મહારાજે આજે પોતાને ગોળી મારીને આપઘાત કરી લેતા ખળભળાટ મચી ગયો હતો. તેમના સમર્થકોમાં આઘાતનું મોજુ ફરી વળ્યું હતું. ભૈયુજી મહારાજે આપઘાત કેમ કર્યો તેને લઈને પ્રશ્નોની શરૂઆત થઈ ગઈ હતી. ભૈયુજીએ પોતે પોતાના માથામાં ગોળી મારી લીધી હતી. ભૈયુજી મહારાજની આત્મહત્યાને લઈને એક નોંધ પણ મળી આવી છે જેમાં જાણવા મળ્યું છે કે તેઓ ખુબ જ ટેન્શનમાં દેખાઈ રહ્યા હતા જેના કારણે તેઓએ આપઘાત કરી લીધો હતો. નોંધમાં અંગ્રેજીમાં લખવામાં આવ્યું છે કે,



કોઈને ત્યાં પરિવારની સંભાળ માટે હોવાની જરૂર છે જેથી જઈ રહ્યા છીએ. ખુબ જ ટેન્શનમાં અને પરેશાન હતા. પોલીસ મહાનિર્દેશક મકરંદ દેવસ્કરે કહ્યું છે કે, આપઘાતની નોંધ અને પિસ્તોલ કબજે કરી લેવામાં આવી છે. તમામ પાસાઓ ઉપર તપાસ ચાલી રહી છે. પરિવારના સભ્યોની પણ પુછપરછ કરવામાં આવશે. ડીઆઈજી હરિનારાયણચારી મિશ્રાએ કહ્યું છે કે, આપઘાતની નોંધ મળી આવી છે જેમાં માનસિક ટેન્શનનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. બીજી બાજુ આને લઈને રાજકીય રમત પણ શરૂ થઈ ચુકી છે. આપઘાત માટેનું કારણ જાણી શકાયું નથી. ભૈયુજી મહારાજે પોતાના માથામાં ગોળી મારી લીધા બાદ તેમને તરત જ ઈન્દોરની બોમ્બે હોસ્પિટલમાં દાખલ કરાયા હતા પરંતુ ત્યાં તેમને મૃત જાહેર કરાયા હતા. હોસ્પિટલની બહાર પણ મોટી સંખ્યામાં પોલીસ જવાનો તૈનાત કરવામાં આવ્યા હતા. તાજેતરમાં જ શિવરાજસિંહ સરકારે તેમને રાજ્યમંત્રીનો દરજ્જો આપ્યો હતો. જો કે, મધ્યપ્રદેશ સરકારના આ પ્રસ્તાવને તેઓએ સ્વીકાર્યો અનુસંધાન પાના નં.૬

## વિચાર વૈભવ...

### ચમેલી

એક માણસે નેવું વર્ષ સુધી હિટલર -શાહીથી પોતાના ઘરમાં શાસન ચલાવ્યું. મૃત્યુની અંતિમ પળોએ તેણે પોતાની પત્ની અને પુત્રને એક સીલબંધ કવર આપ્યું અને કહ્યું: 'આમાં એક અમૂલ્ય ખજાનાની ચાવી છે. મારા મરણ પછી આ કવરને ખોલજો અન ચાવીનો સદુપયોગ કરજો.'

એ નેવું વરસની ઉંમરના માણસના મૃત્યુ પછી તેના દીકરાએ પિતાએ આપેલ સીલબંધ કવરનું સીલ તોડ્યું. ત્યારે તેમાંથી એક ચિટ્ઠી નીકળી.

એ માણસે પૂર્ણ પશ્ચાત્તાપ સાથે વસિયતનામામાં પાંચ વાતો લખી હતી, જે આ પ્રમાણે હતી.

(૧) માન મેળવવા માટે રૂઆબ ન દેખાડશો. માન વસૂલાતનો નહીં, પણ રળવાનો વિષય છે. અક્કડ બનવા કરતાં ફક્કડ બનવાનું પસંદ કરજો.

(૨) મેં અહંકારથી મારા દિમાગને નરક બનાવ્યું છે. તમે નમ્રતાથી તમારા દિમાગને સ્વર્ગ બનાવજો.

(૩) જીવનમાં શત્રુઓ ઘટાડજો અને મિત્રો બનાવજો. ડાઘુઓ પણ કચવાતે મને તમારી નનામી ઊંચકે એવું જીવન અને મોત તમારી હાર છે.

(૪) કોઈના નગુણાપણાને યાદ કરી તેના પ્રત્યે વેરવૃત્તિ દાખવશો નહીં.

(૫) જગતને તમારા વખાણ સાંભળવામાં રસ નથી, પોતાનાં વખાણ સાંભળવામાં રસ છે. લોકો તમારા મૃત્યુની રાહ જુએ એવા ઘમંડી, નિર્દય અને આત્મકેન્દ્રી બનશો નહીં.

- પં.રાજહંસવિજયજી ગણિ

# ટ્રમ્પ અને કિમ જોંગ વચ્ચે સફળ મંત્રણા : યુદ્ધના ખતરાનો અંત

**સૈન્ટોસા દ્વિપની હોટેલ કપૈલામાં સિમાચિન્હરૂપી મંત્રણા**

**અમેરિકાએ ઉત્તર કોરિયાની સુરક્ષાની ગેરંટી લીધી જ્યારે કિમ પૂર્ણ પરમાણુ નિશસ્ત્રીકરણ માટે સહમત**

સિંગાપોર

અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ અને ઉત્તર કોરિયાના નેતા કિમ જોંગ ઉન વચ્ચે આજે ભારે સસ્પેન્સ અને અનેક પ્રકારની અટકળોની સ્થિતી વચ્ચે ઐતિહાસિક શિખર બેઠક યોજાઈ હતી. આની સાથે જ આ બેઠક થશે કે કેમ તેને લઈને ચાલી રહેલી તમામ અટકળોનો અંત આવી ગયો હતો. શિખર બેઠક અપેક્ષા કરતા પણ વધારે



ફળદાયી રહી હતી. બંને વચ્ચેની બેઠક પરિપૂર્ણ થઈ ચુકી છે. બંને નેતાઓએ એક દસ્તાવેજ ઉપર પણ હસ્તાક્ષર કર્યા છે. એકબાજુ અમેરિકાએ ઉત્તર કોરિયાની સુરક્ષાની ગેરંટી લીધી છે. બીજી બાજુ કિમે પૂર્ણ પરમાણુ નિશસ્ત્રીકરણને લઈને સહમતિ દર્શાવી છે. ટ્રમ્પે પણ ટૂંકમાં જ આ પ્રક્રિયા શરૂ થવાની વાત કરી છે. ઘણા વર્ષોથી કોરિયન દ્વિપના આ વિવાદના કારણે અનુસંધાન પાના નં.૬

# હવે લગ્ન પ્રસંગો માટે એકદમ સસ્તા દરે સરકારી બસની સેવા મળશે : રૂપાણી

અમદાવાદ

મુખ્યમંત્રી વિજય રૂપાણીએ ગુજરાતમાં રાજય સરકારની માર્ગ પરિવહન સેવાઓમાં નફો રે નૂકશાન નહિ, પ્રજાજનોની સુવિધાઓ સગવડતાનો કેન્દ્રવર્તી ધ્યેય રાખ્યો છે તેમ સ્પષ્ટ પણે જાહેર કર્યુ છે. આ સંદર્ભમાં તેમણે કહ્યું કે, રાજયના સામાન્ય મુસાફરને પણ સલામતીનો વિશ્વાસ અહેસાસ એસ.ટી. નિગમની બસોમાં થાય છે મુખ્યમંત્રીએ પ્રજાવર્ગોના આ વિશ્વાસ ભરોસાને વ્યાપક સ્તરે બળવત્તર બનાવતાં મહત્વપૂર્ણ જાહેરાતો કરી હતી. તેમણે ઉમેર્યુ કે, નાગરિકો પ્રજાજનોને લગ્ન સારામાં ખાનગી ટ્રાવેલ્સના વિકલ્પરૂપે સલામત-સ્તર અને સસ્તી બસ સેવા રાજય સરકાર ઉલબ્ધ કરાવવા પ્રતિબધ્ધ છે. મુખ્યમંત્રીએ આ અંગેની પ્રજાલક્ષી જાહેરાત કરતા જણાવ્યું કે, લગ્ન પ્રસંગ માટે એસ.ટી.નો લાભ વધુ મળે તે માટે ૨૦ કિ.મી. સુધી આવન-જાવન માટે માત્ર રૂ. ૧૨૦૦ તેમજ એક ફેરો હોય તો રૂ.૭૦૦ ના નજીવા દરે સેવા અપાશે. એટલુ જ નહિં ૪૦ કિ.મી સુધી આવવા-જવાના ફેરા માટે રૂ.૨૦૦૦ અને એક ફેરા માટે રૂ.૧૫૦૦ ચુકવવાના રહેશે તથા ૯૦ કિ.મી. સુધી ઉપયોગ કરનારે આવન-જવાના ફેરા માટે ત્રણ હજાર અને એક ફેરા માટે રૂ.૧૫૦૦ ચુકવવાના રહેશે. મુખ્યમંત્રી આજે, રાણીપ ખાતે એસ.ટી. નિગમ દ્વારા પી.પી.પી. પ્રોજેકટ હેઠળ નિર્માણ થયેલી નવીન મધ્યસ્થ કચેરીને ખુલ્લી મૂકી હતી. સાથે સાથે અત્યાધુનિક કંટ્રોલ એન્ડ કમાન્ડ, સેન્ટરનું લોકર્પાણ તેમણે કર્યુ હતું. નરોડા એસ.ટી. વર્કશોપ ખાતે મધ્યસ્થ યંત્રાલયનું નિર્દશન ઉપરાંત સેન્ટ્રલ મોર્ટસ વ્હીકલ રૂલ્સ અને બસ બોડી કોડ મુજબની એઆઈએસ:૦૫૨ સર્ટીફાઈડ સુપર એકસપ્રેસ બસને તથા રેડ-મીડી બસને ફલેગ ઓફ કરાવ્યું હતું. તેમણે નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલની પ્રેરક ઉપસ્થિતિમાં યોજાયેલા આ સમારોહ મેટ્રોલીંક બસ રૂટનો પણ પ્રારંભ કરાવ્યો હતો. કમાન્ડ એન્ડ કંન્ટ્રોલ સેન્ટર નો ઉલ્લેખ કરી મુખ્યમંત્રીએ જણાવ્યું હતુ કે, મુસાફરો સમયસર ગંતવ્ય સ્થળે અનુસંધાન પાના નં.૬

# ડીસા સહિત રાજયભરમાં વાદળછાયા વાતાવરણ વચ્ચે ગરમીનો પારો ઘટયો : ઉકળાટ વધ્યો

અમદાવાદ

અમદાવાદમાં ગરમીનું પ્રમાણ હજુ પણ ઘટી રહ્યું નથી. પારો આજે પણ ૪૧.૩ સુધી રહ્યો હતો. હળવા વરસાદી ઝાપટાની આગાહી તંત્ર દ્વારા અકબંધ રાખવામાં આવી છે. આંશિક વાદળછાયુ વાતાવરણ વચ્ચે આવતીકાલે પારો અમદાવાદમાં ૪૧ની આસપાસ રહે તેવી શક્યતા છે. સામાન્ય રીતે દર વર્ષે ૧૫મી જૂનની આસપાસ ગુજરાતમાં ચોમાસાની શરૂઆત થાય છે પરંતુ આ વર્ષે કેરળની જેમ જ દેશના અન્ય ભાગોમાં પણ વહેલીતકે મોનસૂનની એન્ટ્રી થઈ રહી છે. ગરમીના પ્રમાણ વચ્ચે તંત્ર દ્વારા વિવિધ પગલાં લેવામાં આવ્યા હોવા છતાં પાણીજન્ય અને મચ્છરજન્ય રોગના કેસ પણ વધ્યા છે. આજે અમદાવાદમાં મહત્તમ તાપમાન વધીને ૪૧.૩ ડિગ્રી થયું હોવા છતાં બપોરના ગાળામાં લોકો ત્રાહિમામ પોકારી ગયા હતા. તીવ્ર ગરમીનો અનુભવ બપોરના ગાળામાં લોકોએ કર્યો હતો. અમદાવાદમાં બપોરના ગાળામાં ભરચક રહેતા વિસ્તારો પણ સુમસામ દેખાતા હતા. લોકોએ બપોરના ગાળામાં બહાર નિકળવાનું ટાળ્યું હતું. તબીબો પણ વધુ પ્રમાણમાં પાણીનો ઉપયોગ કરવાની સલાહ આપી રહ્યા છે. રસ્તાઓ ગરમીના કારણે અનુસંધાન પાના નં.૬

## સાર સમાચાર...

### જમ્મુ કાશ્મીર : સુરક્ષા દળો ઉપર બે જગ્યાએ ત્રાસવાદી હુમલા

શ્રીનગર

જમ્મુ કાશ્મીરમાં આજે સવારે સુરક્ષા દળોને ટાર્ગેટ બનાવીને ત્રાસવાદીઓ દ્વારા હુમલો કરવામાં આવ્યો હતો. આ હુમલામાં બે પોલીસ જવાન શહીદ થયા છે અને સીઆરપીએફના ૧૦ જવાન ઘાયલ થયા છે. પુલવામાં અને અનંતનાગમાં હુમલા કરવામાં આવ્યા હતા. પુલવામામાં કોર્ટ સંકુળની નજીક તૈનાત જમ્મુ કાશ્મીર પોલીસની એક ટીમને ટાર્ગેટ બનાવીને હુમલો કરવામાં આવ્યો હતો. અનંતનાગમાં પણ ત્રાસવાદીઓ દ્વારા સીઆરપીએફની ટીમ પર ગ્રેનેડ હુમલો કર્યો હતો. ગ્રેનેડ હુમલામાં સીઆરપીએફના દસ જવાનો ઘાયલ થયા હતા. પુલવામામાં જમ્મુ કાશ્મીર પોલીસ દળ પર કરવામાં આવેલા હુમલામાં બે પોલીસ જવાનો શહીદ થયા હતા. બંને તરફથી જોરદાર ગોળીબાર કરવામાં આવ્યો હતો. હુમલો કરવામાં આવ્યા બાદ તરત જ વિસ્તારમાં રહેતા લોકોને સુરક્ષિત ખસેડી દેવામાં આવ્યા હતા.

**માર્કિંગમાં અનેક જગ્યાએ બિલ્ડરોને બચાવવાની નીતિ : ગરીબો પર બુલડોઝર ફરશે**

# લડબી નદીમાં રી-સર્વે બાદ જમીન દફતર કચેરી દ્વારા દબાણો પર માર્કિંગ કરાયું

**પાલનપુર નગરપાલિકાની ચૂંટણી કાંટાળો તાજ કોને શીરે લડબી બાબતે પ્રમુખ માટે આગામી સમયમાં કપરાં ચઢાણ**

પાલનપુર

પાલનપુરના મધ્ય ભાગમાંથી પસાર થતી નવાબી કાળની લડબી માટે નગરજનોએ આદરેલા અભિયાન નું હવે પરિણામ દેખાઈ રહ્યું છે જિલ્લા કલેક્ટરના કડક આદેશ બાદ લડબી નદીના ફરીથી રિ સર્વે કરાયો અને જમીન દફતર કચેરી દ્વારા લડબી નદીમાં જે દબાણો હતા તેમના પર માંર્કિંગ કરાયા હતા.

પાલનપુરની લડબી નદીના



(સંજય જોષી)

જન આક્રોશને જોઈને વહીવટી તંત્ર અને સરકાર હચમચી ઉઠી હતી બિલ્ડરોને ભૂ માફિયાઓ દ્વારા જે પ્રકારે લડબી નદીના પટ્ટમાં દબાણ કરાયા હતા તેને લીધે લડબીનું વહેણ રોકાયું હતું અને છેલ્લા કેટલાય વર્ષોથી પાલનપુરના નગરજનો પીડાઈ રહ્યા હતા ચોમાસામાં જાનમાલનું નુકશાન વેઠી રહ્યા હતા. જમીન દફતર કચેરી અને નગરપાલિકાની સંયુકત ભૂલનું પરિણામ પાલનપુરના નગરજનો અને સરકાર પણ ભોગવી ચૂકી છે સરકાર દ્વારા પણ લડબીના પીડિતોને કરોડો રૂપિયાની સહાય ચૂકવાઈ હતી ત્યારે હવે વહીવટી તંત્ર અને સરકાર જાગી છે અને લડબી નદી પરના દબાણો દૂર કરવા માટે આજે દબાણ ઉપર માંર્કિંગ કરવાની પ્રક્રિયા હાથ ધરાઈ હતી. જો કે અનેક જગ્યાએ જમીન દફતર કચેરીએ માંર્કિંગમાં છબરડા વાળ્યા છે ક્યાંકને ક્યાંક બિલ્ડરોને બચાવવાના પ્રયત્નો થયા છે ત્યારે પાલનપુર શહેરમાં જ્યાં લડબી નદી જવાનું ઉદભવ સ્થાન છે તે મંડોરા નર્સરીની સામે જ નેશનલ હાઈવે ઓથોરિટીની જગ્યા અને નવાબી કાળમાં નાળુ બિલ્ડર દ્વારા પૂરી દેવામાં આવ્યું કે કરનાળીનું રહેલ અટકાવી દેવામાં આવ્યું છે જે ગંભીર અનુસંધાન પાના નં.૬

# આજે ભુજમાં પડછાયો ગાયબ થઈ જશે

**આજે ૧૩ જુને બપોરે ૧૨.૫૧ મિનિટે ભુજમાં જમીન ઉપર સીધી ઉભેલી વસ્તુઓનો પડછાયો ગાયબ થઈ જશે**

ભૂજ

આ ખગોળીય ચમત્કૃતિ સુર્યના બરોબર માથે આવવાના કારણે થાય છે. સામાન્ય રીતે આપણે એવું માનીએ છીએ કે દરરોજ બપોરે ૧૨ વાગ્યે સુર્ય માથે આવે છે, પરંતુ તે સાવ સાચું નથી. આ બાબતે માહિતી આપતાં કચ્છ એસ્ટ્રોનોમી ક્લબના પ્રમુખ નરેન્દ્ર ગોર જણાવે છે કે પૃથ્વીની ધરી સાડા ત્રેવીસ અંશ નમેલી હોવાના કારણે વર્ષ દરમિયાન સુર્યની ગતિ પૃથ્વી ઉપરના કર્ક વૃત અને મકર વૃત વચ્ચે રહે છે. દિવસોની વધઘટ તથા ઋતુઓમાં બદલાવ પણ આ કારણે જ થાય છે. કચ્છમાં કર્ક વૃત પસાર થતો હોઈ સુર્ય જ્યારે કર્ક વૃત ઉપર આવે છે ત્યારે પૃથ્વીના ઉત્તર ગોળાર્ધમાં લાંબામાં લાંબો દિવસ અને ટુંકામાં ટુંકી રાત્રીની ઘટના બને છે. તે પહેલાં જે દિવસે સુર્ય માથા ઉપર આવશે તેવા સ્થળોએ તે દિવસે સ્થાનિક મધ્યાહ્ને એક મિનિટ માટે પડછાયો ગાયબ થઈ જશે. ભુજમાં ૧૩મી જુનના બપોરે ૧૨.૫૧ કલાકે, નલિયા, ભચાઉ ૧૪ જુનના જ્યારે નખત્રાણામાં ૧૬ જુનના આ ઘટના બનશે.

આ ઘટનાનું નિરિક્ષણ કરવા સ્થાનિક મધ્યાહ્ને ટટ્ટાર ઉભી રહેલ વ્યક્તિ, વિજળીના કે વોલીબોલ ના થાંભલા કે ઉંચી સીધી દિવાલના પડછાયા જે તે વસ્તુ ઉપર જ પડતા હોવાથી પડછાયો જમીન ઉપર દેખાતો નથી. ખગોળીય ઘટનાઓ દ્વારા આ ક્ષેત્રના જાણકારો, શિક્ષકો વિધ્યાર્થીઓને પૃથ્વીનું પરિભ્રમણ, અક્ષાંસ, રેખાંશ, ઋતુઓ વગેરે બાબતની જાણકારી આપી તેમના જ્ઞાનમાં વધારો કરે તેવી અપીલ કરવામાં આવી છે.

**પાલનપુર કલેકટર કચેરી સામે પાટીદારોએ ધરણાં યોજ્યા**

# લોકસભાની ચૂંટણીમાં સરકાર ગંભીર પરિણામ ભોગવવા તૈયાર રહે : લાલજી પટેલ

**ગઢ પોલીસ ફાયરિંગમાં મૃત્યુ પામેલા યુવકોના પરિવારને ન્યાય નહી મળે તો ઉગ્ર આંદોલનની ચિમકી**

પાલનપુર

પાલનપુર તાલુકાના ગઢ ગામે પાટીદાર અનામત આંદોલન દરમિયાન પોલીસ ફાયરિંગમાં બે યુવકોના મોત નિપજ્યા હતા. જેમાં પોલીસ અધિકારી સામે એફઆરઆઈ નોંધવામાં આવી હતી. જો કે, હજુ સુધી કોઈ કાર્યવાહી થઈ નથી. બીજી તરફ પાટીદારો સામે થયેલા કેસો પણ પરત ખેંચવામાં આવ્યા નથી. જેને લઈ ગઢના પાટીદાર સમાજના લોકોએ મૃતકના પરિવારને ન્યાય અપાવવા માટે મંગળવારથી કલેકટર કચેરી ખાતે ધરણાં યોજ્યા હતા. જ્યાં પાટીદાર સમાજના



(સંજય જોષી)

અગ્રણીઓએ જો ન્યાય નહી મળે તો આગામી સમયમાં ઉગ્ર આંદોલન સાથે લોકસભાની ચૂંટણીમાં ગંભીર પરિણામ ભોગવવા માટે તૈયાર રહેવા ચિમકી ઉચ્ચારી છે. પાટીદાર સમાજના અનામત આંદોલન અનુસંધાન પાના નં.૬

## પાટીદારોની પાંખી હાજરી

પાલનપુર ખાતે વગર મંજુરીએ યોજાયેલા ધરણાંમાં પાટીદારોની પાંખી હાજરી જોવા મળી હતી. પાલનપુરના સ્થાનિક પાટીદાર ધારાસભ્ય મહેશ પટેલની ગેરહાજરી પણ ચર્ચાની એરણે ચડી હતી. જયારે ધરણાં સ્થળે દિનેશ બામણિયા સહિતના અગ્રણીઓને વાણી વિલાસ કરી સમાજની એકતા અને મોરલ તોડવા સામે લોકોએ આડે હાથ લીધા હોવાનો ચણભણાટ પણ જોવા મળ્યો હતો.

## ગતકડું....

- દેવન વ્યાસ



દેશનું કાળુ નાણું પકડાય તો જ આપણે રૂપાળા થઈએ....!!!

પરિવાર
ઓર્થોપેડીક હોસ્પિટલ - ડીસા
ડૉ.રમેશ આઈ.પટેલ (ચૌધરી)
ડીસા, મો.૯૦૩૩૯૨૫૪૪૦

૧૦-૧૫ વર્ષથી સંતાન નથી ?
હવે... મુંબઇ-અમદાવાદ જેવી સારવાર ડીસામા...
ઉત્તર ગુજરાતનું પહેલું તથા એક માત્ર...
સીટી જેમ આઇ.વી.એફ. સેન્ટર
+ ટેસ્ટ ટયુબ બેબી સેન્ટર +
ડૉ. સંજય ગાંધી આઇ.વી.એફ.સ્પેશ્યાલીસ્ટ
સ્ત્રીને નસ બંધ હોય પુરૂષને શુક્રાણું ઓછા હોય
આરતી હોસ્પિટલ - ડીસા (બનાસકાંઠા)
ફોન : (૦૨૭૪૪)૨૨૦૪૫૭ મો.૯૮૨૪૦૧૪૫૦૨

શું તમે નીચેની બિમારીઓથી પરેશાન છો ?
• માથાનો દુ:ખાવો • યાદશક્તી ઓછી થવી
• ખેંચ-વાઇ • હાથપગની ધ્રુજારી
• લકવો-પક્ષાઘાત • નસોની નબળાઇ
• મગજનો ટીબી • હાથપગમાં ઝણઝણાટી
• ચક્કર • સાયેટીકા
• ગરદન અને કમરના મણકાની તકલીફો
ડૉ.વિશાલ જોગી (D.M.Neurology) ન્યુરોફિઝીશીયન
અમદાવાદના મગજ અને ચેતાતંતુના નિષ્ણાંત ડોકટર
દર શુક્રવારે મળશે.
રાજસ્થાન હોસ્પિટલ
ડૉ.કલ્પેશ તલાટીની બાજુમાં, ગાયત્રી લેબોરેટરીની સામે, ગાયત્રી મંદિરની સામે, ડીસા. ફોન : ૦૨૭૪૪-૨૨૫૬૨૦

**સૂર્યોદય - ૫.૫૪ સૂર્યાસ્ત - ૭.૧૫**

## તિથિદર્શન
જેઠ વદ-૦)) બુધવાર ૨૦૭૪




વિક્રમ સંવત : ૨૦૭૪, શા.શકે-૧૯૩૯, નામ સંવત્સર :હેમલંબી નામ વીર જૈન સંવત ૨૫૪૪ જેઠ વદ : અમાવસ બુધવાર નક્ષત્ર:રોહીણી સાંજે ૪.૩૫ પછી મૃગશીર્ષ યોગ :ધૃતી કરણ:ચતુષ્પાદ આજે જન્મેલા બાળકની રાશી વૃષભ (બ.વ.ઉ.) રાત્રે ૩.૨૪ પછી મિથુન (ક.છ.ઘ.)અક્ષરો ઉપર પાડવું શાસ્ત્રોકત છે. - **જયોતીષી બંસીલાલ એચ.લોધા**

## આપની આજ
- કનકચંદ્ર છગનલાલ વ્યાસ

**મેષ : (અ.લ.ઈ.)માંગલિક કાર્યમાં સફળતા મળે. ધાર્મિક કાર્યમાં મન પરોવાય.**
**વૃષભ : (બ.વ.ઉ.)કૌટુંબિક સમસ્યા હળવી બને. અણધારી લાભની તક સાંપડે.**
**મિથુન : (ક.છ.ઘ.)મનમાં અશાંતિ અનુભવાય. વ્યર્થ દોડા-દોડી રહે.**
**કર્ક : (ડ.હ.) ગૃહવિવાદ થાય. નાણાંકીય લેવડ-દેવડમાં સંભાળવું.**
**સિંહ : (મ.ટ.)કાર્યબોજ હળવો બને. મનની મુરાદ બર આવે.**
**કન્યા : (પ.ઠ.ણ.)મુસાફરીનું આયોજન સફળ થાય. લાભની તક સાંપડે**
**તુલા : (ર.ત.)મનમાં પ્રફુલિતતા રહે. આર્થિક લાભ થાય.**
**વૃશ્ચિક : (ન.ય.)પ્રિય પાત્રથી મિલન-મુલાકાત થાય. ખાવા-પીવામાં કાળજી રાખવી.**
**ધન : (ભ.ફ.ધ.) મનમાં ચંચળતા રહે. નવિન શુભ સમાચાર મળે.**
**મકર : (ખ.જ.)કૌટુંબિક જવાબદારીમાં વધારો થાય. ધીરજ રાખવી હિતાવહ.**
**કુંભ : (ગ.શ.સ.) આનંદમય દિવસ પસાર થાય. મનમાં પ્રસન્નતા અનુભવાય..**
**મીન : (દ.ચ.જ.થ.)આવક- જાવક સરભર રહે. ક્રોધ પર કાબુ રાખવો.**

## ચિંતન
- સુરેશ પ્રા.ભટ્ટ

ભાવમિચ્છતિ સર્વસ્વ ના ભાવે કુહતે મનઃ
સત્યવાદી મૃહર્યાન્તો યા સ ઉત્તમ પુરૂષઃ

'જે સર્વનું કલ્યાણ- ભલું- હિત ઈચ્છે છે અને કોઈનું પણ અકલ્યાણ- બૂરું થાય એવીભાવના કે કલ્પના સરખી પણ કરતા નથી, જે સત્ય જ બોલે છે અને સર્વ પ્રત્યે પ્રેમભાવ- લાગણી દયાભાવ રાખે છે અને પોતાની ઈન્દ્રિયો પર કાબૂ મેળવી સંયમપૂર્વક રહે છે તે જ ઉત્તમ પુરુષ છે.'

આ જગતમાં બીજાનું કલ્યાણ- ભલું થતું હોય તો જાતે ઘસાઈને પણ બીજાને મદદ કરવા તત્પર હોય એવા બહુ જ ઓછા લોકો છેજે કોઈ મદદ કરે છે તેમને પોતાનો કંઈક ને કંઈક તો નીચું દેખાડવાની ભાવના કે છેવટે ઈન્કમટેક્ષથી બચવા, જ દાન- પુણ્ય કે બીજાને મદદ કરવાની વૃત્તિ રાખતા હોય છે. નિઃસ્વાર્થ, લાગણીપૂર્વક દિન લોકોની મદદ કરવી જોઈએ, એ ઉત્તમ પુરુષ છે.

જેમનું જીવન 'સત્ય' ના પંથે છે તે ક્યારે પણ કોઈનું અનિષ્ટ કરી કે વિચારી નથી શકતા, કોઈને અન્યાય કરી કોઈનું હ્રદય પણ દુભાવતાં કરી પ્રેમ આપે, લાગણી અને વાત્સલ્ય વરસાવે , એ ઉત્તમ પુરુષ છે.

પંચેન્દ્રિયો પર પોતાનો કાબૂ હોય એ માનવી શ્રેષ્ઠ છે. જીવનમાં અપકૃત્યની તક મળે ને લપસી પડે, ખાવા- પીવાના સ્વાદની જાળમાં ફસાઈ પડે, જર- જમીન- જોરુની ઝંઝાળમાં લપેટાય એ કનિષ્ઠ છે.

## આજનો દિન મહાન
- યશવંત કડીકર

હિંદી ક્રાંતિકારીઓના એક વખતના અગ્રણી અને જાણીતા ક્રાન્તિવીર વિનાયક સાવરકરના મોટાભાઈ શ્રી ગણેશ (ઉર્ફે બાબાસાહેબ) દામોદર સાવરકરની જન્મતિથિ છે.

એમનો જન્મ ૧૩/૬/૧૮૭૯ના રોજ થયો હતો.

નિર્ભય અને ખુમારીવાળા આ ક્રાંતીકારી વીરનો જન્મ નાસિક જિલ્લાના ભાંગૂર ગામમાં થયો હતો.

જીવનભર ભારતમાતાની મુક્તિ માટે ઝઝૂમવાર અને જેલને મહેલ ગણી હસતે મુખે કાળા પાણીની સજા ભોગવનાર આ અનન્ય રાષ્ટ્રપુરુષ તા.૧૬/૩/૧૯૪ના રોજ અવસાન પામ્યાં.

**તંત્રી, મુદ્રક, પ્રકાશક, માલિક - તરૂણ એ. શેઠ**
**માનવમંદિર, ડીસા.** ફોન : ૨૨૦૨૬૪/ ૨૨૨૭૬૪
મુદ્રક : રખેવાળ પ્રિન્ટીંગ પ્રેસ, માનવ મંદિર, ડીસા
**અમદાવાદ ઓફીસ :-** ૧૦૩, અશ્વમેઘ એવન્યુ, મીઠાખળી ફોન ૨૬૪૦૭૧૪૭,મો.૯૪૨૯૧ ૨૨૧૦૫,
**પાલનપુર ઓફીસઃ-** ૧૧૭, એરોમા આર્કેડ, જીલ્લા પંચાયત સામે, ફોન- ૨૫૩૦૦૪ મો.૯૪૨૬૯૪૮૫૪૬

**'રખેવાળ' દૈનિકમાં પ્રસિદ્ધ થતા તમામ સમાચાર, લેખો અથવા પ્રસિદ્ધ થતી કોઈપણ માહિતી કોઈપણ જાતના પૂર્વગ્રહ અથવા દ્વેષભાવ વગર માત્ર જનજાગૃતિના ઉદ્દેશ્યથી પ્રસિદ્ધ કરવામાં આવે છે. તેમ છતાં પ્રસિદ્ધ થયેલ માહિતી કે સમાચાર માટે કોઈને પણ ફરીયાદ હોય તો તે બાબતે આધાર-પુરાવા સાથે ડીસા કાર્યાલયનો સંપર્ક કરવો વાદવિવાદ, કે કાનુની પ્રક્રિયા માટેનું ન્યાયક્ષેત્ર ડીસા રહેશે.**




### તા. ૧૩.૦૬.૨૦૧૮ ના રોજ સ્ટોક માર્કેટ ટ્રેડીંગ સંદર્ભે...

**નિફ્ટી ફ્યુચર ૧૦૮૦૮ પોઈન્ટ મહત્વની સપાટી ....!!!**

**તા. ૧૨.૦૬.૨૦૧૮ ના રોજ નિફટી ફ્યુચર બંધ ભાવ જ ૧૦૮૪૭ પોઈન્ટ :- આગામી સંભવિત નિફ્ટી ફ્યુચર ૧૦૮૦૮ પોઈન્ટના પ્રથમ અને ૧૦૭૮૮ પોઈન્ટના અતિ મહત્વના સ્ટ્રોંગ સ્ટોપલોસે ટ્રેડીગ સંદર્ભે ૧૦૮૬૨ પોઈન્ટ થી ૧૦૮૭૮ પોઈન્ટ, ૧૦૮૮૮ પોઈન્ટની અતિ મહત્વની સપાટીને સ્પર્શી શકે તેવી સંભાવના ધરાવે છે. નિફ્ટી ફ્યુચરમાં ૧૦૮૮૮ પોઈન્ટ આસપાસ સાવધાનીપૂર્વક પોઝિશન બનાવવી....!!!**

**તા. ૧૨.૦૬.૨૦૧૮ ના રોજ બેન્ક નિફ્ટી ફ્યુચર બંધ ભાવ જ ૨૬૬૩૬ પોઈન્ટ :- આગામી સંભવિત બેન્ક નિફ્ટી ફ્યુચર ૨૬૫૭૭ પોઈન્ટના પ્રથમ અને ૨૬૫૩૦ પોઈન્ટના અતિ મહત્વના સ્ટ્રોંગ સ્ટોપલોસે ટ્રેડીગ સંદર્ભે ૨૬૬૬૦ પોઈન્ટ થી ૨૬૬૮૬ પોઈન્ટ, ૨૬૭૦૭ પોઈન્ટ ની અતિ મહત્વની સપાટીને સ્પર્શી શકે તેવી સંભાવના ધરાવે છે. ૨૬૭૦૭ પોઈન્ટ આસપાસ સાવધાનીપૂર્વક પોઝિશન બનાવવી....!!!**

### હવે જોઈએ અંગત અભિપ્રાયરૂપી ફ્યુચર સ્ટોક...

**ડો. રેડી (૨૧૯૩) :- ફાર્મા ગ્રુપ ની અગ્રણી આ કંપનીના શેરનો ભાવ હાલમાં રૂ.૨૧૬૦ આસપાસ પ્રવર્તી રહ્યો છે. રૂ.૨૧૪૭ ના સ્ટોપલોસથી ખરીદવાલાયક આ સ્ટોક ટૂંકા સમયગાળે રૂ.૨૨૦૯ થી રૂ.૨૨૧૨ નો ભાવ નોંધાવે તેવી શક્યતા છે....!! રૂ.૨૨૨૨ ઉપર તેજી તરફી ધ્યાન...!!!**

**HDFC લિમિટેડ (૧૮૫૧) :- ટેકનીકલ ચાર્ટ મુજબ રૂ.૧૮૩૩ આસપાસ પોઝીટીવ બ્રેકઆઉટ..!!! રૂ.૧૮૧૮ ના સપોર્ટથી ખરીદવાલાયક આ સ્ટોક રૂ.૧૮૬૩ થી રૂ.૧૮૭૦ નો ભાવ નોંધાવે તેવી સંભાવના છે...!!!**

**ઇન્ડીગો (૧૧૯૫) :- રૂ.૧૧૭૬ નો પ્રથમ તેમજ રૂ.૧૧૬૦ ના બીજા સપોર્ટથી એરલાઇન્સ સેક્ટરનો રોકાણલક્ષી આ સ્ટોક રૂ.૧૨૦૬ થી રૂ.૧૨૧૨ સુધીની તેજી તરફી રુખ નોધાવશે....!!!**

**ડિવિસ લેબ (૧૦૭૦) :- ફાર્મા સેક્ટર નો આ સ્ટોક ટૂંકા ગાળે ટ્રેડીગલક્ષી રૂ.૧૦૮૩ થી રૂ.૧૦૯૦ ના ભાવની સંભાવના ધરાવે છે.!! અંદાજીત રૂ.૧૦૫૭ નો સ્ટોપલોસ ધ્યાને લેવો....!!!**

**HCL ટેક્નોલોજી (૯૧૯) :- રૂ.૦૨ ની ફેસવેલ્યુ ધરાવતા ફન્ડામેન્ટલ સ્ટ્રોંગ આ સ્ટોક રૂ.૮૯૮ ના સ્ટોપલોસ આસપાસ ખરીદવાલાયક ટેક્નોલોજી સેક્ટર ના આ સ્ટોકમાં તેજી તરફી રૂ.૯૨૭ થી રૂ.૯૩૩ આસપાસ નફાલક્ષી ધ્યાન ઉત્તમ....!!!**

**એશિયન પેઈન્ટ (૧૨૮૨) :- ટેકનીકલ ચાર્ટ મુજબ પેઈન્ટ સેક્ટર નો આ સ્ટોક રૂ.૧૩૦૩ આસપાસ નફારૂપી વેચવાલી થકી રૂ.૧૨૭૦ થી રૂ.૧૨૫૭ ના ટાર્ગેટ ભાવની શક્યતા ધરાવે છે. ટ્રેડીગલક્ષી રૂ.૧૩૧૩ નો સ્ટોપલોસ ધ્યાને લેવો....!!!**

**અજંતા ફાર્મા (૧૦૨૨) :- રૂ.૧૦૪૪ આસપાસ ઓવરબોટ પોઝીશન નોંધાવતા આ સ્ટોક રૂ.૧૦૫૨ ના સ્ટોપલોસે વેચવાલાયક....!! તબક્કાવાર રૂ.૧૦૧૩ થી રૂ.૧૦૦૬ નો ભાવ દર્શાવે તેવી સંભાવના છે....!! રૂ.૧૦૬૦ ઉપર તેજી તરફી ધ્યાને લેશો....!!!**

**ઓરબિન્દો ફાર્મા (૫૯૬) :- ફાર્મા સેકટરનો આ સ્ટોક છેતરામણા ઉછાળે રૂ.૬૧૨ ના સ્ટોપલોસથી વેચાણલાયક...!! પ્રત્યાઘાતી ઘટાડે રૂ.૫૮૮ થી રૂ.૫૮૦ ના ભાવની સપાટી આસપાસ નફો બુક કરવો....!!!**

**ગ્લેનમાર્ક ફાર્મા (૫૯૧) :- ટેકનીકલ ચાર્ટ મુજબ ફાર્મા સેક્ટરનો આ સ્ટોક રૂ.૬૦૬ આસપાસ નફારૂપી વેચવાલી થકી રૂ.૫૭૭ થી રૂ.૫૭૦ ના ટાર્ગેટ ભાવની શક્યતા ધરાવે છે. ટ્રેડીગલક્ષી રૂ.૬૧૬ નો સ્ટોપલોસ ધ્યાને લેવો....!!!**

**રિલાયન્સ કેપિટલ (૪૨૬) :- રૂ.૪૪૭ આસપાસ ઓવરબોટ પોઝીશન નોંધાવતા આ સ્ટોક રૂ.૪૫૪ ના સ્ટોપલોસે વેચવાલાયક આ સ્ટોક તબક્કાવાર રૂ.૪૧૭ થી રૂ.૪૦૪ નો ભાવ દર્શાવે તેવી સંભાવના છે....!!! રૂ.૪૬૦ ઉપર તેજી તરફી ધ્યાને લેશો...!!!**

ખાસ નોંધ : - ડિસ્ક્લેમર / પોલીસી / શરતો www.nikhilbhatt.in ને આધીન...!!!

# ધાનેરામાં માનવ સેવા સંગઠન દ્વારા રાહતદરે ચોપડા વિતરણ




તા.પ્રતિનિધિ ધાનેરા

ધાનેરામાં માનવ સેવા સંગઠન દ્વારા રાહતદરે ચોપડા વિતરણ કરવામાં આવ્યું હતું

ધાનેરામાં છેલ્લા ૫ વર્ષથી વિવિધ સેવાકીય પ્રવૃત્તિઓ કરનારા માનવ સેવા સંગઠન દ્વારા જરૂરિયાતમંદ વિદ્યાર્થીઓને અભ્યાસ માટે જરુરી ચોપડાઓ બજાર ભાવ કરતા ઓછા ભાવે મળી રહે તે આશયથી છેલ્લા ૪ વર્ષથી રાહતદરે ચોપડા વિતરણ કરવામાં આવે છે. જેમાં સંસ્થા દ્વારા દર વર્ષે ૫૦,૦૦૦ જેટલા ચોપડાઓનું વિતરણ કરવામાં આવે છે.

ત્યારે દર વર્ષની જેમ આ વર્ષે પણ માનવ સેવા સંગઠન સંસ્થાના પ્રમુખ અનિલભાઈ રાઠોડ , મંત્રી વિપુલભાઈ ઠક્કર, ખજાનચી કાંતિભાઈ મહેશ્વરી સહિત સંસ્થાના સભ્યો દ્વારા ચોપડા વિતરણ કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો જેનો ધાનેરા તાલુકાના વિદ્યાર્થીઓ મોટી સંખ્યામાં લાભ લીધો હતો.

# અંબાજીમાં એન.એસ.યુ.આઈ.ની શિબીર યોજાઈ

પ્રતિનિધિ અંબાજી

આગામી લોકસભાની ચુંટણી હવે નજીક આવી રહી છે. ત્યારે રાજકીય પક્ષો પોતાના સંગઠનને મજબુત કરવાં લાગ્યા છે. ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ દ્વારા પણ સૌ પ્રથમ વખત અંબાજી ખાતે એન.એસ.યુ.આઇ.ની શિબિર પ્રદેશ કોંગ્રેસ પ્રમુખ અમીતભાઈ ચાવડાના અધ્યક્ષ સ્થાને યોજવામાં આવી હતી.નવા મતદારો હોય તેવા વિદ્યાર્થીઓને આકર્ષવા માટે આ શિબિરનું આયોજન કરાયું હતુ.જેમાં રાજયભરનાં એન.એસ.યુ. આઇ.ના અગ્રણીઓ અને કાર્યકરોને ચુંટણીનાં કામે લાગી જવા હાકલ કરાઇ હતી.આ પ્રસંગે શિક્ષણની બાબતને લઇ અમીત ચાવડાએ

ભાજપ સરકાર પર આકરા પ્રહાર કરતાં જણાવ્યુ હતુ. કે શિક્ષણમાં ભાજપ સરકાર ભ્રષ્ટાચાર કરી રહી છે અને શૈક્ષણીક સંસ્થાઓનાં સંચાલકો પણ માફીયાગીરી ઉપર ઉતર્યા છે. તેવો આક્ષેપ કર્યો હતો.

# અધિક માસ નિમિતે પ્રવાસનું આયોજન



પાતાળેશવર મહાદેવ મંદિર કચ્છી કોલોનીમાંથી પવિત્ર અધિક માસ નિમિતે ડીસાથી ડાકોર, પોઈચા, ગળતેશ્વર મહાદેવ, કુબેર ભંડારી દર્શન કરી નર્મદા મૈયામાં સ્નાન કરેલ. આ આયોજનમાં મુન્નાભાઈ મહારાજ, કનુભાઈ નાડોદા તથા મોહનભાઈ પ્રજાપતિએ સેવા આપેલ.

# થરાદ તા.પં.સ્ટાફ અને તલાટી મંડળ વચ્ચે મેચ રમાઈ




પ્રતિનિધિ થરાદ

ગત તારીખ ૧૦/૬/૨૦૧૮ ના રોજ તલાટી-ક્રમ-મંત્રી મંડળ અને તાલુકા પંચાયત થરાદના સ્ટાફ વચ્ચે એક દિવસીય ક્રિકેટ મેચનું આયોજન વડગામડાના ક્રિકેટ મેદાન ઉપર કરવામાં આવ્યું હતું. બંને ટીમો દ્વારા સ્ટાફ વચ્ચે ભાઈચારો વધારવા અને કામના ભારણનો તણાવ દૂર કરવા આ ક્રિકેટ મેચનું આયોજન સંજયભાઈ (નાયી મહામંત્રી બ.કાં. તલાટી મંડળ) પ્રકાશભાઈ પટેલ (પ્રમુખ તલાટી મંડળ થરાદ) પ્રવીણ ભાઈ ચૌધરી, નવિનભાઈ (એસબીએમ શાખા) અલ્પેશભાઈ (મનરંગા શાખા) વિનોદભાઈ અને વી.ટી.ખરડોલા (વહીવટી શાખા) મોડાભાઈ અને જયંતિભાઈ (કોમ્પ્યુટર શાખા) તેમજ બી.એન.પરમાર, ભીખાભાઈ ચૌધરી, આર કે.ભાટી, વશરામભાઈ, માધાભાઈ સુથાર, તેમજ તમામ તલાટી મીત્રો એ ભાગ લીધો હતો. આ મેચમાં પ્રવિણભાઈ તથા જીગ્નેશ રાવલ (તલાટી) એ ખૂબ જ સારૂ પ્રદર્શન કરેલ હતું.

# ડીસા શ્રીમાળી સોની મહિલા મંડળ દ્વારા શૈક્ષણિક સાંસ્કૃતિક કાર્યક્રમ યોજાયો




ડીસા

ડીસા ખાતે કાર્યરત એવું શ્રી શ્રીમાળી સોની મહિલા ઉત્કર્ષ મંડળ દ્વારા સમાજના બાળકોમાં સમાજ અને પરિવારીકભાવના વધે તથા દેશ પ્રત્યે પોતાની નિષ્ઠા વધે તથા તેમનામાં આત્મવિશ્વાસનું સિંચન થાય તે માટે અને તેમનામાં છુપાઈ રહેલ સુક્ષુપ્ત શક્તિઓને બહાર લાવવા માટે ગત રવિવારના રોજ ડીસાના લાયન્સ હોલ ખાતે શૈક્ષણિક સાંસ્કૃતિક કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ. આ કાર્યક્રમમાં દેશભક્તિ ગીતોની સ્પર્ધા, ભજનો, બુગી-વુગી, એકપાત્રીય અભિનય, ગરબા, નાટક જેવી વિવિધ કૃતિઓ ધો-૧ થી ધો-૧૨ ના બાળકો દ્વારા રજુ કરવામાં આવી તેમજ શૈક્ષણિક કાર્યક્રમમાં વક્તૃત્વ સ્પર્ધા, આર્ટ પેપર વર્ક સ્પર્ધા તથા કુંકીંગ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ વિવિધ સ્પર્ધાઓમાં કુલ ૭૦ થી વધુ બાળકો તેમજ બાલીકાઓએ ઓએ સ્પર્ધક બનીને ભાગ લીધો હતો. આ સ્પર્ધામાં દરેક ગ્રુપમાં પ્રથમ , દ્રિતિય, તૃતિય એક ક્રમ આપી ઈનામ દ્વારા પ્રોત્સાહિત કરવામાં આવ્યાં હતા. આ પ્રસંગે ખાસ ઉપસ્થિત રાજકીય આગેવાન ડૉ.રાજુલબેન દેસાઈ એ પ્રસંગને અનુરુપ પ્રવચન આપેલ તથા આ કાર્યક્રમમાં ખાસ ઉપસ્થિત રહી કાર્યક્રમની શોભા વધારનાર સોની સમાજ અમદાવાદ ના રોહીતભાઈ ઝવેરી, દક્ષેશભાઈ સોની, હિમંતભાઈ સોની ,પાટણ,નવીનભાઈ સોની ઉણ, નટવરભાઈ સોની પાલનપુર, તથા ડીસાના સોની પરિવારો તથા આ કાર્યક્રમ ના દાતાઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યાં હતા.

આ કાર્યક્રમને સફળ બનાવવા માટે પ્રમુખ ભાવનાબેન સોની, ઉપપ્રમુખ ભાવેશાબેન સોની,,મંત્રી દીપાબેન સોની, ખજાનચી મનીષાબેન સોની, કન્વીનરો પરેશાબેન સોની, સરોજબેન સોની, જાગૃત્તિબેન સોની, પૂજાબેન સોની,તથા સમગ્ર મહિલા મંડળની ટીમે ભારે મહેનત અને પરિશ્રમથી આ કાર્યક્રમ દિપાવ્યો હતો .આ કાર્યક્રમમાં ડીસા શ્રીમાળી સોની મિત્ર મંડળના હોદ્દેદારો અને સભ્યોએ ભારે જહેમતથી આ કાર્યક્રમને સફળ બનાવવા ભારે મહેનત કરી હતી.તથા આ કાર્યક્રમનું સફળ સંચાલન પિનાબેન સોની ગાંધીધામ, અર્પણાબેન સોની અમદાવાદ, મુકેશભાઈ જોષી અને તેમની ટીમ એ કર્યું હતુ.

# મુસ્લિમ સમાજનું ગૌરવ

પ્રતિનિધિ રાજપુર



જુનાડીસા ડી.જે.એન. મહેતા હાઈસ્કુલમાં ભણતી વિદ્યાર્થીની મેમણ સુજાન હનીફભાઈ માસ્ટર)એ ધો.૧૦ ની પરીક્ષામાં ૯૧.૬૭% પી.આર. મેળવી મેમણ સમાજ સહિત મુસ્લિમ સમાજનું ગૌરવ વધાર્યુ હતું. એક મુલાકાતમાં સુજાને જણાવ્યું કે દરરોજ પાંચ કલાક વાંચનની સાથે સાથે પાંચ ટાઈમની નમાઝની સાથે ટ્યુશન વગર અભ્યાસ કરી સિધ્ધિ મેળવી છે અને વધુ અભ્યાસ કરીને શિક્ષિકા બનવાની ઈચ્છા વ્યક્ત કરી હતી તેની સફળતા પાછળ તેના માતા- પિતા અને ગુરૂને ગણાવ્યા હતા. ઝળહળતી સફળતા મળતા જુનાડીસા મેમણ સમાજે શુભેચ્છા પાઠવી હતી. ડી.જે.એન.મહેતા હાઈસ્કુલમાં વર્ગમાં પ્રથમ નંબર મેળવી જુનાડીસા ગામનું પણ ગૌરવ વધાર્યું હતું.

# નાની ભાખર ગામે સ્નેહમિલન સમારંભ યોજાશે

પ્રતિનિધિ દાંતીવાડા

બનાસકાંઠા જિલ્લા જાગી-રદાર રાજપુત ક્ષત્રિય મંચ દ્વારા દાંતીવાડા તાલુકાના નાની ભાખર ગામે આવેલ શ્રી ઈસ્માની માતાજીના મંદિરે તા. ૧૬/૬/૨૦૧૮ ને શનિવારના રોજ સવારે ૯ ક. સ્નેહમિલન સમારંભનું દબદબાભેર આયોજન કરવામાં આવ્યું છે.

સમાજ સુધારણા, કુરીવાજોની નાબુદી, વ્યસનમુક્તિ, શિક્ષણનો વ્યાપ વધે અને સમાજનું સંગઠન મજબુત થાય તેમજ ક્ષત્રિય સમાજની ઐતિહાસિક યશોગાથા પુનઃસ્થાપિત થાય તેવા શુભ ઉદ્દેશ્યથી આયોજીત સ્નેહ મિલન સમારોહને ગુમાનસિંહજી વાઘેલા (પૂર્વ અધ્યક્ષ ગુજરાત વિધાનસભા) ખુલ્લો મુકશે. જ્યારે સમારંભના અધ્યક્ષ બહાદૂરસિંહજી ડી.વાઘેલા (અધ્યક્ષ, અખિલ ભારતીય ક્ષત્રિય મંચ- ગુજરાત પ્રદેશ) તથા મુખ્ય મહેમાન ગજેન્દ્રસિંહજી ચૌહાણ (વાવ રાણાસાહેબ), સંજયસિંહજી રાઠોડ (અધ્યક્ષ - મહાકાલ સેના), મગનસિંહજી વાઘેલા (પૂર્વ ધારાસભ્ય- કાંકરેજ) રાજેન્દ્રસિંહજી દરબાર (પૂર્વ ધારાસભ્ય- બહુચરાજી) અને ચમનજી ઠાકોર (પૂર્વ ધારાસભ્ય - વાગડોદ) તથા અતિથિ વિશેષ પદે સમાજના મહાનુભાવો ઉપસ્થિત રહેશે. સમાજના સંગઠનને મજબુત કરવા અને યુવાનોને પ્રોત્સહિત કરવા આ સમારંભમાં સમાજના આગેવાનો અને યુવાનોને મોટી સંખ્યામા હાજર રહેવા સમસ્ત નાની ભાખર વાઘેલા પરિવાર દ્વારા અનુરોધ કરાયો છે.

# કૃષ્ણભક્ત અર્જુન

પાંચ પાડવોમાં અર્જુન ખૂબ જ શક્તિશાળી ગણાતા. અર્જુન ભગવાન શ્રી કૃષ્ણના પરમ ભક્ત હતા. તો અર્જુનની ભક્તિના કારણે ભગવાન શ્રી કૃષ્ણને અર્જુન પ્રત્યે વિશેષ પ્રેમ હતો. તેના કારણે જ ભગવાને મહાભારતના યુધ્ધની શરૂના સમયે વિષાદયુક્ત થયેલા અર્જુનને ગીતાનો ઉપદેશ આપી યુધ્ધ માટે પ્રેરણા આપી. પોતાના દિવ્ય વિરાટ સ્વરૂપના પણ ભગવાને તેને દર્શન આપ્યા.

એકવાર કોઈ કારણોસર ભગવાન શ્રી કૃષ્ણએ અર્જુને ભગવાન શ્રી શંકરને પ્રસન્ન કરવા માટે વનમાં જઈ તપ કરવાની આજ્ઞા આપી. આજ્ઞા માથે ચડાવી વનમાં અર્જુને કઠોર તપ કર્યું. તેના તપથી પ્રસન્ન થયેલા ભગવાન શ્રી શંકરે અર્જુનને સાક્ષાત દર્શન આપ્યા. એટલું જ નહીં પાશુપત નામનું એક અમોધ અસ્ત્ર પણ તેને આપ્યું.

પાશુપત અસ્ત્ર વડે મજબુત બનેલો અર્જુનની તાકાતમાં વધારો થયો. થોડા સમય બાદ અચાનક દેવરાજ ઈન્દ્ર એ આમંત્રણ આપી અર્જુને સ્વર્ગમાં બોલાવ્યો સ્વર્ગમાં જઈ અર્જુને દેવતાઓના શત્રુઓ એવા અસુરોના પાશુપત અસ્ત્ર વડે નાશ કર્યો.

હવે આ વીર અર્જુનની વીરતાને શોભે તેવા તેનો સત્કાર તો કરવો જ પડે. આથી તેમને સત્કારવા માટે દેવસભા બોલવવામાં આવી. આ સભામાં ગંધર્વોએ મધુર ગીતો ગાયા અને સુંદર સંગીત વગાડ્યું. અપ્સરાઓએ મોહક નૃત્ય કર્યું.

આ કાર્યક્રમ ચાલી રહ્યો હતો તે દરમિયાન દેવરાજ ઈન્દ્ર એ જોયું કે, વીર અર્જુન વારંવાર ઉર્વશી નામની અપ્સરા તરફ જોઈ રહ્યો છે. કાર્યક્રમ પૂરો થયો એટલે વીર અર્જુન પોતાને જ્યાં ઉતારો આપવામાં આવ્યો હતો તે સ્થળે ગયા. જ્યારે દેવરાજ ઈન્દ્ર એ ગંધર્વરાજ ચિત્રસેનને ઉર્વશીને વીર અર્જુનની સેવામાં મોકલી આપવા માટે આજ્ઞા અપી. બીજી બાજુ ખુદ અપ્સરા ઉર્વશી પણ વીર અર્જુનના પરાક્રમ અને રૂપ પર મોહિત થઈ ગઈ હતી. સ્વર્ગની સર્વશ્રેષ્ઠ અપ્સરા ઉર્વશી એ તે પોતાની તમામ શક્તિ પોતાના શૃગારમાં વાપરી નાખી. રાત્રીના તે વીર અર્જુનના ઉતારે પહોંચી.

સ્વર્ગની સૌથી સૌદર્યવાન અપ્સરાને અચાનક આવી ચડેલી જોઈ વીર અર્જુને પોતાની નજર ઢાળી દઈ કહ્યું "માતા હું કુંતી પુત્ર અર્જુન તમને પ્રણામ કરૂ છું આ રાત્રીના સમયમાં આવવાનું કષ્ટ કેમ ઉઠાવવું પડ્યું. ?"

ઉર્વશીએ કહ્યું "હું દેવરાજ ઈન્દ્રની આજ્ઞાથી અહિં તમારી સેવામાં ઉપસ્થિત થઈ છું તમે વારંવાર મારી તરફ જોતા હતા. તેથી તેમણે જ મને અહિં મોકલી છે." "દેવરાજ ઈન્દ્રની કંઈક સમવા ફેર લાગે છે. હકિકતે તમે તો અમારી માતા સમાન છો. તે ભાવે જ હું વારંવાર આપના ચરણોના દર્શન કરી રહ્યો હતો." અર્જુને જવાબ આપ્યો.

"સ્વર્ગની અપ્સરાઓ કદાપી કોઈની માતા હોઈ શકે નહિ તે તો પુણ્યાત્માઓની ભોગ્યા છે." અપ્સરા ઉર્વશીએ સ્પષ્ટતા સાથે વીર અર્જુનને જણાવ્યું. બન્ને વચ્ચે થોડી થોડી દલીલો થઈ પરંતુ અર્જુનને એકાંતમાં અપ્સરા જેવી ઉર્વશી વિચલિત ન જ કરી શકી. આથી નિરાશ અને ક્ષુબ્ધ બની ક્રોધે ભરાયેલી ઉર્વશીએ વીર અર્જુનને શ્રાપ આપ્યો કે, "તું વર્ષભર નપુસંક રહેશે અને સ્ત્રીઓને નૃત્ય-ગાયન શિખવશે." પરંતુ ધર્મને વળગી રહેલા ભગવાન શ્રી કૃષ્ણના પરમ ભક્ત અર્જુન માટે ઉર્વશીનો શ્રાપ વરદાન બની ગયો. કારણ કે "બૃહન્નાલા" તરીકે અજ્ઞાતવાસ દરમ્યાન અજ્ઞાત રહેવામાં સફળતા આ શાપ કારણે જ મળેલી.

આમ, નિષ્ઠાવાન ભગવાનની ભક્તિ માટે શ્રાપ પણ વરદાન રૂપ બની જાય છે.

**આજનું ભજન**

ધન્ય આજની ઘડી રળીયામણી,
હારે મારો વ્હાલોજી પધાર્યાની વધામણી હોજી રે..ધન્ય...
હારે હું તો કદલીના સ્તંભ રોપાવતી,
હારે મારા વ્હાલાજીનો મંડપ રચાવતી હોજી રે.. ધન્ય..
હારે પૂરે પૂરે સોહાગણ સાથિયો,
હારે જેમ મલપતો આવે હરિ હાથયો હોજી રે.. ધન્ય..
હારે હું તો મોતીડાના ચોક પૂરવતી,
હારે મારા વ્હાલાજીની આરતી ઉતારતી હોજી રે.. ધન્ય..
હારે હું તો ફુલડાની સેજ બિછાવતી,
હારે મારા વ્હાલીડાના ફૂલડે વધાવતી હોજી રે..ધન્ય..
હારે હું તો જાઉ શ્રી વલ્લભજીને વારણે,
હારે મહેતા "નરસૈયા" નો સ્વામી ઉભો બારણે હોજી રે..ધન્ય..

**કનકચંદ્ર સી.વ્યાસ**
**સંકલનઃ શ્રીમતી રમણતારા કે.વ્યાસ**

# ડીપી વર્લ્ડ મુંદ્રા કચ્છ જિલ્લામાં બહેતર તબીબી સુવિધાઓ પૂરી પાડવા માટે કામ કરે છે




વૈશ્વિક વેપાર અભિમુખકર્તા ડીપી વર્લ્ડ સંચાલિત મુંદ્રા ઈન્ટરનેશનલ કન્ટેઈનર ટર્મિનલે બ્લાઈન્ડ પીપલ્સ એસોસિયેશન-ભુજ (બીપીએ) સાથે સહયોગમાં ભુજમાં કચ્છ કોમ્પ્રીહેન્સિવ રિહેબિલિટેશન સેન્ટર ખાતે ઓપરેશન થિયેટરનું આધુનિકીકરણ કરવા માટે એકત્ર કામ કર્યું હતું. નવીનીકરણ કરેલું અત્યાધુનિક મોડ્યુલર ઓપરેશન થિયેટર કચ્છ જિલ્લામાં ગુણવત્તા આરોગ્ય સંભાળને પહોંચ આપવાનું લક્ષ્ય ધરાવે છે.નવા લેમિનાર અને મોડ્યુલર ઓપરેશન થિયેટર (આઈ સર્જિકલ યુનિટ)નું ઉદઘાટન કચ્છ જિલ્લા પંચાયતના પ્રમુખ શ્રીમતી કૌશલ્યાબેન જયંતભાઈ માધાપરિયા અને ડીપી વર્લ્ડ મુંદ્રાના ચીફ એક્ઝિક્યુટિવ ઓફિસર કેપ્ટન સુજિત સિંગે કર્યું હતું. આ સમયે અન્ય જિલ્લા અધિકારીઓ અને બીપીએના ટ્રસ્ટીઓ હાજર હતા. ડીપી વર્લ્ડમાં અમે કામગીરી કરીએ ત્યાંના સમુદાયોને સશક્ત બનાવવા માટે સતત કામ કરીએ છીએ. નવીનીકરણ કરેલું ઓપરેશન થિયેટર કચ્છ જિલ્લાના રહેવાસીઓને ઉપલબ્દ આરોગ્ય સંભાળ સુવિધાઓની ગુણવત્તા બહેતર બનાવશે. આ કામ માટે અમારી સાથે ભાગીદારી કરનારના અમે આભારી છીએ, જેને લીધે અમે ગતિશીલ, સુરક્ષિત અને સ્થિતિસ્થાપક સમાજ નિર્માણ કરવાનું ચાલુ રાખી શકીશું.સરકારની કુશળ ભારત ઝુંબેશની સાથે ડીપી વર્લ્ડે સમુદાયના ૧૦૦ દિવ્યાંગ સભ્યોને ડેવલપમેન્ટ કિટ્સ વહેંચ્યા છે, જેથી તેઓ પણ અનુકૂળ સ્વરોજગાર તકો શોધી શકે.

# તંત્રી સ્થાનેથી ...

**ઉત્સાહ વગર ક્યારેય કોઈ મહાન ધ્યેય પ્રાપ્ત થઈ શકતું નથી.**

## ગંભીર સમસ્યાઓનું નિવારણ લાવવામાં કેન્દ્રની પીછેહઠ

હાલના તબક્કે કાશ્મીર વિવાદ, ખેડુત આંદોલન, પેટ્રોલ ડિઝલના ભાવમાં વધારો આ સમસ્યાઓને નિવારવા માટે સરકાર દ્વારા જે પ્રયત્નો થવા જોઈએ તે થતા નથી. વડાપ્રધાન મોદી દ્વારા આ સમસ્યાનો ઉકેલ શા માટે લાવવામાં આવતો નહિં હોય!

બીજી તરફ કાશ્મીર વિવાદનો ઉકેલ લાવી શકાયો નથી. ત્યારે વડાપ્રધાને એકવાર કાશ્મીરની મુલાકાત લઈને પત્થરમારો ચલાવતા યુવાનોને શીખ આપવી જોઈએ, જો કે કાશ્મીરમાં આપણા જવાનો ખૂબ જ તત્પર છે. ગત રવિવારે સલામતી દળોએ નિયંત્રણ રેખા પર ઘુસણખોરીનું કાવતરું નિષ્ફળ બનાવી છ જેટલા આતંકીઓને ઠાર કરતાં આતંકી સંગઠનો ચોંકી ઉઠ્યા છે. આંતકીઓ અંકુશ રેખા નજીક છુપાયા હતા. તેથી આ વિસ્તારને ઘેરી લઈને ઓપરેશન ઓકે કર્યું હતું.

આમ જોવા જઈએ તો મોદી સરકારને સત્તામાં આવે ચાર વર્ષ વિતી ગયા છતાં કાશ્મીરના પ્રશ્ને સરકાર કંઈ ઉકાળી શકી નથી. કાશ્મીરમાં હાલ જે જે દ્રશ્યો સર્જાય છે. તેના પરથી એવું ચોક્કસ લાગે છે કે કાશ્મીર ભારતનું અભિન્ન અંગ રહેશે નહિં.

વર્ષોથી આપણે સાંભળતા આવ્યા છીએ કે કાશ્મીર ભારતનું જ અભિન્ન અંગ છે. પરંતુ આતંકીઓને પડકારવામાં હજુ સફળ થઈ શક્યા નથી. શું કાશ્મીર ભારતના હાથમાંથી સરકી જશે? આ સવાલ પ્રત્યેક ભારતીયને સતાવી રહ્યો છે, આનો કોઈ ઉપાય હશે જ નહિં. જ્યારે તાજેતરમાં જ યોજાયેલી ૧૧ વિધાનસભા અને ચાર લોકસભા બેઠકો ઉપર ભાજપના નબળા પ્રદર્શન બાદ ભારતીય જનતા પાર્ટી સાવચેત થઈ ચુકી છે. ત્યારે હવે લોકસભાની ચૂંટણીને માત્ર એક વર્ષ જેટલો સમય રહ્યો છે. અને બીજી તરફ વિપક્ષો પરસ્પર મતભેદો ભૂલીને એક મંચ પર આપવા લાગ્યા છે. જેથી ભાજપને પેટમાં દુ:ખાવો ઉપડ્યો છે. પેટા ચૂંટણીઓ પહેલાં યોજાયેલી કર્ણાટક વિધાનસભાની ચૂંટણીમાં ભાજપે સૌથી વધુ બેઠકો પ્રાપ્ત કરી હોવા છતાં કર્ણાટકમાં પોતાની સરકાર બનાવી ન શક્યા! ત્યારે હવે એનડીએમાં ભાજપના મહત્વના કહી શકાય એવા ત્રણ પક્ષો શિવસેના, જેડીયુ અને શિરોમણી અકાલી દળ કોઈને કોઈ કારણોસર ભાજપથી નારાજ હોવાનું મનાય છે અને આ પક્ષોને મનાવવા ભાજપના અધ્યક્ષ અમિત શાહે કવાયત હાથ ધરી છે અને કવાયત હાથ ધર્યા સિવાય છૂટકો જ નથી.

અમિત શાહ અને શિવસેનાના ઉધ્ધવ ઠાકોરની મુલાકાત પહેલા જ શિવસેનાએ પોતાના અખબાર 'સામના' માં ભાજપ પર આક્ષેપ કર્યો હતો અને લખ્યું હતું કે લોકસભાની ચૂંટણીમાં ભાજપ કોઈપણ ભોગે ૩૫૦ બેઠકો જીતવા ઈચ્છે છે, શિવસેનાએ પેટ્રોલ- ડીઝલના વધી રહેલા ભાવો અને ખેડુતોના આંદોલનના મામલે ભાજપ પર આક્ષેપ કરતાં કહ્યું આટલી ગંભીર સમસ્યાઓ હોવા છતાં ભાજપ ગંભીર કેમ નથી?

કિસાન આંદોલન સરકારની નીતિગત નિષ્ફળતાનો પુરાવો છે. એક સર્વે અનુસાર ૩૦ વર્ષની અંદર ત્રણ લાખ ખેડુતોએ આપઘાત કર્યા તેની પાછળનું કંઈ તો કારણ હશે ને? ઉદ્યોગપતિઓ માલેતુજાર બનતા જાય છે અને સરકારનું સમર્થન મળતું રહે છે એટલે તેઓ આરામદાયી જીંદગી બસર કરી રહ્યા છે. ક્યારે ઉદ્યોગપતિએ આપઘાત કર્યો હોય તેવું જાણવા મળ્યું છે ખરું? દૂધ અને શાકભાજી રોડ પર ફેંકીને સરકારને ખેડુતની શક્તિનો અંદાજ આવી ગયો હશે?

## શાઓમીએ ભારતમાં રેડમી વાઈ-૨ અને એમઆઈયૂઆઈ ૧૦ પ્રસ્તુત કર્યાં



રેડમી વાઈ-૨માં છે શાઓમીના નવીનત્તમ એઆઈ બ્યુટીફાઈથી પાવર્ડ ૧૬એમપીના સેલ્ફી કેમેરા એમઆઈયૂઆઈ ૧૦ ભારતમાં વૈશ્વિક સ્તર પર પ્રસ્તુત થયા, તેનાથી એક ઈમર્સિવ ફુલ સ્ક્રિન ડિસ્પ્લે અનુભવ માટે ડિઝાઈન કરવામાં આવ્યાં છે

ભારતની નંબર ૧ સ્માર્ટફોન બ્રાન્ડ શાઓમીએ આજે ભારતમાં રેડમી વાઈ-૨ પ્રસ્તુત કરવાની ઘોષણા કરી. ખાસ સેલ્ફી અનુભવથી યુક્ત વાઈ સીરીઝના આ નવા અવતારને યુવાનો માટે ડિઝાઈન કરવામાં આવ્યાં છે. શાઓમીએ એમઆઈયૂઆઈ ૧૦ને લોન્ચ કરવાનું એલાન કર્યું. આ તેનું ઓપરેટિંગ સોફ્ટવેરનું નવીનત્તમ અપડેટ છે, જે એક વધારે ઈમર્સિવ ફુલ સ્ક્રીન અનુભવ માટે તૈયાર કરવામાં આવ્યાં છે.સેલ્ફી માટે સર્વશ્રેષ્ઠ રેડમી ફોન કહેવાતાં રેડમી વાઈ-૨માં આર્ટિફિશિયલ ઈન્ટેલીજેન્સ(એઆઈ) દ્વારા પાવર્ડ એક ૧૬ એમપીનો ફ્રન્ટ કેમેરો છે, જે પિક્સલ બિંનિગ તકનીક અને શાઓમીના પોતાના એઆઈ બ્યુટીફાઈ ફીચર્સથી ભરપૂર છે. રેડમી વાઈ-૨ની શરુઆતની કિંમત ૯૯૯૯ રુપિયા છે. તેમાં એક ૧૨ એમપી+૫એમપી એઆઈ ડ્યુઅલ કેમેરા પણ આપવામાં આવ્યાં છે. રેડમી વાઈ-૨માં ૫.૯૯ ઈંચ ૧૮:૯ ફુલ સ્ક્રીન ડિસ્પ્લે છે અને આ ક્વાલકોમ સ્નૈપડ્રેગન ન ૬૨૫ પ્લેટફોર્મ દ્વારા સંચાલિત હોય છે.

શાઓમીના વાઈસ પ્રેસિડેન્ટ અને શાઓમી ઈન્ડિયાના મેનેજિંગ ડાયરેક્ટર મનુ જૈને કહ્યું, "મને લાગે છે કે શાઓમીએ જે વૃદ્ધિ જોઈ છે, તેના પાછળનું કારણ છે કે દરેક વસ્તુમાં ગ્રાહકને દિલમાં રાખતાં ઈનોવેટિવ પ્રોડક્ટ્સ બનાવાની અમારી આસ્થા છે.

## પોર્શે સેન્ટર અમદાવાદ ખાતે પોર્શે સ્પોર્ટ્સ કાર્સની ૭૦ વર્ષની ઉજવણી




અમદાવાદ

પોર્શે સેન્ટર અમદાવાદ ખાતે પોર્શે સ્પોર્ટ્સ કાર્સની ૭૦ વર્ષની ઉજવણી કરવામાં આવી હતી. પોર્શે સેન્ટર અમદાવાદે શહેરમાં ફન ડ્રાઈવ સાથે બ્રેકફાસ્ટનું આયોજન પણ કર્યું હતું. પોર્શે સેન્ટર અમદાવાદે ૨૦ પોર્શે માલિકોની મહેમાનગતિ કરી હતી.

**'રખેવાળ' ના આ પાના ઉપર પ્રસિધ્ધ થતી વિગતો અને લેખો જે તે લેખકના વ્યકિતગત મૌલિક વિચારો ઉપર આધારીત હોય છે. તેની સાથે તંત્રી-સંપાદક સહમત નથી. જે તે વિગતો અને લેખોની સંપૂર્ણ જવાબદારી લેખકોની જ રહેશે.**

## પર્સનલ લાઈફ

ગતાંકથી ચાલુ

ગુસ્સાથી મારો સીનો ફાટ-ફાટ થતો હતો. ચિતતંત્ર આખું ખળભળી ઊઠ્યું હતું. પ્રાચી માટે રક્તમાં ઓગળીને સમરસ થઈ ગયેલો પ્રેમ હવે લાવા બનીને મારી રક્તવાહિનીઓને ભીંસતો હતો, જાણે...! મને લાગે છે કે પ્રાચી ઈરાદાપૂર્વક બહાનું કાઢીને છટકી ગઈ. હમણાં હમણાંથી જ્યારે જ્યારે આવી કોઈ વાત આવે ત્યારે મનોજનું કંઈકનું કંઈક હોય...! પ્રાચી જાણે ઠંડી પડી રહી છે કે પછી મનોજની લાગણીઓમાં તરબોળ...? મારી આંખે ઝાંય વળી ગઈ હતી. હું પગ પછાડતો સાગરના કિનારે આવીને બેઠો.

બસ, હવે મનોજને ઘેર રવાના કરી જ દેવો. મનોજ મારો નાનો ભાઈ છે. એકદમ નાના ગામમાં કે જ્યાં ચાર ધોરણની શાળા છે, ત્યાં મારો પરિવાર રહે છે. મનોજ જ્યારે ચોથા ધોરણમાં પાસ થયો, ત્યારે પિતાજીએ કહેલું,"રાકેશ અહીં પાંચમું ધોરણ નથી. તું મનોજને તારી સાથે લઈ જા."

જો કે, એ સમયે જ મને ના પાડવાની ઈચ્છા થયેલી, પણ પ્રાચી વચ્ચે જ બોલી ઊઠી, "ભલે બાપુજી, અમે મનોજને ત્યાં ભણાવશું. આમેય મનોજ હોંશિયાર છે."

મનોજ અહીં આવ્યા પછી તો પ્રાચી એનામાં જ જાણે ખોવાઈ ગઈ. જો કે મનોજ પરાણે કોઈને વહાલો લાગે તેવો પ્યારો પ્યારો હતો. મનોજ મને પણ ગમતો હતો. પરંતુ મનોજ આવતાં જ પ્રાચી ઉપરનો મારો અબાધિત અધિકાર જાણે ઝુંટવાઈ રહ્યો હોય. તેમ મને અહેસાસ થયા કરતો હતો. પ્રાચી મારી હતી..અખંડ અને અવિભક્ત એ આમ ટુકડે ટુકડે વહેંચાઈ જાય. એ મને પસંદ ન હતુ મારી ઈચ્છાનો અનાદર કરીને, મારી જરૂરિયાતોની ઉપરવટ જઈને એ મનોજની સંભાળ લે; એ આઘાતે મારા હૈયાને હચમચાવી દીધું હતું. શું એક પતિ તરીકે આ ઘરમાં મારો અધિકાર ન હતો...? મારા ઘરમાં મને જરા પણ સ્વાતંત્ર્ય નહીં...? હું જાણે ઘૂંટાઈ-ઘૂંટાઈને મરી જઈશ. તેવું મને લાગ્યા કરતું હતું...

'પરિવાર પ્રેમ પણ માણસમાં હોવો જોઈએ ને? પ્રાચી આખરે ખોટું શું કરે છે?" વિચારી- વિચારીને શાંત પડેલા મારા ચિત્તના કોઈક અગોચર ખૂણામાંથી મને પોતાને ચમકાવી મુકે તેવો એક વિચાર તણખો અચાનક ચમક્યો ને થોડીવાર જાણે હું એ દલીલની સામે પરવશ ના બની ગયો હોઉં!

પણ પછી અચાનક મારો અહ ઉછળ્યો... "પણ પણ...મારી જિંદગીની ચંદક્ષણો આમ વેડફાઈ જાય તેનું શું...? આ યુવાની, આ મદહોશી આ એકાંતની ભરી ભરી ક્ષણો... જ્યાં હું ને પ્રાચી બે જ હોઈએ... મુક્ત રીતે ઉડતાં પંખી જેવાં... આ જિંદગીની સુહાની ઘડીઓ... આ ગુલાબી સ્વપ્નાં... બધું કર્તવ્યને ફરજમાં મારે ગુમાવી દેવાનું...? ના... ના... મારી અંગત જિંદગી જેવું મારે કાંઈ નહીં...? શાયદ, પ્રાચીને આ બધુ મંજુર હોય તો પણ મને તો એ હરગિજ મંજૂર નથી મારું શું...?" મેં મારી સામે એવી તો સજ્જડ દલીલ કરી હતી કે ઘડીભર મારું મન મૂઢ મારથી બહેરૂં બની ગયું. પણ થોડીવાર પછી જાણે મારી દલીલનો ઉત્તર દેતો હોય તેમ મનનો એક બળવાખોર ભાગ ચીખી ઊઠ્યો. "રાકેશ તું જ્યારે પ્રાચીને પ્રેમ કરતો હતો. ત્યારે તો તું પ્રેમને સર્વશ્રેષ્ઠ માનતો હતો. તે પ્રાચી પાસે પ્રેમનાં કેટલાંય "કોટેશનો" ઉધાર લઈને લલકાર્યાં હતાં ને...? શુદ્ધ, નિર્વ્યાજ, પ્રેમ એજ સાચો પ્રેમ છે. તો પછી પ્રાચી અને મનોજનો પ્રેમ નિર્વ્યાજ પ્રેમ નથી...? એ નિસ્વાર્થ અને વિશુદ્ધ પ્રેમ કે જ્યાં કોઈ આકર્ષણ નથી.. ક્યારેય કોઈ પ્રાપ્તિ નથી તેને તું આવકારી શકતો નથી?

"ના... ના... ના..." વિચારના ખાબોચીયામાંથી બહાર નીકળતાં મેં ચીસ પાડી. મારો અવાજ સાંભળીને બાજુમાં ઊભેલો એક માણસ ધસી આવ્યો. "તમે ના કેમ પાડો છો...? આ તો અમારું કામ છે."મેં તાજ્જુબ બનીને તેની સામે જોયું; "કોણ છો તમો...?""હું મરજીવો છું સાગરમાં કૂદવાની તૈયારી કરતો હતો ત્યાં તમે ત્રણ વખત ના... ના... બોલ્યા. ના એટલે અમારે મન અપશુકન. હવે હા પાડો એટલે શુકન વળી જાય...""એટલે...? સાગરમાં તમે મોતી લેવા જાઓ છો..? સાગરમાં મોતી હોય ખરાં..?" મે ખાબોચીયામાંથી ખરડાયેલા ભારને ખંચેરતાં કહ્યું.

"હા કિનારા ઉપર બેસીને આરોહ અવરોહ જોનારાને તો શંખલાં- છીપલાં જ મળે અંદર ઉતરીને જોઈએ તો સાહેબ મોતી હાથ લાગી જાય..!" કહીને તે ચાલ્યો ગયો.

હું તેને અંદર ડૂબતો જોઈ રહ્યો. મારા મનના તરંગો ઉપર અચાનક એક હોડી તરી રહી હોય તેમ મને લાગ્યું. "તું પ્રાચીની લાગણીઓનો આરોહ અવરોહને ઉપર ઉપરથી જ માપે છે... પ્રાચીની અંદર ઉતરીને તો જો... શાયદ મોતી હાથ લાગી જાય...! તું જ કહેતો હતો ને કે બે આત્માનું ઐક્ય ને બે જીવોનું સમરસ થવું એ જ જીવનનું ચરમ લક્ષ્ય છે! હવે તું પ્રાચીથી તારી જાતને અલગ કેમ અનુભવી રહ્યો છે...? પ્રશ્નના પડઘા મારા મનમાં ઊડતા હતા. ને ગૂંચવાયેલા મારા મનમાંથી ધીમો સ્વર ઊઠતો હતો." હવે હું પ્રેમને નહીં, મારા અંગત સ્વાતંત્ર્યને ચાહું છું.. મારે મારી પર્સનલ લાઈફ જોઈએ.." સાગર ઉછળી ઉછળીને જાણે મારી સામે ધસી રહ્યો હતો... ને હું મારામાં જ ઉલઝતો જતો હતો. ક્રમશઃ

- કનુ આચાર્ય

## સ્માર્ટસિટી અમદાવાદ ડેવલપમેન્ટ લિમિટેડે આઈઓટી સક્ષમ સિસ્ટમના ઓર્ડર્સ આપ્યા



અમદાવાદ

એનઈસી કોર્પોરેશન ઈન્ડિયાએ એનઈસી કોર્પોરેશન સાથે મળીને આજે જાહેરાત કરી છે કે, અમદાવાદમાં બીઆરટી સિસ્ટમ માટે ઈન્ટેલિજેન્ટ ટ્રાન્સપોર્ટેશન મેનેજમેન્ટ સિસ્ટમ (આઈટીએમએસ) / ઓટોમેટિક ફેર કલેક્શન સિસ્ટમ (એએફસીએસ)ને સ્માર્ટ સિટી અમદાવાદ ડેવલપમેન્ટ લિમિટેડ(એસસીએડીએલ) દ્વારા અમલમાં મુકવામાં આવી છે. એનકોડસોલ્યુશન(એજીએનએફસી કંપની) સાથેના કન્સોર્ટિયમમાં એનસીએએસસીએડીએલ દ્વારા આ પ્રોજેક્ટને ઉદ્દેશ્ય સાથે સૌથી અદ્યતન કટીંગ એજની વૈશ્વિક તકનીકોની મદદથી વર્તમાન બસરેપિડટ્રાન્ઝિટ(બીઆરટી) સિસ્ટમ અને સિટી બસ સેવાની કાર્યક્ષમતા અને અસરકારકતામાં સુધારો કરવા માટે એનાયત કરવામાં આવ્યો હતો. અમદાવાદના નાગરિકોને સીમલેસ, ઝડપી, વિશ્વસનીય, સલામત અને સુવિધાજનક સાર્વજનિક પરિવહન વ્યવસ્થા પૂરી પાડવી. એસસીએડીએલ દ્વારા અમદાવાદને ખરેખર સિટીઝન ફ્રેંડલી અને વર્લ્ડ ક્લાસ સ્માટસિટી બનાવવા માટેના લેવાયેલા કદમોનું એક છે., "ભારત સરકારના સ્માર્ટ સિટી મિશનને ધ્યાનમાં રાખીને કેશલેસ ચુકવણી સાથે આઈટીએમએસ / એએફસીએસ જેવા આધુનિક તકનીકથી સજ્જ કાર્યક્ષમ અને ટકાઉ સાર્વજનિક પરિવહન વ્યવસ્થા જરૂરી છે. અમે આશા રાખીએ છીએ કે એન.ઈ.સી. દ્વારા અમલમાં આવેલ આઈટીએમએસ અને એએફસીએસ સિસ્ટમ્સ અમારી બસ કામગીરીને વધુ કાર્યક્ષમ બનાવશે અને અમદાવાદમાં મુસાફરોને વર્લ્ડ ક્લાસ જાહેર પરિવહન સેવા પૂરી પાડવા માટે મદદ કરશે. અમે(એનઈસી) એ.એફ.સી.સિસ્ટમ સાથે ઈંફ્રઅ આધારિત જનમંત્ર કાર્ડ સંકલિત કરી દીધું છે જેથી પ્રવાસીઓને બીઆરટી અને એએમટીએસ બસોમાં સીમલેસ મુસાફરી કરવા માટે અનુકૂળ બનાવે છે.'કિંગ એકમો, કેન્દ્રિય કમાન્ડ સેન્ટરમાંથી આ તમામ બસોના પ્રત્યક્ષ સમયનો ટ્રેકિંગ અને નિરીક્ષણ સક્ષમ કરશે. રિયલ ટાઈમ પીઆઈએસ સિસ્ટમ બસો અને બસ સ્ટેશનોમાં લગાવાયેલી છે જે ચોક્કસ અને સમયસરની માહિતી, આગામી બસ સ્ટોપ ડિસ્પ્લે તથા ઘોષણા, બસ આવવાનો અંદાજિત સમય (ઈટીએ) અને એવી અનેક ઉપયોગી માહિતી પ્રવાસીઓને આપશે.

## ઝી સિનેમા યજમાની કરે છે, મહેશ બાબુની સુપરહિટ સ્પાય થ્રિલર 'સ્પાઈડર'ની, ૧૭મી જુન, રાત્રે ૯ વાગ્યે




એક માનસિક રીતે વિકૃત સિરિયલ કીલરથી શહેરને બચાવવા માટે એક ઈન્ટેલિજન્સ અધિકારીને તેની સૌથી મોટી કસોટી પર ઉતારવામાં આવે છે. તેલુગુ સુપરસ્ટાર મહેશ બાબુની આ મૂવી દ્વારા તમિલ મૂવીમાં પ્રવેશ કર્યો હતો અને દ્વિભાષી આ ફિલ્મમાં રાકુલપ્રિત સિંઘ અને એસ. જે. સુર્યા પણ હરિફ ભૂમિકામાં છે. બોલિવૂડમાં આમિર ખાનની ગજિની, અક્ષય કુમારની હોલીડે અને સોનાક્ષી સિન્હાની અકિરાના ડિરેક્ટર તરીકે વધુ જાણિતા એવા ડિરેક્ટરલ માસ્ટરમાઈન્ડ એ. આર. મુરુગાદોસ દ્વારા લેખિત અને ડિરેક્ટ કરેલી આ મૂવી મનોરંજનના સંપૂર્ણ ડોઝ તરીકે, તેના સસ્પેન્સ, એક્શન અને નાટ્યનું સંપૂર્ણ અલગ સંયોજન છે. ઝી સિનેમા, હોમ ઓફ બ્લોકબસ્ટરમાં સ્પાઈડરનું પ્રિમિયર, રવિવાર, ૧૭મી જૂન, રાત્રે ૯ વાગ્યે દર્શાવવામાં આવશે.શિવા (મહેશ બાબુ), એક ઈન્ટેલિજન્સ બ્યુરો અધિકારી એક સ્પાય સોફ્ટવેર વિકસાવે છે, જેનાથી જે લોકોને મદદની જરૂરિયાત હોય તેની ઓળખ થઈ શકે. આ સોફ્ટવેર તેને ગુનાખોરોને પકડવામાં પણ મદદ કરે છે, ઘણી વખત તે તેને ગુના કરતા પહેલા પકડી પાડે છે. એક દિવસ શિવાને એક યુવતીનો ફોન આવે છે અને તે તેને બચાવવા માટે તાત્કાલિક એક મહિલા પોલિસને મોકલે છે. આઘાતજનક રીતે, બીજા દિવસે તે છોકરી અને મહિલા પોલિસ બંનેનું અત્યંત ઘાતકી રીતે ખૂન કરી નાખેલી હાલતમાં મળી આવે છે. તપાસ દરમિયાન શિવાને જાણ થાય છે કે, સિરિયલ કિલર ભૈરવા (એસ.જે. સુર્યા) આ બધા ગુનોરી માટે જવાબદાર છે. મુખ્યપાત્રથી તદન વિપરીત એવા ભૈરવો એ એક દુષ્ટ અને વિનાશક માણસ છે, જેને લોકોના દુ:ખી જોઈને ખુશી થાય છે. જ્યારે ભૈરવાને ખબર પડે છે કે, સુર્યાએ તેને ઓળખી લીધો છે, ત્યારે તે વધુ મોટા ગુના કરવાનું નક્કી કરે છે. અને ત્યારથી જ એક ખતરનાક ઉંદર- બિલાડીનો ખેલ શરૂ થાય છે.શિવા કઈ રીતે ક્રુર મારવાની યોજનાને મિટાવી દેશે?

## આખરે ઈંતેજારી પૂરી થઈ: BMW મોટ-રેડ G 310 R અને BMW G 310 GS માટે પ્રી- બુકિંગ્સ શરૂ

BMW મોટરેડ ઈન્ડિયા ભારતમાં ૮ જૂન, ૨૦૧૮થી આરંભ કરતાં બહુપ્રતિક્ષિત મોટરસાઈકલો BMW G 310 R અને BMW G 310 GSના પ્રી- બુકિંગ્સ શરૂ કરશે. ગ્રાહકો INR ૫૦,૦૦૦ની રકમ ચૂકવીને ઓફિશિયલ લોન્ચ પૂર્વે BMW G 310 R અને BMW G 310GS મોટરસાઈકલો બુક કરી શકાશે. પ્રી- બુકિંગ દેશભરમાં કોઈપણ ઓથોરાઈઝ્ડ મ્સ્ઉ મોટરેડ ડીલરશિપ ખાતે કરી શકાશે. ડિલિવરીઝ ઓર્ડર અનુસાર ફર્સ્ટ કમ ફર્સ્ટ સર્વ બેઝિસ પર કરાશે."BMW મોટરેડ મોટર સાઈકલ્સ ડિઝાઈનિંગનો વારસો ધરાવે છે,જે અસમાંતર રાઈડિંગ પ્લેઝર, શુદ્ધ પરફોર્મન્સ અને ખાતરીદાયક ક્વોલિટીને અજોડ સંયોજનમાં એકત્ર કરી લાવે છે. મ્સ્ઉ મોટરેડે સબ- ૫૦૦ ષ્ષ પ્રીમિયમ સેગમેન્ટમાં તેનો પ્રવેશ કર્યાની જાહેરાત કરી ત્યારે મોટરસાઈકલ ઉદ્યોગમાં ભારે ચર્ચા ચગી હતી.

BMW G 310 GS આરોમાં ચને ટાઈપિકલ ય્જી પ્રદેશમાં વધુ એક પગલું આગળ લઈ જાય છે, જે ટુવ્હીલ્સ પર મજબૂત સાહસો માટે ઓળખ ધરાવે છે. BMW G 310 GS અસલ GS છે: સેગમેન્ટમાં હાલમાં જ ઉજાગર કરવામાં આવેલી વર્સેટાલિટીના સ્તર સાથેની ઉચ્ચ સમકાલીન

પ્રોડક્ટો છે. ટ્રાફિકમાં સ્થિર અને સ્થિતિસ્થાપક છતાં કપરા માર્ગો પર ઉત્કૃષ્ટ મજબૂત તેની સ્થિતિસ્થાપકતા સવારીના અનુભવનું સંપૂર્ણ નવું વિશ્વ ખોલી નાખે છે.

## વોડાફોને માયવોડાફોન એપ પર ફૂટબોલપ્રેમીઓનું ઝૂનન વધાર્યુ

ફૂટબોલપ્રેમીઓનાં ઝૂનનને વધુ ઊંચાઈએ લઈ જઈ વોડાફોન ઈન્ડિયાએ ગ્રાહકોને માયવોડાફોન એપ પર સિંગલ ગેમ પર રમવાની સુવિધા આપીને આઈપેડ મિની જીતવાની રોમાંચક તક આપી છે. ગ્રાહકોને ફૂટબોલ રમીને ગોલ કરીને પોઈન્ટ મેળવવાની અથવા માયવોડાફોન એપ પર વ્યવહાર કરવાની જરૂર પડશે. ત્યારબાદ દરરોજ આઈપેડ મિની જીતવાની તક મળશે. માયાવોડાફોન એપ પર પોતાની ઈન્ટરેક્ટિવ પોઝિશન સાથે વોડાફોન ઈન્ડિયાનો ઉદ્દેશ તેનાં ડિજિટલ સેવ્વી ગ્રાહકોને ફિફા ફૂટબોલ વર્લ્ડકપની આ સિઝન સાથે વધારે જોડવાનો છે. ૩૪ દિવસનો ફૂટબોલ વિશ્વકપ ૧૧ જૂનથી શરૂ થશે અને ૧૫ જુલાઈ, ૨૦૧૮નાં રોજ પૂર્ણ થશે. બમ્પર પ્રાઈઝ વિજેતાને રૂ. ૧ લાખનાં મૂલ્ય સુધીનું ટ્રાવેલ વાઉચર મળશે. માયવોડાફોન એપ સ્વાભાવિક અને ગ્રાહકોની જરૂરિયાત અનુસાર સેવા આપતું માધ્યમ છે, જે પોસ્ટપેઈડ અને પ્રીપેઈડ ગ્રાહકોને શ્રેષ્ઠ અનુભવ પ્રદાન કરે છે, જે તેમને તેમની આંગળીનાં ટેરવે, તેમની સુવિધાએ તેમનાં વોડાફોન એકાઉન્ટનું વ્યવસ્થાપન કરવાની ક્ષમતા આપે છે. ઈન-બિલ્ટ સ્માર્ટ એનાલીટિક્સ સાથે નેવિગેશનમાં સરળ આ એપ દરેક ગ્રાહકને રિયલ ટાઈમ આધારે તેમનાં પેક/પ્લાનનાં વપરાશ વિશે વિસ્તૃત સમજણ પ્રદાન કરે છે.

## ભારતી એક્સા લાઈફ ઈન્શ્યોરન્સે નાણાકીય વર્ષ ૧૮માં નવા બિઝનેસ પ્રીમિયમમાં ૨૦ ટકાનો વધારો નોંધાવ્યો



ભારતની અગ્રણી બિઝનેસ સમૂહોમાંથી એક, ભારતી એન્ટરપ્રાઈસ અને દુનિયાની સૌથી મોટી વીમા કંપનીઓમાંથી એક, એક્સાનો એક સંયુક્ત સાહસ છે, ભારતી એક્સા લાઈફ ઈન્શ્યોરન્સે જણાવ્યું કે કંપનીએ ૨૦૧૬-૧૭માં ૬૦૮ કરોડ રુ.ના બિઝનેસ પ્રીમિયમમાં ૨૦ ટકાના વધારાની સાથે નાણાંકીય ૨૦૧૭-૧૮માં ૭૩૦ કરોડ રુ.નો નવા બિઝનેસ પ્રીમિયમ નોંધાયુ છે.ભારતી એક્સા લાઈફ ઈન્સ્યોરન્સ કંપનીની સ્થાપના ભારતમાં સન ૨૦૦૬માં થઈ હતી અને તેના પછી પહેલી વાર છે, જ્યારે આ કંપનીએ બિઝનેસમાં લાભ નોંધાયો છે. હવે આ ભારતમાં લાભ કરવાવાળી વીમા કંપનીઓની યાદીમાં આવી ગઈ છે.કંપનીનો રિન્યુઅલ પ્રીમિયમ ૩૧ માર્ચ, ૨૦૧૮ને સમાપ્ત થયેલ નાણાંકીય વર્ષમાં ૨૧ ટકાની વૃદ્ધિની સાથે ૯૫૪ કરોડ રુ. રહ્યો, જે ૨૦૧૬-૧૭ દરમિયાન ૭૮૮ કરોડ રુ. હતો.

કુલ પ્રીમિયમમાં ૨૧ ટકાની વૃદ્ધિ થઈ અને પાછળના વર્ષના સમયગાળામાં ૧૩૯૭ કરોડ રુ.ના મુકાબલે ૨૦૧૭-૧૮ દરમિયાન ૧૬૮૪ કરોડ રુ. રહ્યો.ભારતી એક્સા લાઈફ ઈન્શ્યોરન્સે ૨૦૧૬-૧૭માં ૧૨૦ કરોડ રુ.ના નુક્શાન પછી નાણાંકીય વર્ષ ૨૦૧૭-૧૮માં ૫ કરોડનો પહેલો લાભ નોંધાયો.ભારતી એક્સા લાઈફ ઈન્શ્યોરન્સે ૩૧ માર્ચ, ૨૦૧૮ના રોજ પૂરા થયેલ નાણાંકીય વર્ષમાં ૫૦ નવી શાખાઓની સાથે પોતાના વિતરણ નેટવર્ક ભારતમાં ૧૮૭ ઓફિસો સુધી વિસ્તૃત કરી લીધા છે.૨૦૧૭-૧૮ દરમિયાન કંપનીએ પોતાના સલાહકારોની સંખ્યા ૧૦૦૦૦ સુધી વધારી છે અને ભારતમાં પોતાના વિતરણ નેટવર્કના વિસ્તાર માટે ૧૦૦૦થી વધારે સેલ્સ મેનેજર નિયુક્ત કર્યાં છે.

## ધરતી ઉપરના લુપ્ત થઈ ગયેલા પ્રાણીઓ અને પક્ષીઓ

સંખ્યાબંધ પ્રાણી-પક્ષીઓ એવા છે જે આજે દુનિયામાં વર્ષો પહેલા મોટી સંખ્યામાં જોવા મળતા હતાં, પણ સમયાંતરે આ જીવ પૃથ્વી ઉપરથી લુપ્ત થઇ ગયા છે. એવા અમુક પ્રાણીઓ અને પક્ષીઓ વિશે આજે આપણે વાત કરીશું જે વર્ષો પહેલા આ પૃથ્વી ઉપર જોવા મળતા હતાં પણ હવે આ વાત ભૂતકાળ બની ગઇ છે

વર્ષો પહેલાં દુનિયાના વિજ્ઞાાનીઓ સંખ્યાબંધ જીવ-જંતુઓનો હંમેશ માટે નાશ થાય તે માટે પ્રયત્નો કરતા હતાં, જેમ કે મચ્છર, માંકડ એવા અનેક જીવાણુનું પૃથ્વી ઉપર નામોનિશાન ન રહે તે માટે સક્રિય હતા. વિજ્ઞાાનીઓ અમુક સમય બાદ આ પ્રયત્નો છોડી દીધા હતા, જાણ્યે-અજાણ્યે અનેક જીવ નષ્ટ થઇ ગયા છે. સંખ્યાબંધ પ્રાણી પક્ષીઓ એવા છે જે આ દુનિયામાં વર્ષો પહેલાં મોટી સંખ્યામાં જોવા મળતા હતા, પણ સમયાંતરે આ જીવ પૃથ્વી ઉપરથી લુપ્ત થઇ ગયા છે, એવા અમુક પ્રાણી અને પક્ષીઓ વિશે આજે આપણે વાત કરીશું જે વર્ષો પહેલાં આ પૃથ્વી ઉપર જોવા મળતા હતા, પણ હવે આ વાત ભુતકાળની બની ગઇ છે.

વૂલી મેમથ સસ્તનધારી આ પ્રાણી દેખાવે હાથી જેવું લાગતું, પણ તેને જોતાં જ ભય લાગી જાય તેવું હતું, વૂલીનું આખું શરીર વાળથી ઢંકાયેલું રહેતું જ્યારે તેને હાથીની જેમ જ મોટા, લાંબા અને તીક્ષ્ણ બે દાંત હતા, અત્યારના હાથીના દાંત એવા તીક્ષ્ણ અને લાંબા નથી હોતા, વૂલી આ દાંત વડે પોતાના દુશ્મનોને માત આપતા, તે મુખ્યત્વે આફ્રિકાનું પ્રાણી છે, આફ્રિકામાં તે ચાર લાખ વર્ષો પહેલાં જોવા મળતા હતા. તેની ઊંચાઇ ૮.૨ ફૂટથી લઇને ૧૦ ફૂટ સુધીની રહેતી, જ્યારે વજન ૬ ટનથી ૯ સુધીનું રહેતું. વૂલીના નવજાત બાળકોનું વજન જ ૯૦ કિલોગ્રામ રહેતું. વૂલી આફ્રિકા સિવાય નોર્થ અમેરિકામાં પણ જોવા મળતા. તેમની પ્રજાતિ આજથી દસ હજાર વર્ષ પહેલાં નાશ પામી હોવાનું મનાય છે. આ પાછળના કારણમાં ધરતીના વાતવરણનો બદલાવ માનવામાં આવે છે. તસમાનિયન ટાઇગર તસમાનિયન ટાઇગર મુખ્યત્વે વરુની જ એક જાત છે, પણ તેના શરીરે વાઘ જેવા પટ્ટા હોવાના કારણે તેનું નામ તસમાનિયન ટાઇગર પાડવામાં આવ્યું હતું. આ આધુનિક વિશ્વનું માંસાહારી પ્રાણી હતું, જેની જાતિ ૧૮ અને ૧૯મી સદીમાં પણ જોવા મળી છે. અલબત્ત તસમાનિયન થાયલેસીન જાતિનું સૌથી છેલ્લું પ્રાણી હતું, કારણ કે બાકીની જાતિ તો ૬૦ લાખ વર્ષો પહેલાં જ નાશ પામી હતી. ૧૮મી સદીમાં તસમાનિયાના દ્વીપ ઉપર આ પ્રાણી વસવાટ કરતું હતું, પણ તે જગ્યાએ યુરોપિયન પ્રજા રહેવા આવી ત્યારથી આ જાતિનો શિકાર થવા લાગ્યો. તસમાનિયનના શિકાર ઉપર સરકારી ઇનામ મૂકવામાં આવ્યા અને આમ ધીરે ધીરે માણસોના કારણે તસમાનિયન જાતિ વિલુપ્ત થવા લાગી છેલ્લે ૧૯૩૬માં હોબાર્ટના એક પક્ષી ઘરમાં એકમાત્ર તસમાનિયન ટાઇગર બચ્યું હતું. તેના મૃત્યુ સાથે આ જાતિ લુપ્ત થઇ ગઇ. મોઆ મોઆએ પક્ષી જાતિનું સૌથી મોટું પક્ષી હતું, અલબત્ત મોઆ પક્ષી હોવા છતાં ઊડી નહોતું શકતું. મોઆ દેખાવે શાહમૃગ જેવું લાગતું પક્ષી હતું, તે મુખ્યત્વે ન્યુઝિલેન્ડનું પક્ષી કહેવાતું હતું, ઠંડા વિસ્તારના કારણે તેનું શરીર પીછાથી ભરપૂર હતું, તેની હાઇટ ૧૨ ફૂટ જેટલી રહેતી તેથી તે આ દુનિયાનું એકમાત્ર મહાકાય પક્ષી ગણાતું. જ્યારે તેનું વજન ૨૨૬ કિલોગ્રામ રહેતું. મોઆની હયાતી આ ધરતી ઉપર ૧૪૦૦ વર્ષ પહેલાની ગણવામાં આવે છે. આ પક્ષીનો અંત પણ વાતાવરણના ફેરફાર અને માનવીના શિકારના કારણે આવ્યો છે. માનવામાં આવે છે કે ૧૪૦૦ વર્ષ પહેલાં માઓ જાતિનો નાશ થઇ ગયો હતો. ગ્રેટ ઓક મૂળ પક્ષી, પણ ઊડી ન શકતું અને પાણીમાં તરતું એવું ગ્રેટ ઓક સૌથી ઝડપી તરતું પક્ષી કહેવાતું હતું. તે મુખ્યત્વે નોર્થ એટલાન્ટિકા અને સ્પેનમાં વસતું પક્ષી હતું. તે ૭૫થી ૮૫ સેમી ઊંચાઇ ધરાવતું અને પાંચ કિલો વજન ધરાવતું હતું. ગ્રેટ ઓકનો દેખાવ પેંગ્વીન જેવો હતો, પણ તેની મોટી આંખો અને શાંત પણ ગૂઢ સ્વભાવના કારણે તે સમયે ઘણા લોકોને તે દાનવીય શક્તિ ધરાવતું ડરામણું પક્ષી લાગતું હતું. ગ્રેટ ઓકમાં તરવાની ક્ષમતા વધારે હોવાથી તે પાણીમાં ફરતા તેના શિકારને ખૂબ જ આસાનીથી શોધી અને પકડી પાડતું હતું. માનવામાં આવે છે કે ૧૮૩૫ની આસપાસ આ પક્ષીની તમામ જાતને મારી નાંખવામાં આવી હતી કારણ કે તે સમયે થયેલા તોફાન પાછળનું મૂળ કારણ ત્યાંની પ્રજા આ પક્ષીને માનતી હતી, ત્યાંની પ્રજાનું માનવું હતું કે આ પક્ષીની અંદર દાનવીય શક્તિ રહેલી છે અને તે ધરતી ઉપર કાળો જાદુ કરે છે. ડાયનાસોર કરોડો વર્ષો પહેલાં પૃથ્વી ઉપર ડાયનાસોરનું અસ્તિત્વ હતું, છતાં આપણને ડાયનાસોર જાણે અત્યારનું જ પ્રાણી હોય તેવું લાગ્યા કરે તેનું કારણ ડાયનાસોર ઉપર બનેલી અઢળક ફિલ્મો અને તેના વિશેની માહિતી છે. વર્ષો પહેલાં નાશ પામેલા આ જીવના અનેક અવશેષો આપણને અલગ-અલગ જગ્યાએથી મળી આવ્યા છે. અને તે મુજબ વૈજ્ઞાાનિકોએ ડાયનાસોરની આખી રચના પણ તૈયાર કરી છે. જીવજગતનું આ કદાવર પ્રાણી જો અત્યારના સમયે હયાત હોત તો કદાચ આ દુનિયા જ અલગ હોત. ડાયનાસોર મુખ્યત્વે લેટિન શબ્દ છે, જેનો અર્થ યુનાની ભાષામાં મોટી ગરોળી એવો થાય છે. ડાયનાસોરનું અસ્તિત્વ આ ધરતી ઉપર ૨૩ કરોડ વર્ષ પહેલાં હતું. જ્યારે અંતનો સમય સાડા છ કરોડ વર્ષ પહેલાનો છે. અત્યાર સુધીમાં વૈજ્ઞાાનિકો દ્વારા તેના ૫૦૦ વંશજ અને ૧૦૦૦થી પણ વધારે પ્રજાતિઓની ઓળખ થઇ ચૂકી છે, જ્યારે આનાથી પણ વધારે પ્રજાતિઓ તે સમયે પૃથ્વી ઉપર હયાત હતી તેવું વૈજ્ઞાાનિકો માની રહ્યા છે. ડાયનાસોરની અલગ-અલગ જાતિમાં કેટલાક બે પગ વાળા તો કેટલાક ચાર પગ વાળા હતા, ઘણા બે પગીયા ડાયનાસોર જરૂરિયાત મુજબ પોતે ચાર પગે ચાલી શકતા હતા. ઘણા શાકાહારી અને શાંત સ્વભાવના તો અમુક શિકારી વૃત્તિ ધરાવતા માંસાહારી હતા. ડાયનાસોરના મળેલા કંકાલ ઉપરથી ઘણા ડાયનાસોર માથે કલગી ધરાવતા તો ઘણાને માથે શિંગડા હતા એવું પણ માનવામાં આવે છે. મુખ્યત્વે આ પ્રાણી તેના મહાકાય કદ માટે જાણીતું હતું, પણ તેની અમુક જાતિ માનવ જેટલી ઊંચાઇ અથવા તેનાથી નીચી પણ જોવા મળતી હતી.ભારતમાં પણ ડાયનાસોરના અંશો મળી આવ્યા છે. આપણા વૈજ્ઞાાનિકોએ તેની ખોજ કરી છે, વૈજ્ઞાાનિકોનું માનવું છે કે ૭ કરોડ વર્ષો પહેલાં નર્મદા તટે તેમનો વસવાટ હશે. વૈજ્ઞાાનિકોનું માનવું છે કે મહાકાય ઉલ્કા પૃથ્વી ઉપર પડવાથી ડાયનાસોરની જાતિનો વિનાશ થઇ ગયો હતો.

પાલવના પડછાયા
નારી જગત માટે ઉપયોગી અને સમૃદ્ધ, માર્ગદર્શક માહિતી...



## ગરમીમાં તાજગી આપતુ તરબૂચનું શરબત

સામગ્રી - ૫ ગલાસ શરબત બનાવવા માટે : - તરબૂચ ૨ થી ૨.૫ કિગ્રા., લીબુ-૧, બરફ ના ક્યુબ્સ ૧ કપ

બનાવવાની રીત - તરબૂચનું શરબત બનાવવા માટે સૌ પહેલાં તરબૂચ ધોઈને કાપી લો અને પછી તેના લીલા ભાગને કાપી નાખો. લાલ ભાગના નાના નાના ટુકડા કરી મિકસરમાં ફેરવી લો થોડા સમય પછી તરબૂચનો ગુદો અને રસ મિક્સ થઈ જાય ત્યારે તેને ગરણીથી ગાળી લો.

આ રસ માં લીબુ નિચોડી સારી રીતે મિકસ કરો અને ગ્લાસમાં નાખી જોઈએ એટલો બરફ નાખી દો એના ઉપર તમે ઈચ્છા અનુસાર ફૂદીનાના એક બે પાંદડાંથી સજાવી પણ શકો છો. આ શરબતમાં તમે ખાંડ પણ નાખી શકો છો. પણ ખાંડ નાખવાથી આ જ્યુસનો નેચરલ સ્વાદ નહી માણી શકો.



# આજે પણ કંપનીમાં મહિલા અસુરક્ષિત..!! બદલાતા સમયની નાદુરસ્ત પ્રણાલી

**નારી ચેતના**

મહિલાઓ માટે દેશના માર્ગો જો સલામત ન હોય તો ઑફિસોની વાત જ શું કરવી? વક્તા તો એ છે કે મહિલાઓની જાતીય સતામણીની બાબતમાં ઑફિસોને સૌથી 'સલામત' જગ્યા માનવામાં આવે છે! જે આપણા કાયદાના રખેવાળો અને સમાજની કમનસીબી છે. ઑફિસ કે નોકરી-ધંધાના અન્ય સ્થળોએ મહિલાઓ હજીય પોતાને સુરક્ષિત સમજતી નથી તે બદલાતા સમયની તંદુરસ્ત પ્રણાલિ નથી.

સરકારે સેક્સ્યુઅલ હૅરેસમેન્ટ ઑફ વિમેન ઍટ વર્ક પ્લેસ (પ્રિવેન્શન, પ્રોહિબિશન ઍન્ડ રિડ્રેસલ ઍક્ટ ૨૦૧૩) ઘડ્યો ત્યાર પછી પણ મહિલાઓની જાતીય સતામણી, માનસિક ત્રાસ, અભદ્ર ભાષાપ્રયોગ અણછાજતા સ્પર્શ જેવી ઘટનાઓમાં ઘટાડો નહીં, પણ ઉત્તરોત્તર વધારો થઈ રહ્યો છે.

મોટાભાગના કિસ્સાઓ મહિલાઓ ફરિયાદ કરવાનું ટાળતી હોવાનું કારણ સ્પષ્ટ છે. તેમની આર્થિક જરૂરિયાત. ઘણી વાર મહિલાઓ ત્રાસી જઈને નોકરી બદલી નાખવાનું પસંદ કરતી હોય છે, પરંતુ ફરિયાદ કરીને વાત આગળ વધારવા માગતી નથી.

મહિલાઓની સલામતી સુરક્ષા માટે કડક કાયદો ઘડાયો હોવા છતાં કંપનીઓ કે મલ્ટિનેશનલ કંપનીઓ એને ઘોળીને પી ગઈ હોય એવા પણ આંકડાઓ છે. આ બાબત વધુ ભયાનક છે. વાડ ખુદ ચીભડાં ગળે એવું થયું. કંપનીઓએ મહિલાઓની જાતીય સતામણી ન થાય એવું વાતાવરણ સર્જવું એ એમની નૈતિક ફરજ છે.

વર્તમાન પરિસ્થિતિ જોતા કદાચ બ્રિટિશ એવેનિંગ એલુમની ઈન્ડિયાના ગુજરાત ચેપ્ટરે કંપનીઓને આ મુદ્દે સંવેદનશીલ કરવા તેમ જ કર્મચારીઓમાં જાગૃતિ લાવવાના પ્રયાસમાં સેક્સ્યુઅલ ઍબ્યુઝ ફ્રી એન્વાયર્નમેન્ટ 'સેફ' સર્ટિફિકેશન પ્રોગ્રામ શરૂ કર્યો છે. ગુજરાતમાં મંડાયેલું આ પગલું આવકાર્ય છે.

કંપનીઓની મહિલાઓની સુરક્ષા બાબતમાં પ્રતિષ્ઠા સારી-સ્વચ્છ હશે તો વધુને વધુ મહિલાઓમાં નોકરીઓ કરવાનો વિશ્વાસ વધશે, તેમની પ્રગતિ થશે અને સમાજ વ્યવસ્થા વધુ મજબૂત બનશે અને કંપનીઓ પણ પ્રતિભાશાળી મહિલાઓને આકર્ષી શકશે.

દસથી વધુ કર્મચારીઓ ધરાવતી કંપની 'સેફ' સર્ટિફિકેશન માટે તેનું નામ રજિસ્ટર કરાવી શકે છે. જોકે કાયદા હેઠળ કંપનીએ કેટલી શરતોનું પાલન કરવું આવશ્યક છે.

સમાજની જાણીતી-પ્રતિષ્ઠિત હસ્તીઓનો સમાવેશ કરતી 'સેફ' કમિટી કંપનીઓની અરજીઓની ચકાસણી કરશે, ઈન્ટરવ્યૂ લેશે, કંપનીઓની ઓચિંતી મુલાકાત લઈને માહોલ જોશે અને ત્યાર બાદ સર્ટિફિકેટ ઈશ્યુ કરશે. હાલ ગુજરાતમાં શરૂ થયેલા આ પ્રોગ્રામને સમયાંતરે દેશના અન્ય શહેરોમાં પણ લઈ જવાનું પગલું પણ ઉત્તમ રહેશે, કેમ કે એનો ઉદ્દેશ જાગૃતિ લાવવાનો છે અને જાગૃતિ જેટલી ઝડપથી આવે એટલી સમાજના ઉજ્જવળ ભાવિની સંભાવના વધુ.

ગુજરાતમાં પણ કંપનીઓની આબરૂ બહુ સારી નથી. મોટા ભાગની કંપનીઓ કાયદાને સુસંગત રહીને કામ કરતી નથી અને ઈન્ટરનલ કમ્પ્લેઈન્ટ્સ કમિટી સ્થાપવાનું ટાળે છે. ગુજરાતમાં છેલ્લાં એક વર્ષમાં જાતીય સતામણીઓની ટકાવારીમાં ૫૯ ટકાનો વધારો નોંધાયો છે.

અનુસંધાન પાના નં.૬ ઉપર

# લેટનાઇટ પાર્ટી કલ્ચર અને ઇન્ડિયન પરિવાર

**બાળ ઉછેર**

છાપાઓમાં વારંવાર એવા સમાચારો આવે છે કે લેટ નાઈટથી પાછા ફરેલા યુવકનું રોડ અકસ્માતમાં મોત થયું અથવા નશામાં ફૂટપાથ પર સૂતેલા લોકો પર ગાડી ચઢાવી દીધી. મારપીટ, અપહરણ, બળાત્કાર કે હત્યાના ઘણા કેસોના મૂળ આવી લેટ નાઈટ પાર્ટીઓમાં જ હોય છે

લેટ નાઈટ પાર્ટીઓ અને મસ્તી યુવાનોનોને ખૂબ ગમે છે. જેમ જેમ રાત વધુ થાય છે તેમ તેમ યુવા વર્ગ વધુ ને વધુ ખીલે છે. તેઓ તેમના મમ્મી-પપ્પાને ખરાબ લાગે છે કે સારૃ તે નથી વિચારતા પરંતુ યુવાનો તો આ શોખને વળગી જ રહે છે. સવાલ એ છે કે આવી યુવા પેઢી સાથે માતા-પિતા કેવી રીતે તાલમેલ બેસાડે, કેમ કે આવી પરિસ્થિતિમાં તેમને રોકવા તે પણ મુશ્કેલી પેદા કરી શકે તેમ છે. તેઓ તેમના સંતાનોને કંઇ કહેવા જાય તો સંતાનો તેમને જૂના જમાનાના શું કરવું તે જ માતા-પિતાને ખબર નથી પડતી.

છાપાઓમાં વારંવાર એવા સમાચારો આવે છે કે લેટ નાઈટથી પાછા ફરેલા યુવકનું રોડ અકસ્માત થયો અથવા નશામાં ફૂટપાથ પર સૂતેલ લોકો પર ગાડી ચઢાવી દીધી. આવા સમાચારો આપણે ખૂબ વાંચતા હોય છે. મારપીટ, અપહરણ, બળાત્કાર કે હત્યાના ઘણા કેસોના મૂળમાં આવી લેટ નાઈટ પાર્ટીઓ થતી જ રહે છે આના ઘણા કારણો છે. મનો વૈજ્ઞાનિકો મુજબ રાતનું મનોવિજ્ઞાન સ્વભાવિક મિત્રવર્તુળ વગેરે કોઇનું પણ ટેન્શન તે સમયે નથી હોતું રાત પૂરી રીતે પતાવવી હોય છે, ફુલ મસ્તીનું વાતાવરણ હોય છે તેથી યુવાવર્ગને રાત ગમે છે. દિવસમાં કોઇ અને કોઇ પ્રકારનું કામ કે જવાબદારી મગજમાં સવાર રહે છે. જો વિદ્યાર્થી હોય તો ભણવાની તલવાર લટકતી હોય છે. નોકરીકર્તા હોય તો બોસનું ટેન્શન, જયારે રાત આ પ્રકારના તનાવથી મુક્ત હોય છે તેથી યુવા વર્ગ આને મન ભરી માણી શકે છે. રાત્રે રસ્તાઓ પર ભીડ નથી હોતી. અને ચારે તરફ સૂમસાન હોય છે, તેથી યુવાનોને રાત ગમે છે.

પરંતુ માતા-પિતાને જેમ જેમ રાત વધે તેમ તેમ ચિંતા વધતી હોય છે. આજ કારણે જ ફકત એવા ઘરોમાં નહી જયાં બાળકો રાત્રે ફરી નથી શકતાં પરંતુ એવા ઘરોમાં પણ તનાવ હોય છે જયાં આ પ્રકારની રાત્રે ફરવાની આઝાદી આપવામાં આવે છે. આનું સૌથી મોટું કારણ એ છે કે માતા-પિતા પોતાના બાળકોની આઝાદીને લઈને હંમેશા અસમંજસની પરિસ્થિતિમાં રહે છે. તે દુનિયાની પ્રગતિ જોઇને બાળકોને આઝાદી પણ આપવા માંગે છે તો બીજી તરફ તેઓ અસુરક્ષિતાના માહોલને કારણે બાળકને આઝાદી નથી આપવા માંગતો પરિણામ એ આવે છે કે તેઓ પોતે પણ કન્ફયુઝ થઇ જાય છે. જો પોતાના સંતાનનો આવવાનો ટાઈમ રાતના અગિયાર કે બાર વાગ્યા સુધીનો છે તો તેઓ બહુ ખાસ ચિંતા નથી કરતાં પરંતુ જો તેઓ રાત્રે ત્રણ કે ચાર વાગે આવે તો ગુસ્સાથી લાલચોળ થઇ જાય છે. વાસ્તવમાં માતા-પિતાના આવા વર્તનથી બાળકો પણ કન્ફયુઝ થઇ જતાં હોય છે. તેઓને પણ એ ખબર નથી પડતી કે માતા-પિતા તેમને આઝાદી આપવા માંગે છે કે નહીં આ દુવિધા બંન્નેને તનાવ-ગ્રસ્ત કરે છે. કાઉન્સીલર રૂપાનું માનવું છે કે બાળકોને રાત્રે બહાર નીકળવાની અનુમતી આપવી જોઇએ કે ન આપવી

અનુસંધાન પાના નં.૬ ઉપર

## રસથાળ

### કાચી કેરીનું શાક

સામગ્રી - કેરી-૨૫૦ ગ્રામ, ખાંડ કે ગોળ ૨૦૦ ૧૦૦ ગ્રામ, જીરુ, આખા ધાણા, મરચુ એક ચમચી, મીઠુ સ્વાદ મુજબ.

બનાવવાની રીત - સૌ પ્રથમ કેરીને છોલીને તેના લાંબા ટુકડા કરો, હવે કઢાઈમાં તેલ ગરમ કરી તેમાં જીરુ અને આખા ધાણાને અધકચરા વાટીને નાખો, ચપટી હળદર, મરચુ નાખીને તરત જ સમારેલી કેરી નાખી દો. કેરીના શાકમાં મીઠુ નાખી હલાવો, તેમાં ખાંડ કે ગોળ નાખી અડધો ગ્લાસ પાણી નાખીને ૧૫-૨૦ મિનિટ સુધી સીઝવા દો. કેરી બફાય જાય અને ખાંડ સારી રીતે ઓગળી જાય ત્યારે શાક ઉતારી લો. આ શાક બે ઢેબરા કે પુરી સાથે સર્વ કરો.

(ગળપણ કેરીની ખટાઈ પ્રમાણે નાખવુ)

### દુધીના ઢેબરા

સામગ્રીઃ ૭૫૦ ગ્રામ બાજરીનો લોટ, ૩ વાટકી દુધીનું છીણ, ૩ લીલા મરચા, ૧/૨ વાટકી કોથમીર, ૩ ચમચા તલ, ૨ ચમચી લાલ મરચું, ૨ ચમચી હળદર, ૩ ચમચી ધાણાજીરું, મીઠું, ૨ વાટકી ખાટી છાસ,, ૩ ચમચી લસણ, લાલ મરચા પાઉડરની પેસ્ટ, તેલ

રીતઃ સૌ પ્રથમ એક બાઉલમાં એક વાટકી છાસ લઇ તેમાં લસણની પેસ્ટ મિક્ષ કરવી. હવે એક મોટા વાસણમાં લોટ લઇ તેમાં તેલ અને છાસ સિવાયની બધી સામગ્રી ઉમેરવી. તેમાં છાસમાં મિક્ષ કરેલ લસણ મરચું ઉમેરવું અને બીજી છાસ હળવે હળવે ઉમેરતા જવું અને મિક્ષ કરતા જવું. લોટ સોફ્ટ રાખવાનો. હવે તેલ ગરમ કરવા મૂકી હાથ તેલ વાળો કરી નાના નાના ઢેબરા થેપી લેવા. મીડીયમ તાપે ગોલ્ડન તળી લેવા. અથવા તેને ભાખરીની જેમ વણીને તવા પર સેકી લો ચા, દહીની ચટણી અથવા સોસ જોડે સારા લાગે છે. તૈયાર છે દુધીના ઢેબરા.

### મેથીના ગોટા

સામગ્રી- ૫૦૦ ગ્રામ મેથીની ભાજી, ૨૫૦ ગ્રામ ચણાનો લોટ, આદુ , ૫૦ ગ્રામ ઘઉંનો દરદરો લોટ, સ્વાદપ્રમાણે મીઠું, ૫-૭ લીલા મરચા મરચું,૧/૨ચમચી હળદર,૧/૨ચમચી ધાણાં, અડધી વાટકી દહી, તેલ તળવા માટે.

રીત - મેથીની ભાજીને સાફ કરી સમારી પાણીથી ત્રણ-ચાર વખત ધોઈને બધું પાણી કાઢી લો. ચણાના લોટમાં ઘઉંનો કરકરો લોટ નાંખી એક ચમચો તેલ નાંખો. મેથીની ભાજી, આદુ મરચાં વાટીને નાંખો, ધાણાં, મીઠું, મરચું, હળદર, દહી નાંખી ખીરૂ તૈયાર કરો. એક કડાહીમાં તેલ ગરમ કરો . એક ચમચી ગરમ તેલ ખીરામાં નાંખી હલાવી ગોળ ગોટા તળો. ગરમ ગરમ ગોટા લીલી ચટણી સાથે સર્વ કરો. ઘણાં જ સ્વાદિષ્ટ લાગે છે.

# મારી ધારીણી ધારા...

**આગ ભીતર ભીતરની** — રેણુ વિષ્ણુકુમાર બારોટ

મારી પુત્રી ધારિણીના ક્લીનીકનું ઉદ્‌ઘાટન હતું. સવારે સાડા આઠનો સમય રાખ્યો હતો. પૂજા કરનારા પુજારી તથા અન્ય માણસોને એ અંગે ધારિણી એ સૂચનાઓ આપી દીધી હતી. એણે કહ્યું હતું એ બધાને કે ક્યાંય કશી કચાશ મારે ન જોઈએ. આખરે મારા ડોક્ટર મિત્રો આવવાના છે. શક્ય છે એમના પરિવાર સાથે હોય. ધારિણીના આદેશની સામે સૌએ જી કહીને માથું નમાવ્યું હતું. સામે વળી કહ્યું હતું... 'સાહેબા જી... થઈ જશે... તમો કોઈ વાતની ચિંતા કરશો નહી. આપના આગમન પૂર્વે બધું ગોઠવાઈ જશે. એ બધી જવાબદારી અમારી. આખરે અમે આપના ત્યાં નોકરી કરીએ છીએ...' ધારિણીએ એ દિવસો સૌને આદેશો કર્યા ત્યારે હું એની પાસે ઊભી હતી. મારું હૈયું જાણે કહેતું હતું આ છોકરી તો જો ડોક્ટર થઈ ગઈ એટલે કેવો કડબ ધરાવે છે... જાણે સૌને હથેળી પર રાખે છે... હું વિચારોમાં હતી. ત્યારે મને ય થયું કે લાવ હું પણ પૂછું કે... મારા લાયક કોઈ આદેશ હોય તો કહે...

અને મેં કહ્યું 'ધારા'... ભલે એનું નામ ધારિણી હતું. પણ છેક નાનપણથી જ હું એને ધારા કહેતી.

'બોલ મા...'

મારી ધારિણી ભણી ગણીને ડોક્ટર જેવું ઉચ્ચ સ્થાન મેળવી ચુકી હતી. તોય મને જયારે બોલાવતી ત્યારે 'મા' કહેતી. મેં એને ઘણીવાર એ બાબતો ટપારી હતી... 'તું ભણેલી ગણેલી ડોક્ટર બનવાના રહે જી રહી છે અને મને 'મા' કહીને દેશી જેવી નથી લગતી?'

મારો સવાલ સાંભળી સીધી જ મને ગળે વળગીને સામે સવાલ કરતી 'તું મારી મા નથી... બોલ...'

મારી આંખે ઝળઝળિયાં આવી જતા. દીવાલ પરના સુખડના હારવાળા કાચમાં મઢાયેલા મારા અકસ્માતમાં અકાળ મોતની ચાદર તાણીને સુઈ ગયેલા પતિ ભણી એક નજર જતી. મનપ્રદેશની ભૂમિમાંથી કંપન આવતું તમારી-મારી ધારા ડોક્ટર બનશે પણ તમે નહિ હોવ...

ધારિણી ડોક્ટર બની ચુકી હતી એના ક્લીનીકનું...

'મા કેટલી વાર' એણે સવારના સાડા સાત વાગે મને પૂછ્યું — જોકે એ તૈયાર હતી.

'બસ સાડી પહેરું એટલી વાર'

'ઝટ કર'

'હા'

'મા આજે રડતું મોં રાખવાનું નથી. મને ખબર છે તું ખુબ રડી છે પણ હવે નહી... એક આંસુ પણ નહી...'

'જી'

મેં ફટાફટ સાડી બદલી દીધી. માથામાં રહેલા થોડાક વાળ બાંધી દીધા. સ્લીપર પહેરવા ગઈ. ધારિણી એ રોકી. નવા ચંપલ પહેરવા જણાવ્યું. આંગળીથી ઈશારો કર્યો અને બાદમાં ગાડીમાં બેસી ગયા અને જોતજોતામાં ગાડી સોસાયટીના મુખ્ય દરવાજા પરના ટ્રાફિકના ટ્રેકમાં આવી ગઈ.

દોડતી ગાડી દરમિયાન મારી નજર ડ્રાઈવિંગ કરી રહેલી ધારિણી તરફ જતી હતી. એના રૂપાળા હાથ... બ્લેક બેલ્ટ વળી ઘડિયાળ રંગેલા નખ... મોંઘી સાડી... એમાંથી છુટતી ખુશ્બુ... કોરા વાળની વિખરાઈ જતી લટો... આંખે ચડાવેલા રંગીન ચશ્મા...

ધારિણીને જોઈ રહી હતી. આ એજ મારી ધારા હતી જેના માટે મે... છેક મારા ઊંડાસ્તરમાં ડૂબેલા ડુસકાને બહાર કાઢવા ગઈ પણ... ધારિણીએ મારી સામે જોયું. મેં આછું સ્મિત આપ્યું.

'યસ માં...' અડધુ અંગ્રેજી અને અડધુ દેશી ગુજરાતી 'આવુ હસી જઈશ તો જ મને ગમશે સમજી.'

'જી'

ગાડી સડસડાટ દોડતી હતી. મન કહેતું હતું ' જો તમે અકાળ મોતની પછેડીને ઓઢી ગયા ન હોત તો આજે આપણે બેય પાછળની સીટે બેઠા હોત... કદાચ ધારિણીએ તમોને પાસે ને મને પાછળ બેસાડી હોત.

ગાડી ચાર રસ્તે ગાડી વળી.

કોર્પોરેશન, બેંક, ઝૂ, ચર્ચ... બસ ટર્મિનલ કોંગ્રેસ હાઉસ... વિનાયક મંદિર બધું ફટાફટ પસાર થવા લાગ્યું. ગાડી બરાબર દોડતી હતી... પછીની કેટલીક મીનીટમાં અમે કલીનીક સામે આવી ઊભા. ધારિણીએ એક તરફ ગાડી પાર્ક કરી. 'ચલ મા.'

અમે કલીનીકમાં આવ્યા. પુજાવિધિનો પ્રારંભ થયો. મહારાજ શ્લોકો બોલતા હતા.

અનુસંધાન પાના નં.૬ ઉપર

## લોકોમાં સુધારો આવ્યો છે, શિક્ષણ વધ્યું છે પણ કંઈક ખૂટે છે તે શું છે ?

**શબ્દ સમીપે - નટવર હેડાઉ**

સંસ્કાર ઘડતરની વાત આવે ત્યારે ગ્રામ્ય વિસ્તારમાં વસતાં અને કૃષિ વ્યવસાય કરતા એવા અદના માનવીઓમાં પડેલ માનવતાની જે સંસ્કાર મૂકી છે તે કઈ રીતે બહાર આવે છે તેનું ઉત્તમ ઉદાહરણ જોવું હોય તો તેમના જીવન પ્રસંગો અને ઘટનાઓ ડોકીયું કરી જોવું જોઈએ. ખુબ જ મહેનતુ અને પરિશ્રમી એવા લોકોમાં પડેત માટીની મહેંકની પામવા માટે તેમની નજીક જવું પડે અને તેમને પોતાના સંસ્કારોની આ મુડી સમાજ સમક્ષ પ્રસ્તુત કરવા ઉશ્કેરવા પડે.

આવું કામ ક્યારેક અનાયાસે થઈ જાય ત્યારે તેનાં જે સુંદર પરિમઆમો આપણી સમક્ષ પ્રસ્તુત થાય છે ત્યારે અહોભાવ પ્રગટ થયા વિના રહેતા નથી અને તે આલેખનાર ખુદ કહે છે કે આમાં જ જીવનનું નર્યું નિદાન છે. ગામડાના ખેડૂતો આવા નિદાનમાં ભારે માહેર હતા કાર્લ માર્કસ જેની વાત કરે છે તે તો આપણા જીવનમાં જ હતી. આજે લોકોમાં સુધારો આવ્યો છે. શિક્ષણ વધ્યું છે પણ કંઈક ખૂટે છે. તેની શંકા લેખકને છે. તે શું છે ?

આ ખૂટતી કડીને જોડી આપવાનું કામ લેખકે જીવનના પ્રસંગોને રેખા ચિત્રો રૂપે આલેખીને કર્યું છે તેવા એક સુંદર મજાના નાનકડાં, રૂપકડાં પુસ્તકની વાત આજે મારે તમને કરવી છે.

'આગેન' શિર્ષક વાળા પુસ્તકમાંથી પસાર થતાં કુલ-૧૩ જેટલાં સુંદર રેખાચિત્રો આપણને મળે છે. જે દરેક પ્રસંગોને લેખકે પોતાની આગવી શૈલીથી જીવંત બનાવ્યા-જે પ્રયત્ન કર્યો છે. તેમાં તે સફળ રહ્યા છે અને તેને વાંચનાર વાચકને લાગ્યા વિના રહેતું નથી. રેખા ચિત્રોમાં દરિદ્ર, ચોંઘાસી, દીકરી, કમુ, પ્રાયશ્ચિત, તર્પણ, સળગી ગયેલા સંબંધો મારૂ દેહદાન, પાપી,વમળ, પ્રેમ અને જન્મ દિવસ જેવાં શિર્ષકો આપણને મળે છે.

આ પુસ્તકની પ્રસ્તાવનામાં નર્યું નીતર્યું ગંગાજળ' કહીને રેખાચિત્રોની ઓળખ આપનાર આપણા વરિષ્ઠ સાહિત્યકાર ડૉ.કેશુભાઈ દેસાઈ માંગલિક ચિત્રોની મહેફિલ સજાવી બેઠેલા લેખક માટે ખાસ નોંધે છે કે "કોઈ કલ્પનાના ઘોડા દોડાવ્યા વિના જાત અનુભવથી વાતો જ લેખકે અહીં કંડારી છે. નિરાંતે ગોઠડી માંડીને એમની જિંદગીના અણમોલ અનુભવોથી લહાણી કરી છે. અહીં નાના માણસમાં છુપાયેલી મોટાઈની વાતો છે.

અનુસંધાન પાના નં.૬ પર

# દરેક આઉટફિટ સાથે પરફેક્ટ મેચિંગ

**નારી**

ફ્યુઝન જ્વેલરી માનુનીઓની બહુમુર્ખી પ્રતિભાનું પ્રતિબિંબ પાડવાની સાથે એને પ્રભાવશાળી લૂક આપે છે. બ્રાઇડલ જ્વેલરીની ડિઝાઇનમાં પણ આજકાલ ફ્યુઝન જ્વેલરી ઝડપથી લોકપ્રિય થતી જણાઇ છે

પરંપરાગત શૈલીમાં આધુનિકતાના સંગમની ફ્યુઝન જ્વેલરી યુનિક લૂક આપવાની સાથે તે પાશ્ચાત્ય અને ભારતીય એમ બન્ને પરિધાનો સાથે સુંદર લાગે છે. આજે માનુનીઓ એક સાથે અનેક કામોમાં સક્રિય રહે છે. ઘર સંભાળવાની સાથે સાથે તે ઓફિસની જવાબદારીઓનું પણ સરળતાથી વહન કરે છે. આ પ્રકારની મહિલાઓ જ્વેલરી પણ અનોખી ડિઝાઈનની અને આકર્ષક પસંદ કરે છે. જેથી એની બહુમુર્ખી પ્રતિભા વધુ નીખરી ઉઠે. ફ્યુઝન જ્વેલરી માનુનીઓની બહુમુર્ખી પ્રતિભાનું પ્રતિબિંબ પાડવાની સાથે એને પ્રભાવશાળી લૂક આપે છે. બ્રાઈડલ જ્વેલરીની ડિઝાઈનમાં પણ આજકાલ ફ્યુઝન જ્વેલરી ઝડપથી લોકપ્રિય થતી જણાઈ છે. બે અથવા વધારે સ્ટાઈલને મિક્સ મેચ કરીને બનાવવામાં આવતી આ પ્રકારની જ્વેલરી અનોખી તેમજ આકર્ષક લાગે છે.

એક સમય હતો. જ્યારે પરંપરાગત જ્વેલરી ડિઝાઈન માટે સોનાના આભુષણો જ પસંદ કરવામાં આવતા હતા. ત્યાર બાદ કુંદન, અનકટ ડાયમંડ, અન્ય કીમતી એવમ સેમી પ્રેશિયસ સ્ટોનથી તૈયાર કરવામાં આવેલી જડાઉ જ્વેલરીની ફેશનનો ક્રેઝ વધ્યો હતો. ડાયમંડ, પ્રેશસ એવમ સેમી પ્રેશસ સ્ટોન સ્ટડેડ જ્વેલરીને મોડર્ન સ્ટાઈલની જ્વેલરી કહેવામાં આવે છે. હવે આ ત્રણેયનો સંગમ એટલે ફ્યુઝન જ્વેલરી. આ પ્રકારની જ્વેલરી બ્રાઈડની જ્વેલરીને ક્લાસિક અને મોડર્ન બનાવે છે. સેટેલાઈટ કોમ્યુનિકેશનના જમાનામાં જ્યારે આખી દુનિયા એક બીજાના સંપર્કમાં રહી શકે છે. ત્યારે એની સીધી અસર આપણી પસંદગી ઉપર પડે એ સ્વાભાવિક છે. અમેરિકન અને રોમન જેવી પ્રાચિન સભ્યતાઓની ખાસ જ્વેલરીમાં મેકિંગ આર્ટનું ફ્યુઝન યુવતીઓને ખૂબ જ આકર્ષણ ઉત્પન્ન કરી રહ્યું છે. અનુસંધાન પાના નં.૬ ઉપર

# આ ૧૦ વસ્તુઓને પપૈયાની સાથે મિક્સ કરીને લગાવવાથી મળશે ચમકતો ચહેરો

**રૂપના રખોપા**

પપૈયામાં એક અનોખું એન્જાઇમ પપેન હોય છે જે ત્વચાને પ્રાકૃતિકરીતે એક્સફોલિએટ કરે છે અને કોશિકાઓના વિકાસની ગતિમાં સુધાર લાવે છે

પોતાના ચહેરાની સુંદરતા માટે તમે જો ઘણા પ્રકારના બ્યુટી પ્રોડક્ટ્સ બજારમાંથી લાવીને ઉપયોગ કરો છો અને તે તમને નુકસાન પણ કરે છે તો થોભી જાઓ. તમને આજ જણાવીશું કે પપૈયામાં એક અનોખું એન્જાઈમ, પપેન હોય છે જે ત્વચાને પ્રાકૃતિક રીતે એક્સફોલિએટ કરે છે અને કોશિકાઓના વિકાસની ગતિમાં સુધાર લાવે છે. ત્વચાની કોશિકાઓનું વધવાની ઉચ્ચ માત્રા ના ફક્ત દાગ અને એકનેના ધબ્બાને ઝડપથી ભરવામાં મદદ કરે છે. પરંતુ ત્વચામાં કોમળતાની માત્રા પણ યોગ્ય રાખે છે જેનાથી ત્વચાના સ્વાસ્થ્ય અને ગુણવત્તામાં ઘણો નિખાર આવે છે. નીચે ગોરાપણું, એક્ને અને સાફ ત્વચા માટે પપૈયાના શ્રેષ્ઠ ફેસપેક બનાવાની રીત જણાવવામાં આવી છે. ગોરી અને ચમકદાર ત્વચા તમારી ખૂબસુરતીમાં હમેશાં વૃદ્ધિ કરે છે. ગોરાપણા માટે પપૈયાના ફેસપેક સૌથી સારી વાત એ છે કે તે પૂર્ણ રીતે પ્રાકૃતિક હોય છે અંતમાંઃ તેનાથી તમારી ત્વચા પર કોઈ સાઈડ ઈફેક્ટ થતા નથી. તમને અમે જણાવવા જઈ રહ્યાં છીએ કે તમે એક નહી પરંતુ ઘણી વસ્તુઓ સાથે તેનો ઉપયોગ કરી શકો છો.

કહે છે કે જ્યારે દૂધ તાજું અને કાચું હોય છે તો તેમાં પ્રાકૃતિક તત્વ હોય છે. દૂધમાં રહેલા પોષક તત્વ ત્વચાને કોમળતા અને પોષણ પ્રદાન કરવામાં સહાયતા કરે છે. તમે કાચા પપૈયાં અને કાચું ગાયનું દૂધ મિક્સ કરીને ઘરે પપૈયું અને દૂધનું ગોરાપણું પ્રદાન કરનાર ફેસપેક બનાવી શકો છો. જો તમે ગોરાપણું મેળવવા ઈચ્છો છો તો તમારે પપૈયુ અને ટામેટાનો ફેસપકે લગાવો. ટામેટામાં લાઈકોપીન હોય છે જે એક પ્રભાવી એન્ટીઓક્સીડેન્ટ છે અને ટેન દૂર કરવાનું માધ્યમ છે. જો તમને ટામેટાથી એલર્જી હોય તો આ પેકનો ઉપયોગ ના કરો.

અનુસંધાન પાના નં.૬ ઉપર

## ટ્રમ્પ-કિમ...

પાના નં .૧ ચાલુ

સમગ્ર દુનિયામાં ભય અને તંગદિલીનું વાતાવરણ હતું. બંને નેતાઓ વચ્ચેની બેઠક વૈશ્વિક શાંતિની દ્રષ્ટિએ પણ મહત્વપૂર્ણ હતી. અગાઉ પ્રથમ રાઉન્ડની શિખર બેઠક આશરે ૫૦ મિનિટ સુધી ચાલી હતી. ત્યારબાદ અન્ય દોરની વાતચીતનો સિલસિલો શરૂ થયો હતો. ટ્રમ્પ અને કિમની હાજરીમાં ત્યારબાદ અન્ય રાઉન્ડની પણ થઇ હતી. જેમાં બંન્ને દેશોના પ્રતિનિધીઓ સામેલ થયા હતા. ટ્રમ્પ અને કિમ વચ્ચે બેઠકનો ઉદ્વેશ્ય દ્વિપક્ષીય સંબંધોને સામાન્ય બનાવવા અને કોરિયન દ્વિપમાં પૂર્ણ નિશસ્ત્રીકરણનો રહ્યો હતો. ટ્રમ્પ અને કિમ સિંગાપોરના સેન્ટોસા દ્વીપમાં આલિશાન અને ભવ્ય કપેલા હોટલમાં મળ્યા હતા.બેઠક બાદ બંને નેતાઓ બાલકનીમાં આવ્યા હતા. સાથે બહાર આવ્યા બાદ હાથ હલાવીને તમામનો આભાર માન્યો હતો.બંને નેતાઓએ શિખર બેઠકની શરૂઆત ખુબ જ ગરમ જોશી સાથે કરી હતી. હોટેલમાં મિડિયાની સામે હાથ મિલાવીને આની શરૂઆત કરવામાં આવી હતી. ટ્રમ્પ અને કિમ વચ્ચે ઐતિહાસિક બેઠક ભારતીય સમય મુજબ ૬-૩૦ વાગે થરૂ કરવામાં આવી હતી.

## ભૈયુજી મહારાજે ...

પાના નં .૧ ચાલુ

ન હતો. તેમણે એ વખતે કહ્યું હતું કે, સંતો માટે પદનું મહત્વ નથી. તેમના માટે લોકોની સેવા મહત્વપૂર્ણ છે. ભૈયુજી મહારાજને રાજકીયરીતે પણ ખુબ મહત્વપૂર્ણ ગણવામાં આવતા હતા. શક્તિશાળી સંત પૈકીના એક હતા. તેમનું વાસ્તવિક નામ ઉદયસિંહ દેશમુખ હતી અને પિતા મહારાષ્ટ્રમાં કોંગ્રેસના દિગ્ગજ નેતા હતા. તેમનું નામ એ વખતે ચર્ચામાં આવ્યું હતું જ્યારે ભ્રષ્ટાચાર વિરોધી આંદોલન દરમિયાન ભુખ હડતાળ ઉપર બેઠેલા અણ્ણા હજારને મનાવી લેવા માટે યુપીએ સરકારે તેમનો સંપર્ક કર્યો હતો. જ્યારે તેઓ નાની વયમાં હતા ત્યારે સિયારામ શૂટિંગ માટે પોસ્ટર મોડલિંગ કરી રહ્યા હતા. તલવારબાજી, ઘોડેસવારી અને ખેતીનું કામ પણ કરતા હતા. તેઓ ફેસ લીડર તરીકે પણ હતા. ભૈયુજીએ પ્રથમ પત્નિના મોત બાદ ગયા વર્ષે બીજા લગ્ન કર્યા હતા. પ્રથમ પત્નિ માધવીથી તેમની એક પુત્રી પણ છે. પત્નિના મોત બાદ ભૈયુજી પર આશ્રમની એક મહિલા સાથે સંબંધોનો આક્ષેપ પણ મુકવામાં આવ્યો હતો. ગયા વર્ષે ૩૦મી એપ્રિલના દિવસે આયુષી નામની મહિલા સાથે ભૈયુજીએ લગ્ન કરી લીધા હતા. તેમના આપઘાતને લઈને જોરદાર ખળભળાટ મચી ગયો છે. ભૈયુજી મહારાષ્ટ્રના સસરા મહારાષ્ટ્ર કોંગ્રેસના અધ્યક્ષ રહ્યા હતા. કેન્દ્રીય મંત્રી વિલાસરાવ દેશમુખ સાથે તેમના સંબંધ રહ્યા હતા. મહારાષ્ટ્રની રાજનીતિમાં સંકટ મોચક તરીકે ગણાતા હતા. ગ્લોબલ વોર્મિંગને લઈને પણ તેઓએ પોતાની પ્રતિક્રિયા આપી હતી.

## હવે લગ્ન ...

પાના નં .૧ ચાલુ

પહોંચે તે જરૂરી છે તે માટે નિગમ અને રાજય સરકાર કટિબધ્ધ છે.બસો સમયસર ઉપડે-પહોંચે અમે નિયત સ્ટેશનો પર ઉભી રહે તેનું નિયંત્રણ અધતન ટેકનોલોજી દ્વારા કરાશે તેની સીધો લાભ લોકોને મળશે અને તો જ ખાનગી પરિવહન સેવા કરતા એસ.ટી.ની સેવા સ્વીકુત બનશે અને બની પણ છે એમ તેમણે ઉમેર્યું હતું. મુખ્યમંત્રીએ જણાવ્યું હતું કે સેવાના અવરિત ભાવથી નિગમ સતત આગળ વધતું રહ્યું છે એસ.ટી.ના પૈડા કયારેય થંભ્યા નથી તે જ પુરવાર કરે છે કે એસ.ટી.ની વિશ્વસનીયતા અને સેવાભાવ આજે પણ અકબંધ છે. તેમાં નિગમના ડ્રાઈવર-કંડકટરો-કર્મચારીઓનો અનન્ય ફાળો છે મુખ્યમંત્રીએ વધુમાં જણાવ્યું હતું કે અગાઉ જૂની પુરાણી પધ્ધતિઓથી કામ થતુ હતું અને આજે કર્મચારીઓના નવા ઈનોવેશન અપનાવ્યા છે તે આવકાર્ય છે. એટલું જ નહીં ઈન હાઉસ બોડી બિલ્ડીંગનું પરિમાણણ એસ.ટી.એ પ્રસ્થાપિત કર્યું છે.

## લોકસભાની ચૂંટણીમાં ...

પાના નં .૧ ચાલુ

વખતે પાલનપુર તાલુકાના ગઢ ગામે પોલીસ ફાયરિંગમાં બે યુવકોના મોત નિપજ્યા હતા. આ અંગે ગઢના તાત્કાલિન પીએસઆઇ સહિત પોલીસકર્મીઓ સામે એફઆરઆઇ કરવામાં આવી હતી. જોકે, આ મુદ્દે હજુસુધી સરકાર દ્વારા કોઇ કાર્યવાહી કરવામાં આવી નથી. આ ઉપરાંત તોફાનો દરમિયાન પાટીદાર સમાજના લોકો સામે થયેલા કેસો પરત ખેંચવાની સરકારે ખાત્રી આપી હતી. જેમાં ગઢના કોઇ કેસો પરત ખેંચાયા નથી. ત્યારે મૃતકોના પરિવારજનોને ન્યાય મળે તેમજ કેસો પરત ખેંચાય તે માટે ગઢના પાટીદાર સમાજના લોકોએ મંગળવારે પાલનપુર ખાતે કલેકટર કચેરી આગળ આમરણાંત ઉપવાસ શરૂ કર્યા છે. જ્યાં આ ઉપવાસના સમર્થનમાં આવેલા પાટીદાર નેતા દિનેશ બાંભણીયા, નિલેશ એરવાડીયા અને લાલજીભાઇ પટેલે જણાવ્યું હતુ કે, એક જનરલ ડાયરના ઈશારે પાટીદારો ઉપર દમન ગુજારવામાં આવ્યું હતુ. અમે ન્યાય માંગીએ છીએ. ન્યાય નહી મળે તો હજુ ઉગ્ર આંદોલન કરીશુ. જે રીતે વિધાનસભાની ચૂંટણીમાં પાટીદાર તેમજ અન્ય અનામતથી વંચિત સમાજના લોકોએ સરકારને પરિણામ બતાવ્યું હતુ. તેમ અમને ન્યાય નહી મળે તો આગામી લોકસભાની ચૂંટણીમાં પણ સરકારે ગંભીર પરિણામ ભોગવવા તૈયાર રહેવું પડશે.

## લડબી નદીમાં...

પાના નં .૧ ચાલુ

બાબત છે. જમીન દફ્તર કચેરીના અધિકારીઓ માર્કિંગ કરતા હતા ત્યારે પાલનપુરમાં અનેક જગ્યાએ લડબી નદીનો પટ્ટ અનેક જગ્યાએ એસી ફૂટ જેટલો પહોળો જોવા મળ્યો હતો ત્યારે આજે જમીન દફ્તર કચેરીના અધિકારીઓએ માર્કિંગ કર્યું હતું. જો કે જ્યાં સીમાડો છે પાલનપુરની લડબી નદી જો વહેણ રોકાય છે ત્યાં મેડી પોલીસ નામની સ્કિમ બની રહી છે અને તેના કારણે જ સમગ્ર વહેણ રોકાયું છે અને જે સ્કીમના કારણે સમગ્ર પાલનપુર શહેર ડૂબમાં રહી ગયું છે ત્યારે ગરીબો પર બુલડોઝર ફેરવવાની બદલે બિલ્ડરો અને ભૂમાફિયાઓના દબાણ કરવાની માંગ ઉઠી છે.

## ડીસા સહિત...

પાના નં .૧ ચાલુ

સુમસામ રહ્યા હતા. લોકોની ચામડી દાઝી જવા જેવો અનુભવ આજે બપોરના ગાળામાં થયો હતો. સૌરાષ્ટ્રના જુદા જુદા ભાગોમાં પણ કાળઝાળ ગરમીથી લોકોને આંશિક રાહત મળી છે. આવતી-કાલે અમદાવાદમાં મહત્તમ તાપમાન ૪૧ની આસપાસ રહી શકે છે. ઉત્તર ગુજરાત અને સૌરાષ્ટ્રમાં પણ આજે પ્રમાણમાં ઓછી ગરમીનો અનુભવ થયો હતો. જો કે, બપોરે ગરમ હવાના કારણે લોકો ત્રાહિમામ પોકારી ગયા હતા. અમદાવાદમાં પણ સવારે હવામાનમાં પલ્ટો આવ્યો હતો. બીજી બાજુ દિવસ દરમિયાન અમદાવાદમાં વાદળછાયું વાતાવરણ રહ્યું હતું. જેથી લોકોને આંશિક રાહત મળી હતી. આજે રાજ્યમાં સૌથી વધુ ગરમીનો અનુભવ અમદાવાદમાં થયો હતો જ્યાં પારો ૪૧.૩ ડિગ્રી રહ્યો હતો. પાણીજન્ય કેસની વાત કરવામાં આવે તો જૂન મહિનાના પ્રથમ નવ દિવસના ગાળામાં જ ઝાડા ઉલ્ટીના ૩૭૪ કેસ સપાટી ઉપર આવ્યા છે જ્યારે કમળાના નવ દિવસના ગાળામાં ૧૩૯ અને ટાઈફોઈડના ૧૩૬ કેસ સપાટી ઉપર આવ્યા છે. બીજી બાજુ મચ્છરજન્ય કેસોની વાત કરવામાં આવે તો સાદા મેલેરિયાના નવ દિવસના ગાળામાં ૧૪૭ કેસ નોંધાયા છે. વર્ષ ૨૦૧૭માં જૂન મહિનામાં સાદા મેલેરિયાના ૧૦૪૬ કેસ નોંધાયા હતા.

## બિનઅનામત...

અનુસંધાન ૩ નુ ચાલુ..

આ તમામ યોજનાઓ હાલમાં અનામત વર્ગમાં આવતા એસટી, એસસી અને ઓબીસી માટે જ ઉપલબ્ધ છે જે હવે અલગ બજેટથી બિન અનામત સવર્ણ વર્ગ માટે અમલી થશે. આ અંગે સામાજિક ન્યાય અધિકારિતા બાબતોના કેબિનેટ કક્ષાના પ્રધાન ઈશ્વરભાઇ પરમારે જણાવ્યું હતું કે, સરકારે ૧લી એપ્રિલ ૨૦૧૮થી આ યોજનાના અમલની તારીખ નિશ્ચિત કરી છે તેથી આ તારીખ પછી અરજી કરનારાને લાભ મળશે. પરંતુ યોજનાના લાભ અને પાત્રતા નિયમો સાથેની પોલિસી કેબિનેટમાં મંજૂરી બાદ જાહેર થશે. ૫૮ બિન અનામત જ્ઞાતિના વિકાસ માટે આયોગ કામ કરશે. આયોગમાં કુલ ૧૮ સભ્યની નિમણૂકો થઇ છે. સરકારે ૧૦૦ કરોડ રૂપિયા શેર કેપિટલ તરીકે આપ્યા છે. સવર્ણ જ્ઞાતિઓનાં શૈક્ષણિક અને આર્થિક વિકાસ કાર્યો ઉપરાંત ખેડૂતો, કારીગરો, મજૂરોને પણ આ જ ફંડમાંથી સહાય મળશે. ઉપરાંત આવાસ વીજળી રોજગાર પાણી શિક્ષણ જેવી યોજનાઓ સહિત ૨૫ યોજનાઓ જાહેર થશે. આ લાભો માટે આવક મર્યાદા રૂ.૬ લાખ રાખવી કે રૂ.૮ લાખ રાખવી તે હજુ નિશ્ચિત નથી. હાલમાં આ અંગેના ફોર્મ જાહેર કરી દેવાયાં છે. અગાઉ યુવા સ્વાવલંબન યોજના જાહેર થઇ હતી. પરંતુ તેના અનેક લાભ નવી યોજનામાં સમાવી લેવાયા હોવાથી યુવા સ્વાવલંબન યોજના બંધ કરાશે જોકે તેનું બજેટ ૧૦૦૦ કરોડનું હશે તેવી જાહેરાત કરાઇ હતી. જ્યારે નવી સવર્ણ યોજનામાં બજેટ ઘટાડી રૂ.૫૩૨ કરોડ જાહેર કરાયું છે. હાલમાં બિન અનામત વર્ગમાં આવતા લોકોને સર્ટિફિકેટ અપાવાનું શરૂ થયું છે. પણ તેના માપદંડ નિશ્ચિત નથી તેથી તેનો ખરેખર લાભ કેટલાને મળશે તે નિશ્ચિત નથી. યોજનાઓની રકમ નિયમો વગેરેની પોલિસી આવતીકાલની કેબિનેટ બેઠકમાં નિર્ણિત થાય તેવી સંભાવના છે. ત્યારબાદ સરકાર આગળની કાર્યવાહી તેની અમલવારી માટે હાથ ધરશે.

## શ્રી ચી.હં.દોશી...

અનુસંધાન ૩ નુ ચાલુ..

આ પ્રસંગે ગોવિંદ કાપડીએ જણાવ્યુ કે આજે અમે વેકેશન પછી શાળાએ આવ્યા ખુબ જ આનંદ આવ્યો અને આજરોજ બાળકો દ્વારા આ રીબીન કપાવી પ્રવેશ અપાયો એ પ્રથમવાર જ બન્યુ. મઝા આવી ગઈ. સમગ્ર કાર્યક્રમનું આયોજન રામજી ટાંક તથા શાળા પરિવારે કર્યુ અને આ સુંદર કાર્યક્રમનું આયોજન કરવા બદલ શાળાના આચાર્યે આભારની લાગણી વ્યક્ત કરી.

## મિડિયામાં રહેવા...

અનુસંધાન ૩ નુ ચાલુ..

તથા નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલની આગેવાનીમાં ગુજરાતની ભાજપા સરકાર અનેક ખેડૂત હિતલક્ષી યોજનાઓના સફળ અમલીકરણ દ્વારા ખેડૂતોની સમૃધ્ધિ અને સુખાકારી માટે અથવા પરિશ્રમ કરી રહી છે. ત્યારે ખેડૂતો માટે નીતિઓની વાતો કરનારી કોંગ્રેસ હું પૂછવા માંગુ છું કે, ગુજરાતમાં કોંગ્રેસના શાસનમાં ખેડૂતોની શું હાલત હતી ? ગુજરાતના ગામડાઓમાં વર્ષો સુધી શુધ્ધ પીવાનું પાણી કેમ ના પહોંચાડયુ ? તમારા શાસનમાં ગામડાઓમાં આરોગ્ય સુવિધાની સ્થિતિ શું હતી ? રોડ-રસ્તાની સ્થિતિ શું હતી ? તેનો જવાબ જનતાને કોંગ્રેસ આપવો જોઈએ. વાઘાણીએ જણાવ્યું હતુ કે, હું ભાવનગર નાના સુરકા ગામને વતની છું સોનગઢથી ચાર કિલોમીટર મારું ગામ છે. મને યાદ છે કે નાનપણમાં ત્યાં રોડ કે વાહનની કોઈ સુવિધા નહોતી. ચાર કિલોમીટર સુધી ચાલીને જવુ પડતુ હતું. શાળા કે પ્રાથમિક સારવાર માટેની પણ કોઈ સુવિધા નહોતી. જયારે આજે ગુ-જરાતમાં તમામ ગામડાઓ સુધી પાકી સડકો છે, વાહનની સુવિધા છે, ગામડામાં ઘરે-ઘરે પીવાનું શુધ્ધ પાણી પહોંચી રહ્યુ છે ડ્રેનેજની સુવિધા છે. ૨૪ કલાક વિજળી છે. પ્રાથમિક સારવાર માટેની સુવિધાઓ છે. ગામડે ગામડે શાળાઓ અને ગુણવત્તાયુકત શિક્ષણની વ્યવસ્થા છે. ભાજપના શાસનમાં ગામડાઓ પણ શહેર સમકક્ષ સુવિધાઓ ધરાવતા બન્યા છે.

## મગફળી કાંડ...

અનુસંધાન ૩ નુ ચાલુ..

અને ખેડૂત વર્ગને ભોળવવા માટે મગફળીની ટેકાના ભાવે ખરીદી કરવાનું રાજકીય તરકટ કર્યું હતું. ગુજરાતમાં ૩૩ લાખ ટન જેટલી મબલખ મગફળી પાકતી હોવા છતાં અંદાજિત ૭.૫ લાખ ટન મગફળી ચૂંટણી પહેલાના સમય દરમિયાન ખરીદી. જેવી ચૂંટણી પુરી થઇ એટલે મગફળીની ખરીદી બંધ કરવામાં આવી અને જે મગફળી ખરીદવામાં આવી હતી.

## બનાસકાંઠામાં પુર...

પાના નં .૮ ચાલુ

સહાય આપવામાં આવી નથી. ત્યારે આ અસરગ્રસ્તો દ્વારા પુર વળતર અધિકાર લડત સમિતિ બનાવવામાં આવી છે. જેમની પાલનપુર ખાતે મંગળવારે એક બેઠક યોજવામાં આવી હતી. જે બાદ જિલ્લા કલેકટરને આવેદનપત્ર આપવામાં આવ્યું હતુ.

## રબારી વસાહત...

પાના નં .૮ ચાલુ

ગેરહાજર રહેતા વાલીઓએ શાળામાં જઈ શાળાના ઉપશિક્ષકને પુછતા જણાવેલ કે આચાર્ય હજુ સુધી આવેલ નથી ચાવી તેમની પાસે છે આવ્યા બાદ બાળકોને શાળામાં બેસાડીશું. જોકે સવારે ૧૦:૦૦ વાગ્યે શિક્ષક આવતા શાળાના રૂમો ખોલતા ગ્રામજનો દ્વારા પુછતાં ઉધ્ધતાઈ ભર્યુ વર્તન કરેલ. જેને લઈને ગ્રામજનો દ્વારા શાળાને તાળાબંધી કરવામાં આવેલ. જો શિક્ષક ની બદલી નહી કરવામાં આવે તો અમો ગ્રામજનો બાળકોને ભણવા નહી મોકલીએ અને શાળાના તાળા નહી ખોલવા દઈએ તેમ જણાવ્યું હતું. જેને લઈને શિક્ષણ આલમમાં ખળભળાટ મચી જવા પામ્યો હતો.

## દીઓદરમાં પાણી...

પાના નં .૮ ચાલુ

જેના ફળ સ્વરૂપ નવીન કોર્ટ વિસ્તાર, નવીન બસ સ્ટેન્ડ, જલારામ પાર્ક, પોલીસ સ્ટેશન સહિતના વિસ્તારો પાણીમાં ગરકાવ થવા પામેલ.તેમજ વી.કે.વાઘેલા હાઈસ્કૂલથી પેટ્રોલ પંપ સુધી રોડ ઉપર પાણી ઉભરાયેલ.

આ વર્ષે વરસાદી મોસમનું બ્યુગલ વાગી રહ્યું છે. ત્યારે ગત વર્ષ હેરાન પરેશાન થઈ ગયેલ વહીવટી તંત્ર અને દીઓદર ગ્રામ પંચાયત દ્વારા આ વર્ષે અગમ ચેતી વાપરી કાચી કેનાલ ઉપર થયેલ ચડચણરૂપ દિવાલ તેમજ નડતર રૂપ અન્ય નાના-મોટા દબાણો હટાવી પાણીનો રસ્તો ખુલ્લો કરવામાં આવેલ છે. જેના કારણે દીઓદરની પ્રજાને વધુ વરસાદમાં હવે મુશ્કેલી ઓછી વેઠવી પડશે. દીઓદર મામલતદાર પી.એસ. પંચાલ તથા દીઓદર સરપંચશ્રી ગીરીરાજસિંહજી વાઘેલાની આગેવાની હેઠળ આ અડચણરૂપ દબાણો દુર કરવામાં આવેલ તેમજ દીઓદરના ચેલાસરીની પાળ ઉપરની ઝુંપડપટ્ટી બાંધી રહેતા લોકોને પણ ખસી જવાની સુચનાઓ અપાયેલ છે.

## ડીસા સહિત...

પાના નં .૮ ચાલુ

સેવાઈ રહી છે એન્ટી સાયકલોનના પગલે ૨૦ થી ૨૫ પ્રતિકલાકના ઝડપે પવન ફુંકાઈ રહ્યો છે ત્યારે કોરાભઠ્ઠ સરહદી વિસ્તારમાંથી ધુળની ડમરી ઉડવા લાગતા સમગ્ર જિલ્લામાં ધુંધળુ વાતાવરણ બની જવા પામ્યુ છે. આવા વાતાવરણથી નાના બાળકો સહિત વૃધ્ધો ઉપરાંત દર્દીઓ અને દમ શ્વાસની બિમારીથી પીડાતા લોકોની હાલત કફોડી બની જવા પામી છે. બીજી તરફ વરસાદ લંબાવાના કારણે બનાસકાંઠા જિલ્લાના ખેડૂતોએ હાશકારો અનુભવ્યો છે.

## બાળ ઉછેર...

અનુસંધાન ૫ નું ચાલુ

જોઈએ. વચ્ચેની સ્થિતિમાં રહી કન્ફયુઝન પેદા ન કરવું જોઈએ. ધ્યાન રાખો કે બાળક જોડે રાત્રે બે કે ત્રણ વાગે થઇ શકે તે રાત્રે દસ કે અગિયાર વાગે પણ થઇ શકે જો બાળક રાત્રે કોઇ ખોટું કામ કરી શકે છે તો તે દિવસે પણ કરી શકે છે જો તમે તમારા બાળકોને દિવસે બહાર નીકળવાની અનુમતી આપો છો તો રાત્રે પણ અનુમતી આપવી જોઇએ. જો તમે તમારા બાળકોને રાત્રે દસ-અગિયાર સુધી નીકળવાની છૂટ આપો છો તો રાત્રે ત્રણ વાગ્યા સુધી બહાર રહે તેમાં કોઇ ખતરો નથી. આમ કહેવાનો અર્થ એ છે કે બાળકને રાત્રે બહાર નીકળવાની બાબતમાં માતા-પિતાએ સ્પષ્ટ હોવું જોઈએ. વક’ગ માતા-પિતાએ આ બાબતનું ખાસ ધ્યાન રાખવું જોઈએ. પરંતુ જયાં માતા-પિતાએ સ્પષ્ટ હોવું અને સમજોતો કરી લેવો જોઇએ તો બીજી તરફ યુવા વર્ગે પણ કેટલીક બાબતોનું ધ્યાન રાખવું જોઈએ. આજના યુવાવર્ગને લાગે છે કે માતા-પિતાની હા માં હા મિલાવીએ તો પોતાનું અસ્તિત્વ જ નહી રહે. આ સાચી માનસિકતા નથી. યુવા વર્ગે સમજવું જોઈએ કે તેમના માતા-પિતા તેમના માટે જે નિર્ણય લે છે તે તેમના સારા માટે જ લે છે. જો તમને લાગે છે કે તમારા માતા-પિતા તમારા માટે વધુ પડતા પ્રોટેકટીવ છે તો આ બાબતે તેમની સાથે વાત કરો પરંતુ તેમના વિરોધમાં થઇ જવું અને તેઓ જે કાંઇ કહે તેમાં ના પાડવી તેમની વિરૃધ્ધ થવું આ સારી માનસિકતા નથી. આ બાબતે સૌથી સરળ રસ્તો એ રહેશે કે માતા-પિતા બાળક સાથે બેસી રાત્રે બહાર રહેવાની સમય મર્યાદા નક્કી કરી લો. કેટલા વાગ્યા સુધી બહાર રહેવાની પરમિશન છે તેનો સ્પષ્ટ દિશા નિર્દેશ નક્કી કરી દો. સાથે સાથે મા-બાપ અને બાળકોએ એ પણ કાું કે તે બંનેની માનસિકતા સમજવામાં ગ્રસિત ન રહે, આ રીતે ભ્રમમાં ન રહો કે તેને તમારી રીતે સમજી જાવ છો. આ એટીટયુડ ગેરસમજ ઉભી કરે છે, કેમ કે વાસ્તવમાં એવું હોય છે ઘણી વાર એવું બને છે કે તમે જેવું વિચારતા હો તેવું ન હોય પરંતુ તમે જેવી કલ્પના કરી હોય તેવું તમને દેખાતું હોય છે. આનાથી બંન્ને તરફ ગેરસમજ થાય છે કે બીજા તેની વાત નથી માનતા. આવી સ્થિતિથી બચવું જરૃરી છે.લેટનાઇટ પાર્ટીઓની બાબતમાં માતા-પિતા અસમંજસભરી પરિસ્થિતિમાં હોય છે.

## શબ્દ સમીપે...

અનુસંધાન ૫ નું ચાલુ

તો વળી અભણ ઘરડેરાંની આગવી કોઠાસૂઝના દૃષ્ટોત પણ છે. માણસ ધારે તો એની જિંદગીને અનોખા અવસરમાં પલટી શકે. ઈશ્વરે એને એટલી સમજણ અને લાગણીના સંપદ્રા સાથે આ ધરતી પર મોકલ્યો છે. એ સ્વ વિવેકથી પોતાની હયાતીમાં જ મોક્ષ અને સ્વર્ગ મેળવી શકે છે. એવી સિદ્ધિ હાંસલ કરવા માટે એને કોઈ તપ તપવાની કે શસ્ત્રો ભણવાની પણ જરૂર નથી. બધુ એની અંદર પડેલું છે. એણે ખુદને ખોળી કાઢવા માટે ખુદનું જ ખોદકામ કરવાની જરૂર છે.” આ ખજાનો લેખકે શોધી કાઢ્યો છે અને તે જીવનના અર્ક રૂપે વાચક સમક્ષ ધરી દીધો છે. અહીં જીવતાં જાગતાં હાલતાં ચાલતાં હાડમાંસના ચરિત્રો ચિતરાયાં છે. તે મારા તમારા જેવા સામાન્ય માણસને પરમાત્માએ સોંપેલી મોંઘેરી મિરાત સમાં છે. લેખકની કેળવાયેલી આંખ તેને ઓળખી શકી તે આનંદની વાત છે. નહીંતર આપણા પરિવારમાં અને આસપાસ પર નાભિમાં અમીકુંપો સંતાડીને ફરતાં આવાં જ મીણ માટીનાં માણસૂડાં નો મેળો જામેલા હોવા છતાં આપણે ભૌતિકવાદના પડળ બાઝ્યા હોવાથી એવાં ધૂળની ઢગલીઓમાં રગદળામાં રતન કચરા પુંજામાં વાળી નાંખીએ છીએ અને પછી બધું બગડી ગયું હોવાની આરણ્ય રૂદન કરતાં હોઈએ છીએ. સંસ્કાર શિક્ષણની મસમોટી ગુલબાંગો પોકારતા સારસ્વતો અને લોકોની આંખમાં સપનાં આંજી નાંખતા નેતાઓના ઘોંઘાટમાં તંબૂરનો ઝીણો સૂર સાંભળવા માટે કાન સરવા કરવા પડે એવી સ્થિતિ છે.

અહીં કૃષિકારનો ઋષિ સ્વર છે. અને નાભિમાંથી ફૂટ્યો છે. શબ્દને બ્રહ્મ કહ્યો છે. એ કોઈ પંડિતોની પોથીમાં સમાઈ જવા કરતાં આવા આચરણપૂત કૃષિકારની કલમે કોળી ઉઠે ત્યારે વિશેષ સાર્થકતા પામે છે. સંગ્રહનાં બધાં જ રેખાચિત્રો નોખાં-અનોખાં અને તદ્દન મૌલિક છે. અહીં સ્વામી આનંદની જેમ લેખકે શબ્દના સાચા અર્થમાં ધરતીની જ આરતી ઉતારી છે. વળી રેખાચિત્ર કે સ્મરણ ચિત્ર જેવા સાહીત્ય પ્રકાર વિશે પણ લેખકને કશો શાસ્ત્રીય ખ્યાલ ન હોઈ આ અલ્પજ્ઞતા લેખકને ફળી છે. એથી એમણે સીધેસીધું જેવું લાગ્યું તેવું લખ્યું છે. શબ્દના કેમેરા ડે સ્વજનથી લઈ જીવનની વાટે અલપઝલ સાથે થઈ ગયેલા માનવીઓની છબી પાડી દીધી છે. એથી જે પરિણામ સાંપડ્યું છે તે નર્યું નિતર્યું ગંગાજળ છે તે વાતની પ્રતીતિ વાચકને થયા વિના રહેતી નથી. લેખકે જીંદગી જીવવાનો કસબ અને કળા હસ્તગત કરેલ છે. જીવન એક યાત્રા છે એમાં કોણ,ક્યારે કયે સ્વરૂપે સાથે થઈ જશે અને ક્યારે તેનો સાથ છૂટી જશે એ નિશ્ચિત નથી. ત્યારે જીવનમાં જે કંઈ મળવ્યું તેનો સંગ્રહ કરી રાખવાને બદલે‘ઓગન’ એટલે નિકાસની વ્યવસ્થા હોવી જોઈએ તે વાત લેખકે એક પ્રસંગ રૂપે ભલે તેના દીકરાઓને સમજાવી હોય પણ તે છેવટે તો સમગ્ર માનવ સમાજને દિશા ચિંધનારી છે. ચોમાસું હવે નજીકમાં છે. અનરાધાર વરસાદ વરસી પડતાં ડેમો છલકાવા લાગે છે. જેમ જેમ ડેમમાં પાણી વધતું જાય તેમ તેમ‘ઓગન’ દરવાજા ખોલાતા રહે તો ડેમમાં પાણી રામપ્રાણ રહે. પણ જે ડેમમાં ઓગન ન હોય અથવા ડેમનો રખેવાળ સમય પર ઓગન ન ખોલે તો ડેમ તૂટી જાય છે અને ડેમની આજુબાજુ રહેતા સૌ બરબાદ થઈ જાય છે. જેથી જીવનમાં એવી વ્યવસ્થા ગોઠવવાની વાત અહીં કરવામાં આવી છે કે તેથી જ તો આપણા ધર્મશાસ્ત્રો એ ધર્મ કરવાની સૂચના આપી છે. આપણી પાસે હોય તેનાથી બીજાને મદદ કરવી અને આપણી પાસે જે સંપત્તિ આવે એમાંથી બીજાને મદદ કરવાથી લક્ષ્મી ખુશ રહે છે તે ઉપદેશાત્મક વાત દેવચંદ શેઠની પેઢીની વાત સાથે સાંકળીને મોરબીના ડેમનો દાખલો આપી લેખકે ખુબ જ સરસ રીતે સમજાવી છે. ‘ઓગન’ પુસ્તકના લેખક હંસરાજ ભાઈ સાંખલા હિંમતનગરમાં વસતા એક સચ્ચરિત્ર માનવ છે. તેમના પ્રથમ પુસ્તક‘સમાજ ભક્તિની ત્સુનમી’ ને સારો આવકાર મળતાં ‘જીવનની મહેંક’ અને ‘વૈષ્ણવજન તો તેને રે કહીએ’ આલેખ્યાં બાદ ‘ઓગન’ તેમનું ચોથું પુસ્તક છે. જેનું પ્રકાશ ના ડૉ. સ્વામી ગૌરાંગ દેવ શ્રી રાધાગોવિન્દ દેવ ધામ હિંમતનગર તરફથી અરવલ્લી પ્રકાશના નેજા હેઠળ થયું છે.

આ પ્રસંગે‘ઓગન’ પુસ્તકના લેખક હંસરાજભાઈ સાંખલા અને પ્રકાશન સંસ્થા અરવલ્લી પ્રકાશનને સંસ્કાર પોષક અને પ્રેરણાત્મક રેખાચિત્રોના આવા સુંદર લેખન પ્રકાશન બદલ ધન્યવાદ પાઠવું છું અને પુસ્તકને આવકારૂ છું.

નટવર હેડાઉ

## રૂપના રખોપા...

અનુસંધાન ૫ નું ચાલુ

તેને મિક્સ કરીને ચહેરા પર લગાવો. જો તમે ઈચ્છો તો જેઠીમધનો ઉપયોગ પણ કરી શકો છો. જેઠીમધનો ઉપયોગ આર્યુવેદમાં ત્વચાને ગોરી કરવા અને વધારાની રંજકતાને દૂર કરવા માટે કરવામાં આવે છે. જેઠીમધ એક પ્રભાવી પ્રાકૃતિક પદાર્થ છે જે તમારા ચહેરા પરથી મેલેનિનીની માત્રા ઓછી કરે છે. તેનો પ્રયોગ કરવાથી તમે સારી ત્વચા મેળવી શકો છો. જો તમારે સારી અને સુંદર ત્વચા જોઈએ તો તમારા માટે મધ એક પ્રાકૃતિક માધ્યમ છે. તેમાં બ્લીચિંગ અને જર્મીસાઈડલ ગુણ હોય છે. પપૈયાં અને મધની મદદથી બનેલો પેક તમને નિશ્ચિત રીતે સાફ અને સમસ્યઓથી મુક્ત ત્વચા પ્રદાન કરે છે. એલોવેરામાં વિટામિન ઈ હોય છે. તેને પપૈયાં સાથે મિક્સ કરીને નિયમિત રીતે પ્રયોગ કરવાથી તે ક્ષતિગ્રસ્ત ત્વચાને યોગ્ય કરીને તેમાં નવો જીવ રેડવાની ક્ષમતા રાખે છે. ઘરે પપૈયા અને એલોવેરાનો ફેસપેક તૈયાર કરવા માટે એલોવેરાના પાનમાંથી ૨ ચમચી એલોવેરા જેલને ૨ ચમચી પાકાં પપૈયાની પેસ્ટની સાથે મિક્સ કરો.

જેમકે તમે બધા જાણો જ છો કે મુલ્તાની માટીનો પ્રયોગ ઘણી વસ્તુઓમાં કરવામાં આવે છે. મુલતાની માટી એક પ્રાકૃતિક માટી છે જે ત્વચામાં ઘણી માત્રામાં ખનીજ પદાર્થોનો સંચાર કરે છે તથા ચહેરાના વધારાના તેલ પર નિયંત્રિણ કરે છે. એટલાં માટે તમે પપૈયાં અને મુલતાની માટીનો પ્રયોગ કરો. જો તમારા ચહેરા પર ખીલ છે અને તમે તેનાથી પરેશાન છો તો પપૈયામાં રહેલા પપેન ત્વચામાં એક્સફોલિએટ કરવામાં મદદ કરે છે જે એક રીતે એક્ને અને ખીલ પર નિયંત્રણ કરવામાં મદદ કરે છે, તથા બીજી બાજુ, એક્ને અને ખીલ દ્વારા થયેલા દાગને દૂર કરે છે.

આનો ફેસપેક લગાવો અને ખીલથી છુટકારો મેળવો. લીમડો એક ઔષધી છે અને લીમડામાં પ્રાકૃતિક એન્ટીબેક્ટેરીયલ ગુણ મળી આવે છે. જ્યારે તમે એક્ને અને ખીલ જેવી સમસ્યાથી પીડાઓ છો તો લીમડા ઉપરાંત કદાચ એવું કોઈ પ્રાકૃતિક ઉત્પાદન હશે જે તમને સારા પરિણામ પ્રદાન કરી શકે. તેના માટે લીમડો અને પપૈયાંનો ફેસપેક ચહેરા પર લગાવો અને તેનાથી છુટકારો મેળવો. જો તમારે ખીલથી છુટકારો મેળવવો હોય તો તમારે હળદર અને પપૈયાંનો ફેસપકે પણ બનાવીને લગાવવો જોઇએ. તેનાથી તમારા ચહેરા પરના ખીલની સમસ્યા દૂર થઈ જશે.

## નારી ચેતના...

અનુસંધાન ૫ નું ચાલુ

અગાઉ હાથ ધરાયેલા એક સર્વેક્ષણ મુજબ ૬૯ ટકા મહિલાઓએ મેનેજમેન્ટને ફરિયાદ કરવાનું યોગ્ય ગણ્યું ન હતું. સર્વેમાં ભાગ લેનારી મહિલાઓએ એવું પણ કહ્યું હતું કે મેનેજમેન્ટ પાસે જઈને ફરિયાદ કરવા કરતા અમે જાતે જ મામલો પતાવવાનું વધુ મુનાસિબ માન્યું હતું.

ફરિયાદ ટાળવાના ઘણા બધા કારણો હતા. સિનિયરોનો ભય, મૂંઝવણભરી પરિસ્થિતિ વગેરે વગેરે... પરંતુ સૌથી અગત્યનું કારણ હતું ફરિયાદ નિવારણ યંત્રણા પરનો અવિશ્વાસ. ન્યાય મળવામાં પણ પક્ષપાતી વલણ ધરાવાશે એવો ફફડાટ મહિલાઓને ફરિયાદ કરતા રોકે છે. ઈન્ટરનલ કમિટિને કાયદાની જોગવાઈઓની જાણ પણ હોતી નથી એવા સંજોગોમાં મહિલાઓ ન્યાયની અપેક્ષા કઈ રીતે રાખી શકે?

લગભગ ૭૦ ટકા મહિલાઓએ આંતરિક સમિતિએ કોઈ પણ જાતના પક્ષપાતી વલણ અપનાવ્યા વિના ન્યાય તોડ્યો હોવાની વાતે નનૈયો ભણ્યો હતો. કાયદો કહે છે કે જાતીય સતામણીની ફરિયાદના કિસ્સામાં ઈન્ટરનલ તપાસ સમિતિની રચના કરવી ફરજિયાત છે. આ કાયદો ફરિયાદીને ઑફિસમાં જ મામલાની પતાવટ કરવાનો અથવા ફોજદારી ફરિયાદ નોંધાવવાનો વિકલ્પ આપે છે.

## આગ ભીતર ભીતરની...

અનુસંધાન ૫ નું ચાલુ

ધારિણી પાટલા પર બેસી. પાછળ હું બેઠી. આવેલા મહેમાનો ડોકટરો બાજુ પડખેની ખુરશીમાં ગોઠવાયા. મહારાજ શ્લોકો બોલતા હતા. ધારિણીને જમણા હાથમાં જળ... પુષ્પો લેવાનું કહેતા હતા. મારી નજર ઘડીમાં પૂજાવિધિ ભણી ક્યાંક ધારિણીએ રાખેલ હતો એના બેઠક રૂમ ભણી જતી – જ્યાં દીવાલ પર એના પપ્પાનો ફોટો હતો.

આજે તમે જીવતા હોત તો... વિચારાના ચકડોળમાં મન ઉપર નીચે ફરતું હતું.જાણે કશેને ફરવા લાગ્યું હતું જો તમે જીવતા હોત તો તમારી છાતી ગજગજ ફુલી જતી હોત... આજે મારી ધારિણી બેટીએ નામ રોશન કરી દીધું. સમાજવાળા કહેતા કે બકુલની ધારિણી ડોક્ટર થઈ. વાહ... વાહ...થવા લાગત..

પૂજન થઈ ગયું. પેંડા વેફર હતા. એક તરફ ગોઠવી રાખ્યા હતા. ઉદ્દ્ઘાટન થયું પછી ધારિણી મને ભેટી પડી. મેં એના માથા પર હાથ ફેરવ્યો. પછી નાસ્તાની પ્લેટો ભણી ગઈ. હાજર મહેમાનોને આપવા ત્યારે એ બધા મહેમાનો મને ઓળખાતા હતા કે હું ધારિણીની મધર છું. જેવી ડિશો આપવા ગઈ કે મોટા ભાગના બોલી ઉઠ્યા ‘મમ્મી – આ શું કરો છો ?’ બેસી જાવ એક તરફ અમે લઇ લઈશું...’ ધારિણી પણ બોલી ‘મા, શું કરે છે બેસી જ પેલી ખુરશીમાં...’ ધારિણીએ મારી તરફ આંગળી ચિંધી... એ ખુરશી ધારિણીને બેસવા માટેની હતી.

મેં માથું ધુણાવ્યું.

ધારિણીની સાથે અન્ય મહેમાન સ્ત્રીઓએ આવીને મને એ ખુરશીમાં બેસાડી. ડોક્ટર ન હતી તોય એ બેઠક પર બેઠી. ફરી એકવાર આંખોમાં ઝળઝળિયાં આવી ગયા. હું રડી હોવાની વાત જાહેર થઇ ગઈ. આંસુ લુછવા ધારીણીએ રૂમાલ આપ્યો. કશું બોલી નહિ... આવેલા મહેમાનો એમ સમજી ગયા – એક ધારણા પ્રમાણે કે આ તો એક માતાના ખુશીના આંસુ છે.

સાડા અગિયાર થયા. સૌને હોટલમાં જમવાનું હતું. હું ના પાડી. ધારા સાથે ગઈ. હોટલમાં જમી.

મારા એ અકસ્માતમાં અકાળ મરી ગયા પછીના ત્રણ ચાર વર્ષના કોઈ હોટલમાં જમવા ગઈ હતી ના થિયેટરમાં હું પિકચર જોવા ગઈ હતી. જિંદગી જાણે સાવ સંકોચાઈ ગઈ હતી. એ સમયે મારી સાથે કામ કરનારો જયાનંદ મારા પરિચયમાં અને હું એના પરિચયમાં આવેલા. એની પત્ની કિડનીની બિમારીમાં મૃત્યુ પામી હતી અને મારા મિસ્ટર અકસ્માતમાં... વિધવા વિધુરનું એક આખું સમીકરણ ઊભું થવા લાગ્યું હતું. જે આળસ મરડીને આગળ વધવા લાગ્યું હતું ત્યારે હું પણ વિચારતી હતી... હજુ જિંદગી લાંબી પડી છે. પુરુષના સાથ વગર આ દુનિયામાં જીવવું મુશ્કેલ છે. બધે માથા ફોડવા પડશે. ક્યાંક અપમાનિત થવું પડશે તો ક્યાંક કોઈની બુરી નજરનો ભોગ બનવું પડશે.

જયાનંદ કહેતો.

‘આપણે બન્ને એક જ ધરી પર આવી ગયેલા પાત્રો છીએ. જો જોડાઈ જશું તો શક્ય છે સુખ મળે.’

‘તમારી વાત સાચી છે પણ...’

‘પણ શું?’

હું એ સાંજે મૈસુરકાફેમાં જયાનંદની સાથે કોફી પીતાપીતા રોકાઈ ગઈ હતી. ત્યારે ખુલ્લી બારી વાટે આવેલા પવનની જોરદાર લહેરખી એ મારા માથા પરના સુકા વાળની લટો ચહેરા પર આવી ગયેલી એ સમયે જયાનંદે કહેલું ‘આ પવનથી તમારા ચહેરા પર સુકાવાળની લટો આવીને એવી વિખેરાઈ ગઈ છે કે...’

એમણે સાહિત્યિક શબ્દો કહેલા અન મને રસ ન હતો. સાંજ ઢળવા માંડેલી. આકાર વિનાના આકાશના શીનામાંથી અંધકાર ખરવા માંડેલો.

‘મારે જવું જોઈએ...’ મેં કહેલું.

પણ જવાબ ન આપ્યો...

અમે છુટા પડ્યા હતા.

ત્યારે અમારી મુલાકાતો વધી રહી હતી. મને આશાઓ બંધાતી હતી. એક દિવસ એમણે જે કહયું એ સાંભળીને હું સ્તબ્ધ બની ગઈ.

જયાનંદે કહયું ‘મારે કોઈ જ સંતાન નથી. તમારે છે પણ...’

..................

વાસ્તવમાં અમારે ભાગી જઈને લગ્ન કરવાના હતા. એમાં મારે મારી ધારાને એકલી મુકીને એ રાત્રે ભાગી જવાનું હતું. હું તૈયાર પણ થયેલી. સાંજે ધારાની રાહ જોતી હતી. એ આવે એને એકલી મુકીને પણ એ દિવસે મારી ધારા પ્રથમ વર્ગમાં પ્રથમ નંબરે પાસ થયેલી. મને ચોંટેલી. બોલેલી ‘માં, મારે ડોકટર બનવું છે.’

એ સાથે જ હચમચી ઊઠી હતી. જો પારકાની સાથે ભાગી જઈશ... તો આ છોડીને એકલી મુકીને તો એનું ડોકટર બનવાનું સ્વપ્ન શી રીતે પૂરું થશે...

‘હા, ધારા તું ચોક્કસ બનીશ... હું બનાવીશ...’

એ પછી મારી ઈચ્છાઓની ઉઠેલી આંધીને દીવાલ બનાવીને અટકાવી દીધીહતી...

જિંદગી ધારા સાથે જોડી દીધી હતી. જયાનંદને ના પડી દીધી હતી એ નારાજ થયો પણ...

ધારા ધારિણી ડોક્ટર બની.

બપોરે બે અઢી વાગે ઘેર આવ્યા. અમે બંને થાકી ગયા હતા. સુઈ ગયા છેક સાંજે જાગ્યા. ધારાએ કહયું ‘મા, તારે આવતી કાલથી મારા ક્લિનિક પર આવીને બેસવાનું છે. હું મુખ્ય ડોક્ટર... માં તું મારી...

જિંદગી યાદ હતી. જો જયાનંદની સાથે ભાગી ગઈ હોત તો ધારા...

રેણુબેન વિષ્ણુકુમાર આર. બારોટ અમદાવાદ
મો.૯૮૨૪૨૩૪૬૬૮

## નારી...

અનુસંધાન ૫ નું ચાલુ

સોલિડ ગોલ્ડની ઈજિપ્શિયન ડિઝાઈનની સાથે પર્લ અને ડાયમંડની ડિઝાઈન આનું એક ઉદાહરણ છે.

આજકાલ લગ્નસરાની ખરિદી કરતી વખતે યુવતીઓ એવી જ જ્વેલરીની પસંદગી વધુ કરે છે જે બ્રાઈડલ વેરની સાથે સાથે બીજા અન્ય પ્રસંગોમાં ઉપયોગમાં લઈ શકાય. અને આ પ્રકારની ખરિદી કરનાર યુવતીઓ માટે ફ્યુઝન જ્વેલરી ઉત્તમ છે. જેને બીજા આઉટફિટ અને એલીગન્સ સાથે સરળતાથી કેરી કરી શકાય છે. ગોલ્ડની પરંપરાગત જ્વેલરી સાડી અને સલવાર સુટમાં સુંદર લાગે છે. અને જો એ ગોલ્ડ જ્વેલરીમાં સ્ટડેડ ડાયમંડ્સ, પ્રેશસ અને સેમી પ્રેશસ સ્ટોનનો સમન્વય કરીને મોર્ડન લૂક આપીને તૈયાર કરાયેલ જ્વેલરીને વેસ્ટર્ન વેર સાથે પણ પહેરી શકાય છે. આ પ્રકારની જ્વેલરીને પોકેટ ફ્રેન્ડલી જ્વેલરી કહેવામાં આવે છે. જે સોંઘી હોવાની સાથે આકર્ષક હોય છે. તો બીજી બાજુ રિયલ ડાયમંડ, સબી, બ્લુ સૈફાયર નેકલેસની કિંમત ઘણી વધારે હોય છે. ગોલ્ડમાં કુંદન, પોલકી, ફ્લોરલ પેટર્નમાં મીનાકારી અને ફાઈન ફિનિશ વાળા ડાયમંડને એક સાથે મિશ્રિત ફ્યુઝન જ્વેલરી માનુનીના બોલ્ડ અને બ્યુટિફુલ અંદાઝને વ્યક્ત કરે છે. આ સાથે એમાં મોડર્ન અને ટ્રેડિશનલ ડિઝાઈનનો સમન્વય જોવા મળે છે. જે ક્યારેય આઉટ ઓફ ફેશન નથી થતો.

# પાટણમાં અષાઢી બીજની રથયાત્રાની જગન્નાથજીના મંદિરે તડામાર તૈયારી

પાટણ

ઉત્તર ગુજરાતમાં ભવ્યાતિભવ્ય જગન્નાથજી ભગવાનની રથયાત્રા દર વર્ષની જેમ આ વર્ષે અષાઢ સુદ બીજનો રોજ તા. ૧૪/૭/૧૮ ના રોજ નિકળશે, ચાલુ સાલે જગન્નાથજીની આ ૧૩૬ મી યાત્રા છે,મંદિરના ટ્રસ્ટીઓએ ચાલુ સાલે રથયાત્રા પ્રમુખ તરીકે કાન્તીલાલ મોહનલાલ પટેલ તથા ઉપપ્રમુખ તરીકે કિશોરભાઈ સી. રાવલની નિમણુંક કરી છે.

# ઐઠોરના વીજળીયાપરાના રહીશો વર્ષોથી પાકા રસ્તાથી વંચિત

ઊંઝા

ઊંઝા તાલુકાના ઐઠોરથી વીજળીયા પરા જવા માટે પાકો રોડ નહિં હોવાથી ચોમાસાના દિવસોમાં સમગ્ર વિસ્તાર સંપર્ક વિહોણું બની જાય છે. છેલ્લા ૫૦ વર્ષથી પાકો રસ્તો બનાવવા સરકારમાં અનેક વખત રજુઆત કરી છતાં પરિણામ શુન્ય આવ્યું છે. ત્યારે ગ્રામ્યજનોએ ઊંઝાના ધારાસભ્ય ડૉ.આશાબેન પટેલ સમક્ષ પાકા રસ્તા માટે માગણી કરતા ફરીથી ફાઈલોનો ધમધમાટ શરૂ થયો છે. ડૉ.આશાબેને ઉચ્ચ કક્ષાએ રજુઆત કરવા અને રોડ બનાવવા માટે બીડુ ઝડપ્યુ છે. ચોમાસામાં વરસાદના કારણે બાળકો ઐઠોર ભણવા જઈ શકતા નથી. કાચા રસ્તામાં પાણી ભરાતા રોડની સ્થિતિ ગંભીર બની રહે છે.

# મહેસાણા કાર કૌભાંડની તપાસ રસપ્રદ તબક્કામાં : તપાસ પ્રક્રિયા અટવાઈ

મહેસાણા

મહેસાણા કાર કૌભાંડની તપાસ રસપ્રદ તબક્કામાં પહોંચી છે. જેમાં કાર શોખીનોના નાણાં અને સમયનો વ્યાપક પણે બગાડ થઈ રહ્યો છે. છતાં કૌભાંડમાં ભોગ બનનાર વાહન માલિકોને પોતાની કાર છોડાવવા ગુજરાત અને મુંબઈ વચ્ચે ધરમધક્કા ખાવાનો વારો આવ્યો છે.

જાણવા મુજબ ત્રણ માસ પૂર્વ મુંબઈ પોલીસે કાર ચોરીના કૌભાંડનો પર્દાફાશ કર્યો હતો. જેનો રેલો મહેસાણા સુધી પહોંચ્યો હતો. આ કૌભાંડમાં મુંબઈ પોલીસે જુદા જુદા સમયે અને સ્થળેથી ચોરી કરવામાં આવેલ. સાત કારનો કબજો મેળવ્યો હતો. જે પૈકી પાંચ ગાડી મુંબઈ લઈ જવાઈ હતી. જે પૈકી બે કાર મહેસાણા પોલીસને સુપરત કરી તપાસ ચલાવાઈ હતી.સુત્રોમાંથી જાણવા પ્રમાણે ચોરીની કબજે લેવાયેલી સાત ગાડી પૈકી એક ગાડી ખરીદનાર વ્યક્તિએ અદાલતી કાર્યવાહી કરીને પરત મેળવી હતી. પરંતુ હજુ મુંબઈ પોલીસ દ્વારા લઈ જવાયેલી પાંચ ગાડીઓ તથા મહેસાણા પોલીસના કબજા હેઠળની એક ગાડી તપાસની કાર્યાહીમાં અટવાઈ છે. સદર ગાડી છોડાવવા માટેની પ્રક્રિયાથી દૂર રહી ખરીદનાર કાર માલિકે પૈસાનો તકાજો તેમને કાર વેચનાર એજન્ટ પાસે શરૂ કર્યો છે.

# આજે પાટણમાં કાલિકા મંદિરમાં પ્રથમવાર અન્નકૂટના દર્શન થશે

પાટણ

પાટણના નગરદેવી શ્રી કાલિકા માતાજીના પ્રાચીન મંદિરમાં પુરૂષોત્તમ માસના છેલ્લા દિવસે એટલે કે તા.૧૩/૬/૨૦૧૮ ને બુધવારે અમાવસ્યાના રોજ માતાજી સમક્ષ અન્નકૂટ ભરાશે. અન્નકૂટના દર્શન સવારે ૧૦ થી બપોરના એક વાગ્યા સુધી થશે. અન્નકૂટમાં ધરાવવામાં આવનાર તમામ સામગ્રી શ્રી માતાજીના પરમ ઉપાસક અને હાલ ઓસ્ટ્રેલિયાના રહેતા રોમીલકુમાર વિનોદભાઈ તારકલ તરફથી પુરી પાડવામાં આવી છે. મંદિરના પુજારી અશોકભાઈ વ્યાસના જણાવ્યા મુજબ અન્નકૂટના દર્શનનો લાભ કાલિકા મંદિરમાં પ્રથમવાર ઉપલબ્ધ થયો છે.

# વિવિધ બજાર ભાવ

| | | | |
|---|---|---|---|
| | ડીસા | વરીયાળી | ૧૧૦૭-૧૩૧૦ |
| ઘઉં | ૩૩૦-૩૩૨ | રાયડો | ૭૦૦-૭૪૫ |
| બાજરી | ૨૩૭-૨૬૪ | એરંડા | ૭૪૦-૭૬૬ |
| રાજગરો | ૧૦૦૦-૧૧૨૧ | જવ | ૨૮૯-૩૧૫ક |
| મગફળી | ૭૩૦-૮૪૧ | ઘઉં | ૩૧૦-૩૮૨ |
| એરંડા | ૭૪૮-૭૫૬ | જુવાર | ૬૧૧-૮૪૯ |
| રાયડો | ૭૧૩-૭૨૩ | બાજરી | ૧૮૧-૨૫૦ |
| | પાંથાવાડા | સવા | ૮૫૦-૯૧૫ |
| ઘઉં | ૨૮૦-૩૩૨ | | પાટણ |
| બાજરી | ૨૨૦- ૨૩૦ | જીરૂ | ૨૩૦૦-૨૯૧૧ |
| ગવાર | ૬૭૧ | વરીયાળી | ૧૦૪૦-૧૫૨૯ |
| એરંડા | ૭૪૬-૭૫૧ | મેથી | ૪૦૦-૫૫૫ |
| રાયડો | ૭૨૦ | સુવા | ૫૦૦-૯૨૦ |
| મગફળી | ૭૪૦- ૮૧૯ | રાયડો | ૬૬૦-૭૫૨ |
| જીરુ | ૨૭૩૧ | એરંડા | ૭૩૧-૭૬૬ |
| | ધાનેરા | ઈસ. | ૧૦૦૦-૧૧૦૦ |
| ઘઉં | ૩૨૦-૩૮૪ | અજમો | ૫૮૦-૧૦૯૦ |
| બાજરી | ૨૩૬-૨૫૫ | ઘઉં | ૩૨૨-૩૭૫ |
| જુવાર | ૬૨૫ | બાજરી | ૨૧૫-૨૪૬ |
| ચોળા | ૧૧૧૧ | ગવાર | ૬૩૨-૬૮૬ |
| ગવાર | ૬૫૬-૭૦૧ | જુવાર | ૫૫૦-૭૯૪ |
| રાયડો | ૬૬૦-૭૩૦ | જવ | ૩૦૦-૩૦૩ |
| એરંડા | ૭૪૧-૭૬૨ | બંટી | ૩૦૬ |
| રજકો | ૧૯૦૦-૨૦૨૫ | રજકાબાજરી | ૩૦૦-૪૨૭ |
| સુવા | ૮૪૯-૯૫૮ | રજકો | ૧૩૦૦-૨૩૫૦ |
| વરી. | ૧૩૦૦ | ચીકુડી | ૧૧૦૦-૧૫૦૨ |
| ઈસ. | ૧૦૫૦-૧૪૦૦ | | થરાદ |
| તલ | ૧૩૩૦ | રાયડો | ૭૨૦-૭૫૪ |
| જીરૂ | ૨૪૯૧-૨૮૭૬ | એરંડા | ૭૪૫-૭૪૮ |
| રાજગરો | ૮૬૦ | ગવાર | ૬૬૦-૬૮૦ |
| અજમો | ૧૩૫૦-૧૭૦૧ | મેથી | ૪૪૧-૮૫૦ |
| અસાળીયો | ૮૧૨ | બાજરી | ૨૪૦-૨૬૦ |
| ચીકુડી | ૧૩૫૦-૧૫૨૫ | ઈસ. | ૧૧૦૦-૧૪૫૦ |
| ર.બાજરી | ૪૦૬-૪૧૭ | જીરૂ | ૨૪૫૦-૩૦૫૦ |
| | થરા | અજમો | ૧૦૦૦-૧૫૦૦ |
| જીરૂ | ૨૬૨૫-૩૪૧૧ | સોવા | ૮૮૦-૮૮૦ |
| એરંડા | ૭૪૮-૭૬૭ | વરીયાળી | ૧૩૦૦-૧૩૫૬ |
| રાયડો | ૭૧૦-૭૩૦ | ચીકુડી | ૧૨૫૦-૧૫૪૦ |
| ઘઉં | ૩૧૮-૩૬૮ | | રાહ |
| બાજરી | ૨૩૦-૨૬૧ | રાયડો | ૭૧૫-૭૩૦ |
| જુવાર | ૫૮૦-૧૦૩૬ | એરંડા | ૭૪૫-૭૫૧ |
| રજકો | ૧૯૫૦-૨૬૬૦ | બાજરી | ૨૩૫-૨૫૦ |
| | સિધ્ધપુર | ચિકુડી | ૧૩૦૦-૧૪૬૫ |
| જીરૂ | ૨૫૩૦-૨૬૦૫ | સોવા | ૮૪૦-૯૦૦ |

# સિનીયર સીટીઝન કાઉન્સીલ પાટણ ખાતે સોલાર લોકાર્પણ કાર્યક્રમ યોજાયો

પાટણ

પાટણ સિનિયર સીટીજન કાઉન્સીલ હોલ ખાતે ગતરોજ ગુજરાત પ્રદેશ ભાજપ મહામંત્રી કે.સી.પટેલની અધ્યક્ષતામાં સોલાર પ્લાન્ટનું લોકાપર્ણ કરવામાં આવ્યું હતું.

કુંજ બિહારી જુગલ કિશોર શાહ એમ.ડી. ઝોડીયાક એનર્જી કંપની અદાવાદ દ્વારા ગતરોજ પાટણ સિનિયર સીટીજન કાઉન્સીલ હોલમાં સોલાર પ્લાન ૩.કે.જી નો નાખવામાં આવ્યો હતો તેનું લોકાપર્ણ પાટણના સિનિયર સભ્યો તથા ગુ.રા. ભાજપના મહામંત્રી કે.સી. પટેલ દ્વારા કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ઉપસ્થિત એવા દર્શકભાઈ ત્રિવેદી નગરપાલિકા પ્રમુખ મહેન્દ્રભાઈ પટેલ, શૈલેષભાઈ બ્રહ્મક્ષત્રિય, શકરભાઈ પટેલ પ્રમુખ, રમણલાલ પટેલ મંત્રી તથા સિનિયર સીટીજન સભ્યો ખાસ હાજર રહ્યા હતા આ પ્રસંગે આવેલ તમામ મહેમાનોનું સ્વાગત સિનિયર સીટીજન કલબના પ્રમુખ શંકરભાઈ પટેલ દ્વારા કરવામાં આવ્યું હતું. તથા જે સભ્યોના જન્મ દિવસ હતા તેઓનું પણ સ્વાગત કરવામા આવ્યું હતું.

આ પ્રસંગે કાઉન્સીલ વિશેની વિસ્તૃત માાહીતી દર્શકભાઈ ત્રિવેદી દ્વારા આપવામાં આવી હતી તથા સોલાર પ્લાન્ટના એમ.ડી.કુંજ બિહારી જુગલ કિશોરનો શુભેચ્છા સંદેશ પણ વાચવામાં આવ્યો હતો.

કે.સી પટેલે જણાવેલ કે આજે આપણે જોઈએ છીએ કે પાટણનો વિકાસ દિન-પ્રતિદિન વધતો રહ્યો છે. શિક્ષણ મેડીકલ ક્ષેત્રે આજે ખુબ જ હરણ ફાળ વિકાસ થઈ રહ્યો છે. આ વિકાસમા દિશા ચીન્હનું કામ જો કરતા હોય તો આ વડીલો છે મને જે આ પ્લાન્ટના ઉદઘાટન માટે બોલાવ્યો તે બદલ સંસ્થાનો આભાર માન્યો હતો.

આ પ્રસંગે શૈલેષભાઈ બ્રહ્મક્ષત્રીયે પણ પોતાના વ્યકતવ્યો રજુ કર્યા હતા તથા તેમના તરફથી સંસ્થાને ત્રણ એ.સી.ભેટમાં આપવામાં આવ્યા હતા તથા દર્શકભાઈ ત્રિવેદી પરિવાર વતી પણ સંસ્થાને ત્રણ એ.સી.નું દાન મળ્યું હતુ આમ સિનિયર સીટીઝન હોલ એ.સી.હોલ પાટણમાં પ્રથમ આવો હોલ જોવા મળશે.

આ પ્રસંગે સ્વ.પટેલ રઈબેન નરસિંહભાઈ તથા સ્વ.પરીખ કમલબેન સુરેશભાઈ સભ્યોને શ્રધ્ધાંજલી આપવામાં આવી હતી.તથા પ્રમુખ શંકરભાઈ કાળીદાસના જન્મદિવસ નિમિતેનું વિતરણ કરવામાં આવ્યું હતુ તથા આગામી મીટીંગ તા.૨૪-૬-૧૮ ના રોજ રાખવામાં આવી છે. કાર્યક્રમનું સફળ સંચાલન મંત્રી રમણલાલ પટેલ દ્વારા કરવામાં આવ્યું હતુ તથા આભાર વિધિ ઉષાબેન દ્વારા કરવામાં આવી હતી.

# શામળાજી કોલેજના પ્રિન્સીપાલ વિરૂદ્ધ ખોટું ફેસબુક એકાઉન્ટ

## અગાઉની અદાવતમાં બદનામ કરવાના ઈરાદે કૃત્ય આચર્યાની કબુલાત

હિમતનગર

ગઈ તા.૨૪/૦૬/૨૦૧૭ ના રોજ શામળાજી કોલેજના પ્રિન્સિપાલ વિરૂધ્ધ ફેસબુક ઉપર કોઈ વ્યકિતએ સ્નેહા પટેલ નામનું ખોટું ફેસબુક એકાઉન્ટ બનાવી તેના ઉપરથી ફરીને બદનામ કરવાના ઈરાદાથી ખોટી કોમેન્ટ કરી ફોટા અપલોડ કરેલ જે બાબતે ચિઠોડા પોલીસ સ્ટેશન ખાતે સે.ગુન્હા રજી.નં. ૩૦૧૭/૨૦૧૭ આઈટી એકટ ૬૬ સી મુજબનો ગુન્હો રજીસ્ટર થયેલ..

આ ગુન્હો સાયબર ક્રાઈમનો હોઈ જે તે વખતે આ ગુન્હાની તપાસ પો.ઈન્સ.એસ.ઓ. જી.ને સોંપવામાં આવેલ... સાબરકાંઠા પોલીસ અધિક્ષક સૌરભસિંઘે આ સાયબર ક્રાઈમનો ગુન્હો અનડીટેકટ હોય તથા ઘણા સમયથી પેન્ડિંગ હોઈ અંગત રસ લઈ ફેક એકાઉન્ટ બનાવનારની ઉંડાણપૂર્વક તપાસ કરી શોધી કાઢવા સુચના કરેલ જે અનુસંધાને એસ.ઓ. જી. ઈન્ચાર્જ પોલીસ ઈન્સ્પેકટર એસ.એન.પરમાર તથા એસ.ઓ.જી.ની ટીમ કામે લાગેલ આ બાબતે ફેસબુક ડીટેઈલ્સ એનાલીસીસ તથા ટેકનીકલ સર્વેલન્સની મદદથી ઉંડાણપૂર્વકની તપાસ દરમિયાન ઉપરોકત સ્નેહા પટેલ નામનું ફેક ફેસબુક એકાઉન્ટ બનાવવામાં તથા કોમેન્ટ કરવામાં બે યુવકો (૧) પટેલ ગૌરવ કચરાભાઈ રહે. દંતોડ તા.વિજયનગર તથા (૨) પટેલ બ્રિજેશ અરવિંદભાઈ રહે. કોડીયાવાડા તા. વિજયનગર વાળાઓની સંડોવણી હોવાની ખાતરી થતાં ગતરોજ તેઓ બંનેને એસ.ઓ.જી.કચેરી ખાતે બોલાવી ઉંડાણપૂર્વક પુછપરછ કરતાં અને પોલીસ પાસે તપાસ દરમિયાન પુરતા પુરાવા એકત્રિત થયેલ હોઈ સદર યુવકોએ આ કામના ફરીયાદીને તથા નં.૧ના મામા તથા નં.૨ના પિતાને કૌટુંમ્બિક જમીન બાબતે ઘણા સમયથી વિવાદ ચાલતો હોઈ જે બાબતે આજથી એકાદ વર્ષ અગાઉ ઝગડો થયેલ અને તે સમયે આ બંને યુવકો હાજર ન હોય ઝગડાના સમાચાર મળતાં આ બાબતે લાગી આવતાં એકદમ ઉશ્કેરાટ-આવેશમાં આવી જઈ આ કામના ફરી. જે પ્રતિષ્ઠિત કોલેજના પ્રિન્સિપાલ હોઈ કોઈ છોકરીના નામનું ખોટુ એકાઉન્ટ બનાવી કોમેન્ટ કરીશું તો તેમની ઈજ્જત-આબરૂને નુકશાન થશે અને પોતાના વિશે કોઈને ખબર પણ નહી પડે તેવું વિચારી બદલો લેવાના આશયથી ફરી.ને બદનામ કરવા માટે સ્નેહા પટેલ નામનું ફેક એકાઉન્ટ બનાવી ફેસબુક ઉપર કોમેન્ટો કરેલ હોવાની બંનેએ કબુલાત કરેલ હોઈ તેઓની ચિઠોડા પો.સ્ટે. ગુન્હા રજી. નં. ૩૦૧૭ /૨૦૧૭ મુજબના ગુન્હાના કામે ધરપકડની કાર્યવાહી કરી વધુ તપાસ હાથ ધરવામાં આવેલ છે.

આ સાયબર ક્રાઈમ ડીટેકશનની કામગીરીમાં એસ. ઓ. જી. ઈન્ચાર્જ પોલીસ ઈન્સ્પેકટર એસ.એન.પરમાર તથા ASI નવીનભાઈ તથા મહેન્દ્રસિંહ, અપેન્દ્રસિંહ, ધર્મેન્દ્રસિંહ, જિતેન્દ્રસિંહ, રમણલાલ વિ. એસ.ઓ.જી. સ્ટાફના માણસો જોડાયેલ હતા. આ રીતે TEAM SOG સાબરકાંઠાને સાયબર ક્રાઈમનો ગુન્હો ડીટેકટ કરવામાં વધુ એક સફળતા મળેલ છે...

આ બનાવ સોશિયલ મીડિયામાં સતત એક્ટિવ હતા અને મોજમસ્તી માટે ફેક પ્રોફાઈલ બનાવનાર યુવાનો માટે ચેતવણી સમાન છે ઈન્ટરનેટના ઉપયોગ દ્વારા કરાયેલી નાનકડી ભૂલ તમને સાયબર ક્રાઈમના આરોપી બનાવી શકે છે...

# હિંમતનગર નગરપાલિકાના અઢી વર્ષ પૂર્ણ થતાં પ્રમુખ અને ઉપપ્રમુખની ચૂંટણી યોજાઈ

## પાલીકામાં ભાજપનું શાસન અકબંધ




હિંમતનગર

હિંમતનગર નગર પાલિકાના પ્રમુખ અને ઉપપ્રમુખની ચૂંટણી યોજાઈ સાબરકાંઠાના હિંમતનગરની નગરપાલિકાની સ્થાપના થી આજ સુધી નગરપાલિકા ભાજપ હસ્તક રહી છે ત્યારે આજે નગરપાલિકા પ્રમુખની ચૂંટણી માટે ઓબીસી અનામત સીટ હતી જેમાં ભાજપના ચાર ઓબીસી સદસ્યો હતા.

ત્યારે પક્ષે પ્રમુખ પદ માટે અનિરુદ્ધભાઈ સોરઠીયા અને ઉપ પ્રમુખ પદ માટે મહિલા જયાબેન પ્રહલાદભાઈ પટેલનું મેન્ડેટ આપ્યું હતું જેને લઈને ભાજપના સદસ્ય અનિરુદ્ધ સોરઠીયાની પ્રમુખ પદે સર્વાનુમતે વરણી કરવામાં આવી સાથે ઉપ-પ્રમુખ માટે જયાબેન પટેલની બિનહરીફ વરણી થતાની સાથે સદસ્યો ટેકેદારોએ અબીલ-ગુલાલ ઉડાડી અને હાર પહેરાવી નવ નિયુક્ત પ્રમુખ અને ઉપ પ્રમુખ ને અભિનંદન આપ્યા હતા.

પાલિકામાં હાલ ભાજપ ના ૨૭ સદસ્યો અને કોંગ્રેસ ના ૯ સદસ્યો છે.જેમાંથી એક સદસ્યનું અવસાન થતા હાલ જગ્યા ખાલી પડેલ છે અને કોંગ્રેસની ૮ બેઠકો છે તો વર્ષોથી ભારતીય જનતા પાર્ટીએ પાલિકાનું સુકાન સાચવી રાખ્યું છે.નવનિયુક્ત પાલિકા પ્રમુખે પારદર્શક વહીવટ ની સાથે અનેક વિકાસના કામો કરવાની અને પ્રજા લક્ષી કામો ને પ્રાધાન્ય મળી રહે તેવા કામો કરવાની જાહેરમાં ખાત્રી આપી છે.

# વિદેશી દારૂની હેરાફેરીના આરોપસર પોલીસ કોન્સ્ટેબલની ધરપકડ

(જી.એન.એસ) વિસનગર

વીસનગર પોલીસ સ્ટેશનમાં ફરજ બજાવતો એક કોન્સ્ટેબલ વિદેશી દારૂની હેરાફેરી કરવાના ગુનામાં આબાદ ઝડપાઇ ગયો હતો. પોલીસે આ કોન્સ્ટેબલ પાસેથી વિદેશી દારૂના જથ્થા સાથે આશરે રૂ.૧૦ લાખનો મુદ્દામાલ કબજે કર્યો છે.વડનગર નજીક કહીપુર ગામની સીમમાંથી પસાર થઇ રહેલ બે સ્કોર્પિયો ગાડી વચ્ચે અકસ્માત થતા પેટ્રોલિંગ કરી રહેલ પોલીસે તાત્કાલીક ઘટનાસ્થળે પહોંચી જઇ તપાસ કરતા એક સ્કોર્પિયો ગાડીમાંથી વિદેશી દારૂની ૧૦૪૦ બોટલો મળી આવી હતી. પોલીસે ઘટના સ્થળેથી ઉપેન્દ્રસિંહ અમરસિંહ રાજપૂતની ધરપકડ કરી તેની ઊલટ તપાસ કરતા આ ગુનામાં વિસનગર પોલીસ સ્ટેશનમાં ફરજ બજાવતા નરેન્દ્રસિંહ નટુજીનું નામ ખુલતાં ગઇ મોડી રાત્રે તેની પણ ધરપકડ કરવામાં આવી છે.

# હિમાચલ પ્રદેશના મનાલી ખાતે બાળ સાહસિકતા શિબિરનું આયોજન કરાયું



પાટણ

પાટણના કલેકટરશ્રી આનંદ પટેલે પાટણના ચિલ્ડ્રન હોમના ૧૦ વિદ્યાર્થીઓને કુલુ મનાલિના ૧૦ દિવસીય ટ્રેકીંગ પ્રવાસ માટે લીલી ઝંડી ફરકાવી પ્રસ્થાન કરાવ્યું હતું. અને બાળકોને મોં મીઠુ કરાવી શુભકામના પાઠવી હતી. કલેકટરશ્રીએ જણાવ્યું હતું કે, ચિલ્ડ્રન હોમ ના વિદ્યાર્થીઓ માટે આ અનુભવ થકી તેમનામાં સાહસિકતા નિર્માણ કરશે. ચિલ્ડ્રન હોમ ના બાળકો સમાજના બાળકોની જેમ ખુશહાલ જીવન જીવી શકે તે માટે રાજ્ય સરકારે આ પ્રવાસનું આયોજન કર્યું છે. જેનાથી વિદ્યાર્થીઓને રાજ્ય બહાર જવાનો અવસર સાંપડશે.

સરકારી બાળ ગૃહમાં રહેતા બાળકો પણ અન્ય બાળકોની જેમ કુદરતને માણી શકે તે માટે ગુજરાત સ્ટેટ ચાઈલ્ડ પ્રોટેકશન સોસાયટી દ્વારા આ બાળકો માટે હિમાચલ પ્રદેશના મનાલીમાં બાળ સાહસિકતા શિબિરનું આયોજન કરાયું છે. બે બેચમાં યોજાનારા આ શિબરિરમાં ૧૪૭ બાળકોને આવરી લેવાશે. ગુજરાત સ્ટેટ ચાઈલ્ડ પ્રોટેકશન સોસાયટી દ્વારા આયોજિત આ શિબિરની પ્રથમ બેચ, ૫ જૂન ૨૦૧૮ થી ૧૪ જૂન ૨૦૧૮ દરમિયાન તેમજ બીજી બેંચમાં સુરત, વડોદરા, અમદાવાદ, પાલનપુર અને પાટણના મળી કુલ-૭૦ બાળકો ૧૧ જૂનથી ૨૦ જૂન ૨૦૧૮ દરમિયાન (કુલ ૧૦ દિવસ) પ્રસ્થાન કરશે. જેમાં ચિલ્ડ્રન હોમ ફોર બોયઝ, પાટણની સંસ્થાના ૧૦ બાળકો તથા એક કેર ટેકરનો સમાવેશ કરેલ છે. જેમાં સોસાયટીના અધિકારીઓ, કર્મચારીઓ સાથે રહી બાળકોને માર્ગદર્શન આપશે. અત્રે ઉલ્લેખનીય છે. કે, બન્ને બેચની શિબિરમાં જોગણી વોટર હોલ્સ, હિડિમ્બા ટેમ્બલ, સ્નો/ભ્રીગું, મનાલી જેવા પર્વતોમાં પર્વતારોહણની પ્રવૃત્તિ કરવામાં આવશે. તેમજ સાહસિક તાલીમ શિબિરમાં બાળકોને રીપલીંગ, ઝીપ લાઈન, રીવક ક્રોસિંગ, કેમ્પ ફાયર જેવી પ્રવૃતિઓ તેમજ નેતૃત્વ, જીવન કૌશલ્ય, હકારાત્મક જીવન શૈલી અંગે સવિસ્તૃત માર્ગદર્શન અપાશે. કુલુ મનાલી જવા વિદ્યાર્થીઓને શુભેચ્છા પાઠવવા માટે બાળક કલ્યાણ સમિતિના ચેરમેનશ્રી મધુબેન સેનમા, નલીનીબેન માને, ઉષાબેન બુચ, ભાવનાબેન પટેલ, લવજીભાઈ, જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીશ્રી વાય.આર.મંડોરી, જિલ્લા બાળ સુરક્ષા અધિકારી કેતનભાઈ પ્રજાપતિ, અધિક્ષક તુષારભાઈ પ્રજાપતિવગેરે ઉપસ્થિત રહ્યા હતા. કુલુ મનાલીના પ્રવાસે જતા વિદ્યાર્થીઓએ તેમના પ્રતિભાવ આપ્યા હતા.

# મોડાસાનું ટીંટોઈ પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર બીમાર હાલતમાં હોવાથી દર્દીઓની હાલત કફોડી

(જી.એન.એસ) મોડાસા

રાજ્ય સરકારના વિકાસના પોકળ દાવાઓ અને આરોગ્યલક્ષી સેવાઓ પૂરતી ઉપલબ્ધ હોવાની ગુલબાંગો વચ્ચે રાજ્યની આરોગ્યલક્ષી સેવાઓ કથળતા અને અણઘડ વહીવટના પગલે બીમાર લોકોને ભારે હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે. મફત આરોગ્યલક્ષી સેવાઓની ભારે જાહેરાતો વચ્ચે પ્રાથમિક આરોગ્યકેન્દ્રમાં અપૂરતા તબીબો અને કર્મચારીઓ ઘટના પગલે આરોગ્યલક્ષી સેવાઓમાં રાજ્યસરકાર નિષ્ફળ રહી હોય તેવા દૃશ્યો ઠેર ઠેર જોવા મળે છે. અરવલ્લી જીલ્લાના મોડાસા તાલુકાના વસ્તીની દ્રષ્ટિએ મોટામાં મોટા ટીંટોઈ ગામે આવેલ પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ના તબીબ રજા પર ઉતરી જતા છેલ્લા કેટલાક દિવસોથી ચાર્જમાં ચલાવતા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રમાં તબીબોની અનિયમિતતાના પગલે હાલ ખુદ ટીંટોઈ પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર બીમાર હાલતમાં હોય તેવું લોકો અહેસાસ અનુભવી રહ્યા છે

અરવલ્લી જિલ્લા સહીત મોડાસા તાલુકામાં આવેલ પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર, સરકારી દવાખાના અને અર્બન સેન્ટર તબીબોના ચાર્જથી અને તબીબો વગર ખાલી રહેતા આરોગ્ય કર્મચારીનો હવાલે હોવાથી બીમાર દર્દીઓને ભારે હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે. ગરીબ દર્દીઓ ધરમધક્કા ખાઈ રહ્યા છે ટીંટોઈ ગામના જાગૃત નાગરિકો દ્વારા ટીંટોઈ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રમાં જયાં સુધી રજા પર રહેલા મહિલા તબીબ હાજર ન થાય ત્યાં સુધી તબીબોના ચાર્જના બદલે કાયમી તબીબ મૂકવાની ઉગ્ર માગ કરી રાજ્ય આરોગ્ય વિભાગના પ્રધાનને લેખિત જાણ કરવામાં આવશેની ચીમકી ઉચ્ચારી હતી.

# પાંચોટ ગામે હરાજીથી મળેલા ૧૧૪ પ્લોટનો કબજો ૪૭ વર્ષથી અધ્ધરતાલ

મહેસાણા

મહેસાણા નજીકના પાંચોટ ગામે આજથી ૪૭ વર્ષ અગાઉ ગામતળ નીમ કર્યા બાદ ૧૧૪ પ્લોટની હરાજી કરવામાં આવી હતી. આ પછી અત્યાર સુધી તેમાં બાંધકામ નહિં કરી ૧૧૪ પ્લોટ ધારકો હવે સનદ મેળવવા મથામણમાં લાગ્યા છે. આ તરફ જિલ્લા પંચાયતમાં સમગ્ર મામલો આવતાં શરતભંગ ગણવો કે કેમ તે પ્રશ્ન ઉભો થયો છે, જે તે બાબતની જમીનના ભાવ હાલ લાખો- કરોડોએ પહોંચી જતાં મામલો ગરમાયો છે.

જાણવા મુજબ મહેસાણા હાઈવે પર આવેલ પાંચોટ ગામના સર્વે નં. ૫૦૬ ની જમીનની ૪૭ વર્ષ અગાઉ ગામતળ તરીકે નીમ કરવામાં આવી હતી. જેમાં ૧૧૪ વ્યક્તિઓને હરાજીથી પ્લોટ ફાળવવાની તજવીજ હાથ ધરાઈ હતી. જો કે પ્લોટ ફાળવણી દરમ્યાન કોઈને સનદ અપાઈ ન હતી. જેનાથી અત્યાર સુધી ખુલ્લા પ્લોટમાં કોઈ બાંધકામ થઈ શક્યું નથી. હાલ પ્લોટની કિંમત લાખો- કરોડો સુધી પહોંચી ગઈ હોવાથી પ્લોટ ધારકો સનદ મેળવવા દોડધામ કરી રહ્યા છે. તાલુકા પંચાયતે જિલ્લા જમીન કચેરીને સૌપ્રથમ જમીન માપણી કરવા જણાવતા પ્લોટ ધારકો જરૂરી આધાર પુરાવાઓ ભેગા કરવા મથી રહ્યા છે.

આ તરફ મહેસાણા જિલ્લા પંચાયતે ૪૭ વર્ષ વીતી ગયા હોવાથી શરતભંગ કરવો કે કેમ તેને લઈ ચર્ચા શરૂ કરી છે.

અત્રે ઉલ્લેખનીય છે કે ૧૧૪ પૈકી અત્યાર સુધી ૨૪ થી વધુ પ્લોટધારકોના મૃત્યુ થયા છે. જેથી તેના વારસદારો જમીન મેળવવા તલપાપડ બન્યા છે.

# યુનિ.કર્મચારી ભરતી પરીક્ષામાં ગેરરીતિ અંગે વધુ તપાસ કરાશે

પાટણ

યુનિવર્સિટીની કારોબારીની બેઠક ગત શુક્રવારે યુનિવર્સિટીના વહીવટી ભવન ખાતે કુલપતિ ડૉ.બી.એ. પ્રજાપતિના અધ્યક્ષ સ્થાને મળી હતી. જેમાં તાજેતરમાં લેવાયેલા ભરતી પરીક્ષામાં થયેલ ગેરરીતિના પગલે પરીક્ષા રદ કરવાના નિર્ણયનો સૈધ્ધાંતિક સ્વીકાર કરવામાં આવ્યો હતો. જો કે તેમાં કેટલીક વધારાની તપાસ કરવા હાલમાં યોજાયેલી બેઠકમાં સુચવવામાં આવ્યું હતું. આ ઉપરાંત કોલેજ જોડાણો અને યુનિવર્સિટીમાં ચાલતા બાંધકામો અંગેના મુદ્દાની ચર્ચા કરવામાં આવી હતી.

યુનિવર્સિટીઓમાં જુનિયર ક્લાર્ક, ટાઈપિસ્ટ સહિત ૩૩ જેટલી જગ્યાઓ માટે યુનિ.દ્વારા ભરતી પરીક્ષામાં ગેરરીતિઓ સામે આવતા ઈ.સી. મેમ્બર હિતેશ ચૌધરી અને શૈલેષ પટેલ સહિત અન્ય ઈ.સી. મેમ્બરની તપાસ કમિટી બનાવાઈ હતી. જેમાં તપાસ બાદ પરીક્ષા રદ કરવા કમિટીએ અહેવાલ રજુ કરી પરીક્ષા રદ કરવા અભિપ્રાય આપતાં કારોબારીમાં ચર્ચા બાદ પરીક્ષા રદ કરવાનો નિર્ણય લેવાયો હતો. ગેરરીતિ આચરનાર કસુરવાર પરીક્ષાર્થીને તેમને સજારૂપે પરીક્ષામાં બેસવા ના દેવામાં આવે તેવો નિર્ણય કર્યો હતો.

# ડીસાના સમૌ મોટા ગામે દીવાલ ધરાશાયી થતાં યુવકનું મોત


(ભરત સુંદેશા)

ડીસા

ડીસા તાલુકાના સમૌ મોટા ગામે માટીની દીવાલ ધરાશાહી થતા યુવક દટાતા ગભીર હદે ઘવાયો હતો. બાદમાં તેમને ૧૦૮ દ્વારા ડીસા સિવિલમાં ખસેડાયો હતો જ્યા ફરજ પરના તબીબે તેને મૃત જાહેર કર્યો હતો.

મળતી માહિતી અનુસાર ડીસા તાલુકાના સમૌ મોટા ગામે કનુભાઈ કાળુભાઈ રાજગોર ખેતી કરી ગુજરાન ચલાવે છે. તેમનું મકાન જૂનું થઈ ગયું હોવાથી તેમના ઘરની બાજુમાં તેઓએ નવું મકાન બનાવાનું કામકાજ ચાલુ હતું.દરમ્યાન ગત સોમવારે તેમના જુના માટી વાળા ઘરની દીવાલો તોડવાનું કામકાજ ચાલુ હતું અચાનક તે ઘરની દિવાલ ધરાશાઈ થઈ હોવા નો અવાજ આવતા આજુબાજુમાંથી લોકો દોડી આવ્યા હતા. દિવાલ ધરાશાયી થતાં નારણભાઈ કાળુભાઈ રાજગોર ને ગંભીર ઈજાઓ પહોંચી હતી. જેથી તત્કાલ ૧૦૮ને જાણ કરવામાં આવી હતી ગંભીર ઈજાગ્રસ્ત નારાયણભાઈને ડીસા સિવિલમાં ખસેડવામાં આવ્યા હતા પરંતુ ફરજ પરના તબીબે તેઓને મૃત જાહેર કર્યા હતા. ઘરના જુવાનજોધ સભ્ય ગુમાવતા પરિવાર ના પગ નીચેથી જમીન સરકી જાય તેવી સ્થિતિ વર્તાઈ હતી આ બાબતે મૃતકના ભાઈ કનુભાઈ રાજગોરે ડીસા તાલુકા પોલીસને બનાવ અંગે જાણ કરી હતી.

# બનાસકાંઠામાં પુર સહાયથી વંચિતોએ કલેક્ટરને આવેદનપત્ર પાઠવ્યું


સંજય જોશી

**વર્ષ ૨૦૧૫-૧૭માં આવેલા પુરની પુરતી સહાય મળી ન હોવાનો પિડીતોનો આક્ષેપ**

પાલનપુર

બનાસકાંઠા જિલ્લામાં વર્ષ ૨૦૧૫-૧૭માં ભારે વરસાદથી પુરની સ્થિતિ સર્જાઇ હતી. જેમાં જિલ્લાના પૂર્વ વિસ્તારમાં પણ ભારે નુકશાન થયું હતુ. જોકે, આ રહીશોને કોઇ સહાય આપવામાં આવી નથી. જેમના દ્વારા પુર વળતર અધિકાર લડત સમિતિ બનાવવામાં આવી છે. જેમણે મંગળવારે પાલનપુર ખાતે જિલ્લા કલેકટરને રજૂઆત કરી હતી.

બનાસકાંઠા જિલ્લામાં વર્ષ ૨૦૧૫-૧૭માં ભારે વરસાદથી ખાના- ખરાબી સર્જાવા પામી હતી. ખેડૂતોની જમીન, પશુઓ અને પાક તણાઇ ગયો હતો. જેની અસર જિલ્લાના પૂર્વ વિસ્તાર પાલનપુર, દાંતા, વડગામ, અમીરગઢમાં પણ થવા પામી હતી. જોકે, સરકાર દ્વારા આ અસરગ્રસ્તોને કોઇ

અનુસંધાન પાના નં.૬

# થરાદમાં પિયરમાંથી પાંચ લાખ નહીં લાવતા પરણિતાને જીવતી સળગાવવાની ધમકી

**પોલીસે પતિ, સાસુ, મોટી સાસુ તથા જેઠ સામે ગુનો દાખલ કર્યો**

(પ્રતિ.) થરાદ

થરાદ શહેરના ગણપતિ મંદિરની પાસે રહેતી અશ્વિનીબેન ચૌહાણ ના લગ્ન પાંચ વરસ પહેલા વાવ શહેરમાં રહેતા આનંદકુમાર કરશન ભાઈ ચૌહાણ સાથે સમાજના રીતરિવાજ મુજબ થયા હતા. શરૂઆતના છ મહિના સારી રીતે રાખ્યા બાદ અવાર-નવાર તેના પતિએ તેણીને તું મને ગમતી નથી અને બીજી બૈરી લાવવી છે તેમ કહી ઘર ચલાવવા સારું પિયર મોકલતો હતો જ્યાં તેણી ના માતા-પિતા જરૂરિયાત પૂરી કરતાં હતા. અશ્વિની તેના સાસુ લીલાબેન કરશનભાઈ તથા મોટી સાસુ તારાબેન મફતલાલ ચૌહાણ તથા જેઠ ભુપેન્દ્ર કૂમાર કરસનભાઈ તથા હિતેશભાઈ મફતલાલ બધા સંયુક્ત કુટુંબમાં રહેતા હોઈ તેના પતિને ચઢામણી કરી આને કાઢી મુકો અમે તેને નવી પત્ની લાવી દઈશું તેમ કહેતાં ત્રણેક વર્ષ પહેલા પતિએ તેણી ને બાપા પાસેથી પહોંચ લાખ રૂપિયા ધંધો કરવા માટે લઈ આવ તેમ કહીને ઘેરથી કાઢી મૂકી હતી. આથી તેણીની જેઠાણી અંજુબેન ભુપેન્દ્રભાઈ ચૌહાણ તેના પિતાના ઘેર મૂકી ગયા હતા. આ વખતે જો પૈસા લીધા વગર આવીશ તો જીવતી સળગાવી મારી નાખવાની ધમકી પણ આપવામાં આવી હતી જોકે સામાજિક રીતે પ્રશ્ન ઉકેલવાનો પ્રયાસ બાદ સમાધાન નહીં નીકળતા આ અંગે અશ્વિનીબેને થરાદ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી હતી પોલીસે તેણીના પતિ તથા સાસુ જેઠ અને મોટી સાસુ સહિતની સામે ગુનો દાખલ કરી વધુ કાર્યવાહી હાથ ધરી હતી.

**દિયોદરના ધારાસભ્યની રજુઆતનો પડઘો**

# નવો માસ્ટર પ્લાન ન બને ત્યાં સુધી ખેડૂતોના વિજ જોડાણો ન કાપવા તેમજ દંડ ન ફટકારવા વિજ મંત્રીની કડક તાકીદ

તાલુકા પ્રતિનિધિ દીઓદર

બનાસકાંઠા જીલ્લામાં ઉત્તર ગુજરાત વિજ કંપની દ્વારા ખેડુતોને આડેધડ બીલો ફટકારાય છે તેમજ દંડ આકારવામાં આવ્યા છે અને તે ખેડુતો ન ભરે તો વીજ કનેકશનો કાપી નાખવાની ધમકીઓ અપાય છે. તાજેતરમાં જ બનાસકાંઠા જીલ્લાની સંકલનની બેઠકમાં ઉગ્ર રજુઆતો કરવામાં આવેલ અને સરકારનું ધ્યાન ખેડુતોની થઈ રહેલ દયનીય હાલત તરફ દોરવામાં આવેલ.

જે અનુસંધાને આજરોજ ગાંધીનગર ખાતે દીઓદરના



ધારાસભ્ય શીવાભાઈ ભુરીયાએ રાજ્યના ઉર્જામંત્રી સૌરભભાઈ પટેલની સૌજન્ય મુલાકાત લઈ મંત્રી સમક્ષ ખેડુતોની દયનીય સ્થિતિનો ચિતાર રજું કરેલ. ત્યારે મંત્રીએ જણાવેલ કે ખેડુતોની આ હાલત બાબતે સરકાર સતત ચિંતિત અને સતર્ક છે. આ બાબતે યોગ્ય માસ્ટર પ્લાન તૈયાર થઈ રહ્યો છે. જોકે ત્યાં સુધી કોઈપણ જાતની કાર્યવાહી ન કરવા તાકીદ કરવામાં આવી છે. જેથી હવેથી ખેડુતોને હાલના તબક્કે હેરાન પરેશાન થવું નહીં પડે.

આ બાબતે ધારાસભ્ય શીવાભાઈ ભુરીયાએ જણાવેલ કે મંત્રી સમક્ષ રજુઆતો કરતાં તેમણે ખેડુતો તરફ હકારાત્મક વલણ અપનાવી ખેડુતોને હાલ વીજ કનેકશનો કાપી નાખવા આકરા દંડ ફટકારવા જેવી બાબતો ઉપર બ્રેક આવતાં ખેડુતો માટે રાહતરૂપ રહેશે.

# ધાનેરામાં ટ્રેક્ટરની ટક્કરથી બાળકનું મોત

તા.પ્રતિનિધિ ધાનેરા

ધાનેરા તાલુકાના નેનાવા ગામના માસુમ વિદ્યાર્થીનું આજે ધાનેરા ખાતે ટ્રેક્ટરની ટક્કરથી મોત નિપજતા અરેરાટી મચી ગઇ છે.આ ઘટનાની વિગતો કઈક એવી છે કે,

ધાનેરા તાલુકાના નેનાવા ગામનો સુરેશ નામનો એક માસુમ વિદ્યાર્થી આજે સવારે પોતાના કાકા સાથે ધાનેરા ખાતે આવ્યો હતો. કાકાને અભ્યાસ માટે અરજી કરવાની હોઇ કાકા સાથે આ બાળક ધાનેરા આવ્યો હતો .જો કે અરજીની પ્રક્રિયા પુરી કરી બંને કાકા ભત્રીજો સ્કૂલની બહાર નીકળ્યા બાદ કાળ બનીને આવેલા ટ્રેક્ટરના ચાલકે આ બાળકને અડફેટમાં લેતા તેનું ઘટના સ્થળે જ મોત નીપજ્યું હતું.

આ ઘટનાની જાણ થતાં મૃતકના પરિવારજનો તુરંત ધાનેરા આવી પહોંચ્યા હતા અને આ બાળકના મૃતદેહને ધાનેરા ખાતેની સરકારી હોસ્પિટલમાં પોસ્ટ મોર્ટમ માટે ખસેડાયો હતો. જોકે આ બાળકનું મોત નિપજાવનાર ટ્રેક્ટર ચાલક અને પીડિત પરિવાર એકજ સમાજના હોઈ આ અકસ્માત સંદર્ભે પોલીસ દફતરે મોડે સુધી કોઈ ફરિયાદ નોંધાઈ નથી.

# દીઓદરમાં પાણી નિકાલના દબાણો હટાવાયા


(અશોક શેઠ)

તાલુકા પ્રતિનિધિ દીઓદર

ગત ચોમાસામાં દીઓદર જુના બસ સ્ટેન્ડ વિસ્તાર સહિત ઘણા વિસ્તારોમાં પાણી ભરાઈ જવા પામેલ. રૈયા ગામ તરફથી જી.આઈ.ડી.સી. થઈ આવતું વરસાદી પાણી નવીન કોર્ટ, નવીન બસ સ્ટેન્ડ વિસ્તારમાં થઈ બાણમાતાના મંદિર પાસેથી જુના બસ સ્ટેન્ડ વિસ્તારમાં થઈ બોડા - લુદરા તરફ જતું હોય છે. આ વરસાદી પાણીનો કાયમી નિકાલ હોઈ જ્યારે વધારે વરસાદનું પાણી આવે ત્યારે જુના બસ સ્ટેન્ડ વિસ્તારમાં પાણી ભરાવવાનો પ્રશ્ન રહેતો.

જો કે ગત વર્ષ અગાઉ દીઓદર ગ્રામ પંચાયત દ્વારા બાણમાતાના મંદિર પાસે બનાવવામાં આવેલ પીલ્લરના કારણે કાચી કેનાલમાં થઈ જતું પાણી ત્યાં રોકાઈ જવા પામતું

અનુસંધાન પાના નં.૬

# રબારી વસાહત મહુડી પ્રાથમિક શાળાને તાળાબંધી

**આચાર્ય સતત ગેરહાજર રહેતા હોવાના વાલીઓના આક્ષેપ**

(પ્રતિ.) દાંતીવાડા

દાંતીવાડા તાલુકાના રબારી મહુડી પ્રાથમિક શાળામાં અવારનવાર ગેરહાજર રહેતા આચાર્ય વેકેશન બાદ પણ શાળામાં ન આવતા રોષે ભરાયેલા વાલીઓએ હોબાળો મચાવી શાળાને તાળાબંધી કરી હતી.

રબારી વસાહત મહુડી પ્રાથમિક શાળામાં ફરજ બજાવતા આચાર્ય વેકેશન અગાઉ પણ અવાર - નવાર ગેરહાજર રહેતા હતા તેમજ શાળામાં રજુઆત કરવા જતા વાલીઓ સામે ઉધ્ધતાઈ ભર્યુ વર્તન કરી ખોટા કેસમાં ફસાઈ દેવાની ધમકીઓ આપતા હોઈ


ઈશ્વર રબારી

આ બાબતે વાલી હેમરાજભાઈ રબારીએ જણાવ્યું હતું કે આચાર્ય કોઈપણ જાતની પૂર્વ મંજુર લીધા વગર સતત ગેરહાજર રહે છે અને તેથી બાળકોનું ભણતર બગડે છે. જેથી અમોએ શાળાને તાળાબંધી કરી છે.

અગાઉ પણ તેઓ ગેરકાયદેસર ગેર હાજર રહેતા પગાર કપાત થયેલ છે. જે બાબતે વાલીઓમાં ભારે રોષ ભભુકી ઉઠતા તે સમયે જવાબદાર શિક્ષણ વિભાગમાં લેખીત રજુઆત કરી હતી. તેમ છતાં આ શિક્ષક વિરૂધ્ધ કોઈપણ પ્રકારના પગલા ન ભરાતા વાલીઓનો તંત્ર વિરૂધ્ધ રોષ ઉઠવા પામ્યો હતો.

જોકે વેકેશન બાદ શાળા ખુલતાની સાથે આચાર્ય

અનુસંધાન પાના નં.૬

# દીઓદર ગ્રામ પંચાયત દ્વારા સફાઈ ઝુંબેશ હાથ ધરાઈ


(અશોક શેઠ)

તાલુકા પ્રતિનિધિ દીઓદર

તાલુકા મથક દીઓદર ખાતે સ્વચ્છતા જળવાઈ રહે અને લોકોનું આરોગ્ય સુખાકારી પૂર્વક રહે તે માટે ગામમાં ગામમાં ઠલવાતા કચરાનો યોગ્ય નિકાલ થઈ શકે તે માટે દીઓદર ગ્રામ પંચાયત દ્વારા ઝુંબેશ હાથ ધરવામાં આવેલ છે. દીઓદર ખાતે દીઓદર મામલતદાર પી.એસ.પંચાલ તથા તાલુકા વિકાસ અધિકારીશ્રી એસ.આર.ઓઝાની હાજરીમાં દીઓદર સરપંચ ગીરીરાજસિંહજી વાઘેલાએ તેમની ટીમ સાથે સફાઈ ઝુંબેશ શરૂ કરેલ. તેમણે જણાવેલ કે અમારૂં પ્રાધાન્ય સ્વચ્છ દીઓદર બનાવવાનું રહેશે. આ માટે પ્રજાજનોનો સહકાર પણ જરૂરી છે.આ પ્રસંગે દીઓદર ગ્રા.પં.માં સેવા આપતા સફાઈ કામદારોનું ઉપસ્થિત અધિકારીગણ તથા મહાનુભાવોના હસ્તે શાલ ઓઢાડી બહુમાન કરવામાં આવેલ.

## ટ્રેનમાંથી પટકાયેલા અજાણ્યા યુવકનું સારવાર દરમ્યાન મોત

ડીસા

ડીસા ભોપાનગર ફાટક પાસે એક સપ્તાહ અગાઉ એક અજાણ્યો યુવક ટ્રેનમાંથી નીચે પટકાયો હતો. જેને અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડવામાં આવ્યો હતો. જ્યાં સારવાર દરમિયાન તેનું મોત નિપજ્યું હતુ. યુવકે અંદાજીત પચ્ચિસ વર્ષિય આ યુવકે ચોકડીવાળુ શર્ટ અને જીન્સનું પેન્ટ પહેર્યુ છે. જેના વાલીવારસોએ પાલનપુર રેલવે સ્ટેશનનો સંપર્ક કરવા જણાવાયું છે.

# ધાનેરામાં લીલા લાકડા ભરેલ 3 ટ્રેક્ટર ઝડપાયા

(તા.પ્રતિ.) ધાનેરા

ધાનેરાના મામલતદારે લાકડા ભરેલા એક સાથે ત્રણ ટ્રેક્ટર જપ્ત કરતા વનરાજીના દુશ્મનો ફફડી ઉઠ્યા છે. ધાનેરાના મામલદારે ગઈ રાત્રે અલગ અલગ વિસ્તારમાંથી લીલા લાકડા ભરેલા ત્રણ ટ્રેક્ટર જપ્ત કરી દંડ ફટકાર્યો હતો. બનાસકાંઠા જિલ્લામાં ખુલ્લેઆમ વૃક્ષ છેદન થતું હોઈ પર્યાવરણીય સમતુલા જોખમાઈ રહી છે.ત્યારે ધાનેરાના મામલતદાર ભગવાનભાઈ ખરાડીએ ગઈ રાત્રે મામલતદાર કચેરીના કર્મચારીઓની અલગ અલગ ટીમો બનાવી ધાનેરાના જાહેર માર્ગો પર વોચ ગોઠવી હતી. જેના પરિણામે ત્રણ અલગ અલગ જગ્યા પરથી લીલા લાકડાની તસ્કરી કરતા ત્રણ ટ્રેક્ટર આબાદ રીતે ઝડપાઈ ગયા હતા. ધાનેરા મામલતદારે આ ત્રણેય ટ્રેક્ટર જપ્ત કરી દંડ વસૂલવાની કાર્યવાહી હાથ ધરી હતી. જો આ રીતે જિલ્લાનું વહીવટી તંત્ર પણ કોઈ લાભ લાલચ વગર જો કામ કરે તો ઉપયોગી વૃક્ષોને કપાતા બચાવી શકાશે.

# ડીસા પંથકમાં બાજરીના સુકા ઘાસના ભાવમાં ઉછાળો


નરસિંહ દેસાઈ

**ગત વર્ષ કરતા ચારથી પાંચ રૂપિયાનો ભાવ વધારો : વાવેતરમાં કાપ મુકાતા બાજરીનો ઘાસચારો મોંઘો થયો**

પ્રતિનિધિ વડાવળ

બનાસકાંઠા જિલ્લામાં પશુપાલનનો વ્યવસાય વિકસ્યો છે. જેના કારણે આજે સમગ્ર ગુજરાતમાં દુધનું વધુ ઉત્પાદન જિલ્લામાં થઈ રહ્યું છે. ખેતીની સાથે ગ્રામ્ય વિસ્તારોમાં પશુપાલનનું મહત્વ વધી રહ્યું છે. પશુઓના નિભાવ માટે ઘાસચારાની અત્યંત જરૂર પડતી હોય છે. એક સમયે ડીસા તાલુકાના ખેડુતો ઉનાળુ સિઝનમાં બાજરી સિવાય અન્ય કોઈ પાક વાવતા ન હતા. જેના કારણે બાજરીનું સૂકું ઘાસ (પૂળા) બહોળા પ્રમાણમાં મળી રહેતુ હતુ પણ આજે સમય બદલાયો છે. ખેડુતો ઉનાળુ સિઝનમાં બાજરીના વાવેતર પર કાપ મુકી અન્ય વાવેતર તરફ વળ્યા છે. જેથી બાજરીનું વાવેતર દર વર્ષે ઓછું થઈ રહ્યું છે. જેથી સુકા ઘાસની તીવ્ર તંગી રહેતી હોય છે. બાર મહિના સુધી બાજરીનું સુકુ ઘાસ પશુઓ માટે રાખવામાં આવે છે. પણ દર વર્ષે બાજરીનું વાવેતર ઘટતુ જાય છે. જેથી સુકો ઘાસચારો પુરતા પ્રમાણમાં નહી મળતા ભાવમાં પણ ઉછાળો આવ્યો છે. ઉનાળુ સિઝનમાં બાજરીના લેવા ટાંકણે ૮ થી ૧૦ રૂપિયામાં સુકાઘાસનો પૂળો મળતો હતો. જે આજે બાજરીના વાવેતરમાં મુકેલા કાપના કારણે ભાવ વધીને ૧૨ થી૧૬ રૂપિયા થઈ ગયો છે. ડીસા પંથકમાં ચાલુ સિઝનમાં બાજરીના વાવેતર પર કાપ મુકાયો હતો. બાજરીના બદલે ખેડુતોએ શક્કરટેટી- તડબુચ સહિત મગફળીનું વાવેતર કરતાં બાજરીના સુકાઘાસની માંગ જોવા મળી રહી છે. ગત વર્ષે પણ અતિવૃષ્ટિના પગલે સુકુ ઘાસ નષ્ટ થઈ જવા પામ્યુ હતું. જેથી પશુપાલકોને ખુબ જ મુશ્કેલીઓ પડી હતી. પણ આ વર્ષે ખેડુત વર્ગ દ્વારા અગાઉથી જ સુકો ઘાસને યોગ્ય સ્થાન પર ગોઠવણી કરી રાખી રહ્યા છે.

# ધાનેરા પાલિકાને રેલ્વે પુલ ફળ્યો

**ઝાડોની હરાજી પેટે રૂા.૧,૨૫,૦૦૦ ની માતબર આવક**

તા.પ્રતિ. ધાનેરા

ધાનેરા ખાતે માથાના દુખાવા સમાન રેલ્વે બ્રીજને ફોરલાઈન કરવા મંત્રી મનસુખ માંડવિયાના હસ્તે ઉદ્દઘાટન થયેલ. જેની કામગીરી આગળ વધતાં આ પૂલ બનાવવા વચ્ચે આવતા ૩૨ વક્ષો તથા અન્ય નાના મોટા ૨૭ મળી કુલ ૫૯ ઝાડોની હરાજી કરવામાં આવી હતી.

જે હરાજીની કિંમત રૂા.૧,૨૫,૦૦૦ ની નગર પાલિકાને આવક થઈ હતી. આ હરાજી વખતે નેશનલ હાઈવેના અધિકારીઓ નગરપાલિકા પ્રમુખ બળવંતસિંહ બારોટ વિગેરે હાજર રહ્યા હતા.

## વડગામના બસુમાં તળાવ ઉંડું કરવા દાતા દ્વારા ચાર લાખની સખાવત

પ્રતિનિધિ છાપી

વડગામ તાલુકાના બસુ ગામે સરકારના જળસંચય અભિયાન અંતર્ગત ગામના પાદરે આવેલા વર્ષોથી ગંદકીથી ખદબદતા તળાવની સફાઈ કરી ગામના તળાવ માં વરસાદી પાણીનો સંગ્રહ થાય હેતુથી ગામના વતની અને હાલમાં મુંબઈ ખાતે સ્થાયી થયેલા અબ્બાસભાઈ જીવાભાઈ ફતાવત અને રસુલભાઈ ઈબ્રાહિમભાઈ દુબલિયા દ્વારા રૂપિયા ચાર લાખ કરતાં વધુ નું અનુદાન આપી તળાવને ઉંડુ કરી રમણીય બનાવી ગામની શોભા વધારવા ભગીરથ કાર્ય કરતા ગામના વિકાસમાં મહત્વપૂર્ણ ભૂમિકા અદા કરી હતી જેથી આ દાતાઓને ગામના સરપંચ મોફિક ભાઈ ચૌધરી તેમજ તલાટી - કમ-મંત્રી બી.ડી. ચૌધરી સહિત પંચાયતના સભ્યો દ્વારા બિરદાવવામાં આવી હતી.

**જોઈએ છે**

હિંમતનગર, ખેડબ્રહ્મા, ઈડર, મોડાસા અને વડાલી સહિતના વિસ્તારમાં રખેવાળની કોપીઓનું વિતરણ કરી શકે તેમજ માર્કેટીંગ કરી શકે તેવા ઉત્સાહી માણસની જરૂર છે.

સંપર્ક કરો

મો.૯૪૦૮૮૯૫૫૧૫

# ડીસા સહિત જિલ્લામાં ફરી ધુળની ડમરીઓનું સામ્રાજ્ય

**ઉનાળાના ઉતરાર્ધે હવામાન પલટાયુ**

પ્રતિનિધિ વડાવળ

ડીસા સહિત બનાસકાંઠા જિલ્લામાં ચોમાસુ ઋતુના પડઘમ લાગી રહ્યા હતા. તેવા સમયે હવામાનમાં પલટો આવતાં જીલ્લાભરમાં ધુળની ડમરીઓ ઉડવા પામી હતી. ઉનાળાના ઉતરાર્ધે આકસ્મિક હવામાન બદલાતા જોરદાર પવન ફુંકાવા લાગ્યો છે. હવામાન વિભાગે ચોમાસુ ઋતુના વહેલા આગમનના સંકેત આપ્યા હતા. પણ હવામાનમાં થયેલા ફેરફારના પગલે ચોમાસુ પાછુ ઠેલાયુ હોવાનું જોવા મળી મળી રહ્યુ છે બે દિવસ અગાઉ જિલ્લાના પુર્વ ભાગ અંબાજી સહિત અનેક સ્થળો પર વરસાદનું આગમન થયુ હતું. ત્યારે મંગળવારના દિવસે સમગ્ર જીલ્લામાં ધુળની ડમરીઓ ઉડી હતી. જેના કારણે જીલ્લાભરમાં ધુધળુ વાતાવરણ જોવા મળ્યું હતું. રાષ્ટ્રીય હવામાન વિભાગની માહિતી પ્રમાણે ગુજરાતમાં વાતાવરણના મધ્ય લેવલમાં


નરસિંહ દેસાઈ

એન્ટી સાયકલોન સર્જાતા ચોમાસુ ઋતુમાં અવરોધ પેદા થયો છે બેચાર દિવસ અગાઉ સર્જાયેલ પ્રિ-મોન્સુન એક્ટ-ીવીટીમાં વિક્ષેપ પડતા સમગ્ર ગુજરાતમાં ચોમાસુ ઋતુ લંબાઈ જવાની શક્યતાઓ

અનુસંધાન પાના નં.૬

**ઓપન ઈન્ટરવ્યુ**

શ્રી કાંકરેજ તાલુકા ક્ષત્રિય ઠાકોર સમાજ કેળવણી મંડળ થરા સંચાલિત શ્રી સદારામ વિદ્યા મંદિર - થરા (ઉચ્ચ પ્રા. વિભાગ) તથા શ્રી સ્વસ્તિક વિદ્યાલય થરા (મા. અને ઉચ્ચ. મા. વિભાગ) માટે નીચે મુજબના શિક્ષકો જોઈએ છે.

| ક્રમ | વિષય | લાયકાત | જગ્યા |
|---|---|---|---|
| (ઉચ્ચ પ્રા. વિભાગ) | | | |
| ૦૧ | ગુજરાતી/હિન્દી | PTC, B.A.,B.Ed | ૦૧ |
| (મા. અને ઉચ્ચ. મા. વિભાગ) | | | |
| ૦૨ | ગણિત/વિજ્ઞાન | B.Sc, M.Sc, B.Ed | ૦૧ |
| ૦૩ | અંગ્રેજી | B.A, M.A, B.Ed | ૦૧ |
| ૦૪ | સામાજીક વિજ્ઞાન | B.A, M.A, B.Ed | ૦૧ |
| ૦૫ | વ્યાયામ શિક્ષક | B.A, M.A, /B.P.Ed/D.P.Ed | ૦૧ |

ઉપરોક્ત લાયકાત ધરાવતા ઉમેદવારોએ નીચે જણાવેલ સમય અને સ્થળે સ્વખર્ચે અરજી અનુભવ અને લાયકાતના અસલ પ્રમાણપત્રો સાથે હાજર રહેવું.

તા.૧૭/૦૬/૨૦૧૮ રવિવાર, સવારે ૧૦.૦૦ થી ૧૧.૦૦ કલાકે

સ્થળ : ઠાકોર બોડીંગ વિદ્યા સંકુલ, અમીધારા શોપિંગ સેન્ટર પાછળ, થરા, તા.કાંકરેજ, જી.બ.કાં.

સંપર્ક : મો.૯૪૨૭૦૪૪૫૪૨, ૯૭૨૫૯૭૩૫૧૯

નોંધ : શિક્ષિકા બહેનોને અગ્રિમતા આપવામાં આવશે.